રંગબાઈ માતાજીના મંદિરે ચાલતી ભાગવત સપ્તાહમાં ‘જેઠાલાલે’ કથાનુ કર્યુ રસપાન
(વધુ અહેવાલ પાના નં. ૮)

Dhanraj Group

દેશ-પરદેશની
# આજકાલ

પોરબંદર, રાજકોટ, જામનગર, ભાવનગર, અને અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક

આવૃત્તિ
પાના-૮

બુધવાર-પોરબંદર
Dt. 13.11.2024




▶ અંક : ૧૮૮ ▶ વર્ષ-૨૧ ▶ કારતક સુદ - ૧૨ ▶ સં. : ૨૦૮૧ ▶ કિંમત રૂા. ૩.૦૦ ▶ ફોન : ૦૨૮૬-૨૨૫૧૬૬૬ ▶ ફેક્સ : ૦૨૮૬-૨૨૫૨૬૬૬ ▶ RNI No. GUJ/GUJ/2004/12986 ▶ Reg. No. GRJ/374 www.aajkaaldaily.com aajkaalpor@gmail.com

# હવે ઠંડી ધ્રૂજાવશે, કાશ્મીર-હિમાચલમાં હિમવર્ષા

## બરફવર્ષાના કારણે અનેક રસ્તાઓ બંધ, પ્રવાસીઓ રાતભર ફસાયાઃ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ

આજકાલ પ્રતિનિધિ
જમ્મુ

કાશ્મીર ખીણમાં ભારે હિમવર્ષાના કારણે ગુરેઝ-બાંદિપોરા હાઈવે સહિત ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા હતા, જેના કારણે ઘણા પ્રવાસીઓ કલાકો સુધી અટવાઈ પડ્યા હતા. હિમવર્ષાના કારણે હિમાચલના પાંગીનો રસ્તો બંધ કરવો પડ્યો હતો. જેના કારણે માર્ગમાં મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા હતા અને પ્રવાસીઓને વાહનોમાં જ રાત વિતાવવી પડી હતી.



જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં પહાડીઓ પર વરસાદ અને હિમવર્ષાને કારણે લોકોની મુશ્કેલીઓ વધી છે. જમ્મુ-કાશ્મીરમાં ગુરેઝ-બાંદિપોરા હાઈવે ખોલવા માટે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનની ટીમ બરફ હટાવવા માટે મશીનરી સાથે વ્યસ્ત રહી. કલાકોની જહેમત બાદ શ્રીનગર-લેહ હાઈવે પર વાહનવ્યવહાર પૂર્વવત થયો હતો. કાશ્મીરના શોપિયાં જિલ્લાને રાજૌરી અને પૂંચ સાથે જોડતા મુગલ રોડ પર માંડ વાહનોની અવરજવર શરૂ થઈ શકી છે.

રાઝદાન પાસમાં લગભગ ૪-૫ ઈંચ હિમવર્ષા થઈ છે, જેના કારણે રસ્તાની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. અહીં ૨૦ વાહનો ફસાઈ ગયા હતા. બીઆરઓની ટીમે રસ્તો પુનઃસ્થાપિત કર્યો અને તમામ મુસાફરોને વાહનોની સાથે સલામત સ્થળે ખસેડ્યા. શ્રીનગર સ્થિત હવામાન કેન્દ્રે ૧૪-૧૫ નવેમ્બરના રોજ કાશ્મીર અને જમ્મુ વિભાગના કેટલાક ભાગોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે.

### રોહતાંગ બાદ ચંબામાં અડધો ફૂટ બરફ પડ્યો

હિમાચલના રોહતાંગ સહિતના ઊંચા શિખરો બાદ ચંબા જિલ્લામાં સાચે પર અડધો ફૂટ બરફ પડ્યો હતો. જેના કારણે પાંગી રોડ બંધ કરવો પડ્યો હતો. જિલ્લા મુખ્યાલય સુધી પહોંચવા માટે લોકોએ જમ્મુ-કાશ્મીર અથવા કુલ્લુમાંથી પસાર થવું પડશે. જાહેર બાંધકામ વિભાગે બરફ હટાવવાની કામગીરી શરૂ કરી દીધી છે. લાહૌલ-સ્પીતિ અને કુલ્લુમાં પણ હિમવર્ષાથી ઊંચા શિખરો પર સફેદ ચાદર છવાઈ ગઈ છે. કુંજમ પાસ, બરાલાચા અને શિંકુલા પાસમાં પણ તાજી હિમવર્ષા થઈ છે.

### દિલ્હીમાં હવામાં પ્રદુષણ જેમનું તેમ

બદલાતા હવામાનને કારણે પહાડો પર ધુમ્મસ છવાયું છે તો બીજી તરફ દિલ્હી-એનસીઆરના વિસ્તારો પ્રદૂષણના કારણે ધુમ્મસમાં ઘેરાયેલા છે. મંગળવારે દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૩૪ હતો. ગાઝિયાબાદ અને નોઈડા સહિત એનસીઆરમાં એર ક્વોલિટી ઈન્ડેક નબળી શ્રેણીમાં છે.

# અદાણીની હાજરીમાં શરદ પવારે અમિત શાહ સાથે સરકાર રચવા ચર્ચા કરી હતી

## મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના દાવાથી ઉદ્યોગપતિના રાજકારણમાં હસ્તક્ષેપ બાબતે વિવાદ

આજકાલ પ્રતિનિધિ
મુંબઈ

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે એક મોટો દાવો કર્યો છે કે ૨૦૧૯માં જ્યારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને ભાજપ વચ્ચે સાથે ગઠબંધન અંગે વાતચીત ચાલી રહી હતી, ત્યારે ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ પણ તે બેઠકમાં હાજરી આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સિવાય શરદ પવાર પણ આ બેઠકમાં સામેલ થયા હતા. તેમના આ દાવાથી ઉદ્યોગપતિ અદાણી દ્વારા રાજકીય હસ્તક્ષેપ અંગે ચર્ચાઓ જાગી છે. અજિતે એવું પણ કહ્યું કે હું શરદ પવારને સંપૂર્ણ જાણકારી આપીને જ ભાજપ સાથે જોડાયો હતો.

અજિત પવારે ૨૦૧૯ માં ભાજપ સાથે સરકાર બનાવવાના પ્રયાસ દરમિયાન કરેલા બળવા અંગે પ્રતિક્રિયા આપતાં એક ઈન્ટરવ્યૂમાં આ વાતો કહી હતી. જેમાં કહ્યું કે દરેક વ્યક્તિ જાણે છે કે મીટિંગ ક્યાં થઈ હતી, દરેક વ્યક્તિ ત્યાં હાજર હતા. હું તમને ફરીથી કહું છું કે અમિત શાહ, ગૌતમ અદાણી, પ્રફુલ પટેલ, દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર અને પવાર સાહેબ (શરદ પવાર) પણ એ બેઠકમાં હાજર રહ્યા હતા. બેઠકમાં શરદ પવારે અમિત શાહ સાથે મળીને સરકાર રચવાની વાત કરી હતી. ત્યારે ગૌતમ અદાણી પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

### અદાણીને મહારાષ્ટ્રમાં ભાજપને સત્તામાં લાવવામાં આટલો રસ કેમ?

રાજ્યસભાના સાંસદ અને શિવસેનાના પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ અજિત પવારના અદાણી સંબંધિત દાવાઓ પર સૌથી પહેલા પ્રતિક્રિયા આપતા કહ્યું કે એક વરિષ્ઠ કેબિનેટ મંત્રીના દાવા મુજબ, ગૌતમ અદાણી એ બેઠકોનો ભાગ હતા જેમાં મહારાષ્ટ્રમાં ભાજપને સત્તામાં લાવવા માટે સંભવિત જોડાણો પર ચર્ચા કરવામાં આવી રહી હતી. આનાથી ઘણાં ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. શું તેમને સત્તાવાર વાટાઘાટકાર બનાવાયા છે? એક બિઝનેસમેન મહારાષ્ટ્રમાં ભાજપને સત્તામાં લાવવા માટે આટલો રસ કેમ બતાવે છે?

### સુપ્રિયા સુલેએ હાથ ખંખેર્યા!

જ્યારે શરદ પવારની પુત્રી અને એનસીપી સાંસદ સુપ્રિયા સુલેને આ બેઠક વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે મને આવી કોઈ બેઠકની જાણકારી નથી. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે અજિત પવારે ઈન્ટરવ્યુમાં ઉલ્લેખ કર્યો છે તે મીટિંગ વિશે મને કોઈ જાણકારી નથી.

# ટ્રમ્પના ડોજ પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે મસ્ક, ભારતીય મૂળના રામાસ્વામી

## બિનજરૂરી ખર્ચ અને ૬.૫ ટ્રિલિયન ડોલરની સરકારી નાણાની છેતરપિંડી બંધ થશે

આજકાલ પ્રતિનિધિ
વોશિંગટન

ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક અને ભારતીય મૂળના વિવેક રામાસ્વામીને ડોનાલ્ડ ટ્રમ્પ સરકારમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. બંનેને સરકારી કાર્યક્ષમતા વિભાગ (ડોજ)ના વડા બનવા માટે કહેવામાં આવ્યું છે. આ વિભાગ અમલદારશાહીને ખતમ કરવાનું કામ કરશે. આ વિભાગને આ સમયનો મેનહટન પ્રોજેક્ટ ગણાવતા ટ્રમ્પે કહ્યું કે તે ૪ જુલાઈ, ૨૦૨૬



સુધીમાં સમગ્ર સંઘીય અમલદારશાહીમાં વ્યાપક ફેરફારો લાવશે. તેમણે કહ્યું કે આ સરકારમાં જમીન પર વધુ કામ થશે અને નોકરશાહી ઓછી હશે. દેશની આઝાદીની ૨૫૦મી વર્ષગાંઠ પર

(અનુ. છઠ્ઠા પાને)

### ડોજ ક્રિપ્ટો કરન્સી શું છે?

ડોજ નામનું ડીપાર્ટમેન્ટ ડોજકોઈન એક લોકપ્રિય ક્રિપ્ટોકરન્સીના નામ પરથી મસ્કે રાખ્યું હોવાનું મનાય છે. ડોજ કરન્સી તે વર્ષ ૨૦૧૩માં બનાવવામાં આવી હતી. ડોજકોઈન વર્ષ ૨૦૧૩ માં બિલી માર્કસ અને જેક્સન પામર દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. તેમાં શિબા ઈનુ ડોજનો ફોટો છે. ડોજકોઈનના લોગોને ડોજ કહેવામાં આવે છે.

# તેલંગાણાના પેદ્દાપલ્લીમાં માલગાડીના ૧૧ ડબ્બા ખડ્યા, ટ્રેન વ્યવહાર પ્રભાવિત

## અકસ્માતને કારણે ઘણી ટ્રેનો તેના નિર્ધારિત સમયથી કલાકો પાછળ દોડવા લાગી

આજકાલ પ્રતિનિધિ
પેદ્દાપલ્લી

પેડાપલ્લી જિલ્લામાં માલગાડીના ૧૧ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા બાદ દિલ્હી-ચેન્નઈ રેલ્વે લાઈન પર ટ્રાફિકમાં ભારે વિક્ષેપ થયો છે. રેલવે કર્મચારીઓ તાબડતોબ ઘટના સ્થળે દોડી ગયા હતા અને સમારકામ શરુ કર્યું હતું.



આ અંગે મળતી માહિતી મુજબ, ગાઝિયાબાદથી કાઝીપેટ જઈ રહેલી આ માલગાડીમાં લોખંડની કોઈલ હતી. જ્યારે પેડાપલ્લી જિલ્લાના રાઘવપુર અને કનાલ વચ્ચે તે ક્રેશ થયું હતું.

આ દુર્ઘટના બાદ કલાકો સુધી ટ્રેનો અટવાઈ રહી હતી જેના કારણે દિલ્હી અને ચેન્નાઈ વચ્ચેનો ટ્રાફિક પ્રભાવિત થયો હતો.

માલસામાન ટ્રેનના ૧૧ ડબ્બા પાટા પરથી ઉતરી જવાને કારણે દિલ્હી-ચેન્નઈ મુખ્ય રેલવે લાઈન પર ટ્રેનની અવરજવર સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. માત્ર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનો જ નહીં પરંતુ એક્સપ્રેસ, પેસેન્જર ટ્રેનો અને અન્ય માલસામાન ટ્રેનો પણ પાટા પર અટવાઈ રહી હતી. આ સમયગાળા દરમિયાન મુસાફરોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને ઘણી ટ્રેનોની ગતિ ઘણી ધીમી થઈ ગઈ હતી અથવા તે અધવચ્ચે જ બંધ થઈ ગઈ હતી.

### રેલવે કર્મચારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી

દુર્ઘટના બાદ રેલ્વે પ્રશાસનને ઘટનાની જાણકારી મળી અને તુરંત જ રેલ્વે કર્મચારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ. કામદારોએ વહેલી તકે રસ્તો ખુલ્લો કરવા માટે સમારકામની કામગીરી શરૂ કરી હતી. જો કે, આ અકસ્માતને કારણે, ટ્રાફિક વિલંબને કારણે, ઘણી ટ્રેનો તેના નિર્ધારિત સમયથી કલાકો પાછળ દોડવા લાગી હતી. મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, રેલ્વે પ્રશાસને આગામી થોડા કલાકોમાં આ દુર્ઘટનાને પહોંચી વળવા માટે ઘણા પગલાં લીધા હતા. આ ઘટના રેલ્વેની સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલો ઉભા કરે છે કારણ કે માલગાડીઓના મોટા અકસ્માતોને કારણે મુસાફરો અને માલસામાન બંનેના સમય અને માલસામાનને અસર થાય છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને રેલવે પ્રશાસને આ અકસ્માતની તપાસ શરૂ કરી છે જેથી ભવિષ્યમાં આવા અકસ્માતો ટાળી શકાય અને રેલવે ટ્રાફિકને વધુ સુરક્ષિત બનાવી શકાય.

# જીવન, આરોગ્ય વીમા પર જીએસટી ખતમ થઈ શકે

## નાણાપ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં ૨૧-૨૨ ડિસેમ્બરે રાજ્યોના નાણા પ્રધાનો સાથે બેઠક યોજાશેઃ જીએસટી કાઉન્સિલ અને બજેટ પર ચર્ચા થશે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

નવા વર્ષ ૨૦૨૫માં જીવન વીમા અને સ્વાસ્થ્ય વીમા પર જીએસટીમાં ઘટાડો થઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં ૨૧-૨૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રાજસ્થાનમાં રાજ્યોના નાણા મંત્રીઓ સાથે બેઠક યોજાવા જઈ રહી છે. બે દિવસ સુધી ચાલનારી આ બેઠકમાં એક દિવસે નાણામંત્રી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ પહેલાના બજેટ અંગે રાજ્યોના નાણા મંત્રીઓ પાસેથી સૂચનો અને ભલામણો લેશે અને બીજા દિવસે ૫૫મી બેઠક યોજાશે. જીએસટી કાઉન્સિલ જેમાં જીવન વીમા સાથે સ્વાસ્થ્ય વીમા પર જીએસટી ઘટાડવા માટે નિર્ણય લેવામાં આવશે.

જીએસટી કાઉન્સિલની આગામી બેઠકમાં ટર્મ ઈન્સ્યોરન્સ પ્લાન પર ૧૮ ટકા જીએસટીની સંપૂર્ણ નાબૂદીને મંજૂરી આપવામાં આવી શકે છે. જ્યારે વરિષ્ઠ નાગરિકો અને અન્ય લોકો કે જેઓ ૫ લાખ રૂપિયા સુધીનો સ્વાસ્થ્ય વીમો ખરીદે છે, તેમના માટે જીએસટી નાબૂદ થઈ શકે છે. જીએસટી કાઉન્સિલ કેટલીક પ્રોડક્ટ્સ અને સેવાઓ પરના જીએસટી દરોને તર્કસંગત બનાવી શકે છે અને કેટલીક વસ્તુઓ પર જીએસટી દર ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરી શકે છે.

આરોગ્ય અને જીવન વીમા પર જીએસટી પર વિચારણા કરવા માટે રચાયેલ મંત્રીઓના જૂથે ટર્મ ઈન્શ્યોરન્સ પર જીએસટી નાબૂદ કરવા અને વરિષ્ઠ નાગરિકો માટે જીએસટીમાંથી આરોગ્ય વીમા મુક્તિ આપવા સંમત થયા છે. આ સિવાય ૫ લાખ રૂપિયા સુધીના સ્વાસ્થ્ય વીમા પર વ્યક્તિઓ દ્વારા ચૂકવવામાં આવતા પ્રીમિયમ પર જીએસટી નાબૂદ કરવાનો પ્રસ્તાવ પણ છે. જો કે, ૫ લાખ રૂપિયાથી વધુના સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમ પર ૧૮ ટકા જીએસટી લાગશે. સપ્ટેમ્બર ૨૦૨૪માં મળેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં મંત્રીઓના જૂથને રિપોર્ટ સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

જીએસટી દરને તર્કસંગત બનાવવા માટે રચાયેલા પ્રધાનોના જૂથે પેકેજ્ડ પીવાના પાણી, સાયકલ, એક્સરસાઈઝ નોટબુક, લક્ઝરી ઘડિયાળો અને શૂઝ પરના જીએસટી દરોમાં ફેરફાર સૂચવ્યા છે. જીએસટી દરમાં આ ફેરફારથી સરકારને ૨૨૦૦૦ કરોડ રૂપિયાનો રેવન્યુ ફાયદો થશે. જીઓએમએ ૨૦ લીટરના પેક્ડ પીવાના પાણી પરનો જીએસટી દર ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા, રૂ. ૧૦,૦૦૦થી ઓછી કિંમતની સાયકલ પર ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એક્સરસાઈઝ નોટબુક પરનો જીએસટી દર ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાનો પ્રસ્તાવ પણ છે.



# વાંચે સહુ, વિકસે સહુ



**પ્રાસંગિક**

-જાગૃતિ કારિયા

આવતીકાલથી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

સમગ્ર દેશમાં પ્રતિવર્ષ તા.૧૪ થી ૨૦ નવેમ્બર સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવવામાં આવે છે.ટી.વી. અને કમ્પ્યુટરનાં યુગમાં વાંચનનું પ્રમાણ સતત ઘટતું જાય છે.ગ્રંથાલયો સુના પડેલા જોવા મળે છે.ગ્રંથાલયનાં ઘણા પુસ્તકોના કબાટ વર્ષો સુધી ખુલતા નથી.રાષ્ટ્રીય ગ્રંથાલય અઠવાડિયું એક એ એક વાર્ષિક ઉજવણી છે,જે ગ્રંથાલયો, ગ્રંથપાલો અને ગ્રંથાલય કામદારોના જીવનમાં પરિવર્તન લાવવામાં અને આપણા જીવનને મજબુત કરવામાં અમુલ્ય ભુમિકા ભજવે છે.તેને પ્રકાશિત કરે છે.અયંકી વેંકટ રામનૈયા, સેક્રેટરી, આંધ્રપ્રદેશ ગ્રંથાલય સંઘે ૧૪ મી નવેમ્બર ૧૯૧૨ ના રોજ મદ્રાસમાં ઓલ ઈન્ડિયા લાઈબ્રેરી મીટિંગનું આયોજન કર્યુ હતું.આ મીટિંગનાં ફલ સ્વરૂપે ઈન્ડિયન લાઈબ્રેરી એસોસિયેશન (આઈ.એલ.એ.) ની રચના થઈ હતી. ત્યારપછી આઈ.એલ.એ. એ ૧૪ મી નવેમ્બરને રાષ્ટ્રીય ગ્રંથાલય દિવસ જાહેર કર્યો હતો.આ દિવસે પુર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂનો પણ જન્મ દિવસ હતો. આથી ઈ.સ.૧૯૬૮ થી ૧૪ થી ૨૦ નવેમ્બર સુધી પ્રતિવર્ષ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે.

ગ્રંથાલય સપ્તાહ વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવને પ્રોત્સાહન આપવા માટેનો ઉત્સવ છે.આ ઉત્સવને વધારે રસરંગ બનાવવા માટે આજે આપણે 'વાંચે સૌ, વિકસે સૌ'ના માધ્યમથી વાંચનની માહિતી મેળવશું.

વ્યક્તિ જેટલી સાહજિકતાથી શ્રવણ અને કથન કરે છે,તેટલી સાહજિકતાથી વાંચન કરી શકતો નથી, કારણકે વાચક માટે પ્રતીકો / સંજ્ઞાનું ધ્વનિકરણમાં રૂપાંતરણ કરી સમજવાની પ્રક્રિયા છે.વાંચન પ્રક્રિયાએ બાળકના વૃદ્ધિ-વિકાસ જેવી સાહજિક નથી, માટે તો પ્રૌઢાને પણ વાંચન શીખવવાના કાર્યક્રમો કરવા પડે છે. આમ, જોતા વાંચન એ કલા છે.જેમાં વ્યક્તિ પોતાના પ્રયત્નોથી પોતાની શક્તિઓ પ્રમાણે વિકાસ સાધી શકે છે.અન્ય વ્યક્તિ તો માત્ર પ્રેરણા જ આપી શકે છે.

વાંચન કૌશલ્યનું મહત્વ આપણા જીવનમાં ઘણું બધું છે. પ્રવર્તમાન સમયમાં જ્ઞાનનો વિસ્ફોટ થતો રહે છે, જે પુસ્તક સ્વરૂપે પણ બહાર આવે છે અને તે જ્ઞાન ભંડાર વાંચન વિના પ્રાપ્ત થઈ શકે તેમ નથી.માહિતી, સંદેશા કે વિચારોની આપ-લે સ્થળકાળથી પર રહીને થઈ શકે છે, પણ વાંચન એક એવું હથિયાર છે કે તમે ઈચ્છો ત્યારે તેનો ઉપયોગ કરી શકો છો.ટી.વી. જોવા કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે તમારે અન્ય ઘણી સાધન સામગ્રીની જરૂર પડે છે અને તેનો ઉપયોગ મોટાભાગે ચાર દિવાલ વચ્ચે જ કરી શકાય છે.જ્યારે વાંચન તો હાથવગું ઈચ્છિત સાધન છે.બસમાં બેઠા-બેઠા કે પાનનાં ગલ્લે ઊભા-ઊભા પણ એનો ઉપયોગ કરીને હેતુ પાર પાડી શકાય છે.રોજબરોજનાં વ્યવહારમાં અનુકુળતા પ્રાપ્ત કરવા કે પોતાના વ્યવસાયમાં વધુ સફળ થવા વાંચન અત્યંત આવશ્યક છે,વાંચનથી માત્ર માહિતી કે જ્ઞાન જ નથી મળતું તમે મનોરંજન પણ મેળવી શકો છો. મુસાફરી દરમિયાન કે દવાખાનાની લાઈનથી કંટાળેલ માણસ સમય પસાર કરવા મોટાભાગે વાંચનનો સહારો લે છે.આમ થતાં નવરાશની ક્ષણોનો સદ્ઉપયોગ થાય છે.દરેક વ્યક્તિની એક અદમ્ય આંતરિક ઈચ્છા હોય જ છે કે,તે સમુહનાં સભ્યોમાં અન્ય કરતાં વિશિષ્ટ દેખાય અને હકારાત્મક રીતે અલગ તરી આવે. આ માટે વ્યક્તિએ એક કરતાં વધુ પ્રયત્નો કરવા પડે છે. જેમાંનો એક પ્રયત્ન વાંચન છે.

વાંચનનું વ્યક્તિત્વ વિકાસ અને સામાજિક જીવનમાં આગવું મહત્વ છે.માટે તો રાજયમાં મુખ્યમંત્રીએ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં ''વાંચે ગુજરાત'' નું ઉમેરણ કરીને લોકોને વધુ જાગૃત કરવા અને સામાજિક બનાવવાનો નવતર રાહ ચીંધ્યો છે.'વાંચે ગુજરાત' ની વાત કરતા મુખ્યમંત્રીએ જણાવેલ કે,વાંચનરૂપી હથિયારનો ઉપયોગ બાળકોથી માંડીને વૃદ્ધો સુધી સૌ કરી શકે છે. વાંચન વિચારવા મજબુર કરે છે અને વિચારવંત વ્યક્તિ વિકાસ સાધી શકે છે.

આ સદી જ્ઞાનની સદી છે. જે માટે દરેકનાં ઘરમાં ઓછામાં ઓછાં પચાસ પુસ્તકો હોવા જ જોઈએ, અને ગામડે-ગામડે ગ્રંથાલય હોવા જોઈએ. જેમાં દરેક વ્યક્તિ, સંસ્થાનો સહયોગ આવશ્યક છે. દાન આપો તો પુસ્તક સ્વરૂપે આપો.કોઈનાં જન્મદિવસ કે લગ્નમાં પણ સારું પુસ્તક ભેટ સ્વરૂપે આપો.

પુસ્તકો ઘણાં બધા પ્રકારના હોય છે, પણ દરેક પુસ્તકમાં ખજાનો છુપાયેલો છે.જે જીવનભર તમને મદદરૂપ થાય છે.મનુષ્યનાં જીવનમાં જેમ સોનું, ચાંદી, હિરા, ઝવેરાત એ બધાનું ખુબ મહત્વ રહેલું છે,પણ પુસ્તકોમાં રહેલું જ્ઞાનએ બધા ખજાનાથી પણ વધારે કિંમતી છે.માટે જીવનને જો સાર્થક બનાવવું હોય તો પુસ્તક વાંચવું એ સૌથી મહત્વનું અને પ્રથમ પગલું છે.

રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે વધુને વધુ પુસ્તકોનો ઉપયોગ થાય તેવાં હેતુથી આપણે જિલ્લા, તાલુકા કે ગ્રામ્યકક્ષાએ ચાલો આપણે સૌ વાંચીને વિકસીએ,વાંચન વિકાસ તો જ્ઞાન વિકાસ,સારું વાંચે એ સૌને પહોંચે,ચાલો વાંચીએ, આગળ વધીએ,વાંચન પર્વ, વાંચે સર્વ,'વાંચે સૌ, વિકસે સૌ' 'વાંચીએ, વિચારીએ, વિકસીએ' સુત્રોનો પ્રચાર-પ્રસાર કરી જાહેર સ્થળોએ લખાવી પુસ્તકોનો ઉપયોગ કરવા પ્રેરિત કરવા જોઈએ.

# પોરબંદરમાં નવા ઉદ્યોગો લાવવા હશે તો અસામાજિક તત્ત્વોને ડામવા જ પડશેઃ ડો.મનસુખ માંડવીયા

## પોરબંદર જિલ્લા ભાજપ પરિવાર દ્વારા યોજાયેલા સ્નેહમિલનમાં સાંસદે કરી સ્પષ્ટ વાતઃ કાર્યકરોને પણ આ મુદ્દે સાથ-સહકાર આપવા કરી અપીલ

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરમાં જિલ્લા ભાજપ દ્વારા નૂતનવર્ષના સ્નેહમિલનનુ આયોજન તાજાવાલા લોહાણા મહાજનવાડી ખાતે કરવામાં આવ્યુ ત્યારે પોરબંદરના સાંસદ એવા કેન્દ્રીયમંત્રીએ સ્પષ્ટ રીતે જણાવી દીધુ હતુ કે પોરબંદરમાં નવા ઉદ્યોગો લાવવા હશે તો અસામાજિક તત્ત્વોને ડામવા જ પડશે.

પોરબંદરના તાજાવાલા લોહાણા મહાજનવાડીના હોલ ખાતે કેન્દ્રીય શ્રમ અને રોજગારમંત્રી ડો. મનસુભાઇ માંડવીયાની અધ્યક્ષતામાં જિલ્લા ભાજપ પરિવારના સ્નેહમિલનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ ત્યારે સાંસદ ડો. મનસુખ માંડવીયાએ તેમના ઉદ્બોધનમાં એવુ જણાવ્યુ હતુ કે આપણાં ગુજરાતના પનોતા પુત્ર તથા નવા ભારતના સ્વપ્ન દ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગુજરાત અંત્યોદય ના ઉત્થાન થકી સુશાસનના ફળ રાજ્યના કોટિ કોટિ લોકો સુધી પહોંચાડયા છે. અત્યારે આપણે સૌ કાર્યકર્તાઓએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સૂત્રને સાર્થક કરવા નૂતન









પોરબંદર જિલ્લા ભાજપ દ્વારા નૂતન વર્ષના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવતા સાંસદ ડો. મનસુખ માંડવીયા અને ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા સહિત પૂર્વ કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

વર્ષ વિક્રમ સંવંત ૨૦૮૧માં દ્રઢ સંકલ્પ લઈ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીયે. રાષ્ટ્રીય પ્રમુખ ડો. જે.પી. નડ્ડા અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના માર્ગદર્શનમાં પાર્ટીના સંગઠનને મજબુત કરવા અને સંકલ્પો લેવા માટે પોરબંદર વિધાનસભાના પ્રત્યેક બુથના કાર્યકર્તાઓનું સ્નેહમિલન યોજાઈ રહ્યુ છે ત્યારે પોરબંદરમાં નવા ઉદ્યોગો લાવવા માટે અને જિલ્લાના વિકાસ માટે અમો હર હંમેશ કટિબધ્ધ છીએ. પરંતુ નવા ઉદ્યોગો ત્યારે જ આવશે કે જ્યારે ગુંડાગીરી અને અસામાજિક તત્વો પોરબંદરની હદપાર હશે અને તેથી જ આ મુદે ભાજપ સરકાર કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા માંગતી નથી.

ગુંડાગીરીને નાથીને જ નવા ઉદ્યોગોને લાવી શકાશે ત્યારે તેમાં ભાજપના દરેક આગેવાનો અને કાર્યકરોનો સાથ સહકાર અનિવાર્ય છે તેમ પણ ડો. મનસુખ માંડવીયાએ જણાવીને આડકતરી રીતે કાર્યકરોને સાથે રહેવા જણાવી દીધુ હતુ.

પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા સહિત પૂર્વ કેબીનેટમંત્રી બાબુભાઈ બોખીરીયા, પોરબંદર જિલ્લા ભાજપના પ્રભારી પ્રદીપભાઈ ખીમાણી, જિલ્લા ભાજપના પ્રમુખ રમેશભાઈ ઓડેદરા(પટેલ), જિલ્લા પંચાયતના પ્રમુખ પરબતભાઈ પરમાર સહિત અગ્રણીઓએ તેમના ઉદ્બોધનમાં નુતન વર્ષની શુભેચ્છા આપવાની સાથોસાથ નવુ વર્ષ પોરબંદર માટે દરેક રીતે શુકનવંતુ નીવડે તેવી આશા અપેક્ષા રાખી હતી.પોરબંદર જિલ્લા ભાજપ પરિવાર દ્વારા સમગ્ર આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી. નગરપાલિકાના પ્રમુખ ડો. ચેતનાબેન તિવારી સહિત શહેર ભાજપ પ્રમુખ પંકજભાઈ મજીઠીયા, માર્કેટીંગયાર્ડના ચેરમેન લક્ષ્મણભાઈ ઓડેદરા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિન્દુ સ્મશાનભૂમિની ભઠ્ઠીના સમારકામ માટે પાંચ લાખ રૂપિયાનુ મળ્યુ અનુદાન

## માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તકની ભઠ્ઠીમાં ચાલી રહેલા રીપેરીંગમાં મદદરૂપ બનનાર દાતા પરિવારનો ટ્રસ્ટે માન્યો આભાર

આજકાલ પ્રતિનિધિ-પોરબંદર

પોરબંદરની હિન્દુ સ્મશાનભૂમિમાં આવેલી વિદ્યુતભઠ્ઠીના સમારકામમાં વિશાળ ખર્ચ થઈ રહ્યો હોવાથી દાતાઓને આગળ આવવાની અપીલ કરવામાં આવતા રૂા. પાંચ લાખનું અનુદાન પ્રાપ્ત થયુ છે.

પોરબંદર સોનાપુરીમાં આવેલ પોરબંદર માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તકની વિદ્યુત સ્મશાન ભઠ્ઠીમાં ચાલતા સીવીલ રીપેરીંગ કામ અંગે અખબારોમાં છપાયેલ સમાચાર અને આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ અપીલને ધ્યાનમાં લઈ રેખાબેન મુકેશભાઈ લાખાણી તરફથી આ સ્મશાનગૃહના રીપેરીંગ કામમાં મદદરૂપ થવા યથાશક્તિ રૂા. ૫,૦૦,૦૦૦ અંકે રૂપિયા પાંચ લાખ પૂરાનું અનુદાન આપેલ છે. આ સમયે દાતા પરિવારના રેખાબેન



પોરબંદરની હિન્દુ સ્મશાનભૂમિ ખાતે રીપેરીંગ કામ માટે રૂપિયા પાંચ લાખનુ અનુદાન આપવામાં આવ્યુ તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

મુકેશભાઈ લાખાણી, પરેશભાઈ લાખાણી, જ્યોતિબેન તથા સંજયભાઈ ઉનડકટનું માનવસેવાના પ્રમુખ અનિલભાઈ કારીયા, મેનેજીંગ ટ્રસ્ટી મુકેશભાઈ ઠક્કર, ટ્રસ્ટી વિજયભાઈ ઉનડકટ ઉપસ્થિત રહી તેઓને સન્માનિત કર્યા હતા.

# પોરબંદરની રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખાના સેક્રેટરીનુ થયુ અભિવાદન

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા યોજાયેલા સન્માન સમારોહમાં સેવાકીય કાર્યોની લેવાઈ નોંધ

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરની ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખાના સેક્રેટરીનું ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.

વિશ્વની માનવતાવાદી રેડક્રોસ સંસ્થાના જિલ્લા શાખાના સેક્રેટરી તથા ગુજરાત રાજ્ય રેડક્રોસ બ્રાન્ચના મેનેજીંગ કમીટીના મેમ્બર અકબરભાઈ સોરઠીયાની સેવાકીય નોંધ લઈને પોરબંદર ચેમ્બર ઓફ કોમર્સના સ્નેહમિલન સમારંભમાં કેબીનેટ મંત્રી મનસુખભાઈ માંડવીયા, પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા તથા પૂર્વ મંત્રી બાબુભાઈ બોખીરીયાની ઉપસ્થિતિમાં તેમનુ સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવેલ હતુ.



પોરબંદરની ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખાના સેક્રેટરી અકબરભાઈ સોરઠીયાનુ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સન્માન કરવામાં આવ્યુ ત્યારની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

ઉલ્લેખનીય છે કે અકબરભાઈ સોરઠીયા છેલ્લા પચાસ વર્ષથી આ નિઃસ્વાર્થ સેવાકીય સંસ્થાની પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે.રેડક્રોસ જિલ્લા શાખાના ચેરમેન લાખણશીભાઈ ગોરાણીયા તથા અન્ય આગેવાનોએ અભિનંદન આપેલ હતા.

# પોરબંદર તાલુકા સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન યોજાયુ

## રંગોળી સ્પર્ધાના સ્પર્ધકોને સર્ટીફિકેટ અને પુરસ્કાર આપી બિરદાવાયાઃ સમાજની યુવા પેઢીને વ્યસનમુક્ત બનીને શિક્ષણ ઉપર ભાર મૂકવા થઈ અપીલ



પોરબંદર તાલુકા સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન યોજાયુ ત્યારની તસ્વીર(તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર તાલુકા સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન યોજાતા વિશાળ સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પોરબંદર તાલુકા સમસ્ત કોળી સમાજ ચેરિટેબલ ટ્રષ્ટ, તાલુકા કોળી સમાજ કર્મચારી મંડળ અને પોરબંદરના નવાપાડા છાંયા ઘેડીયા કોળી સેવાસમાજ ચેરિટેબલ ટ્રષ્ટના સંયુક્ત ઉપક્રમે તાલુકા સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન યોજાયું હતું.

પોરબંદરમાં સામાજિક, શૈક્ષણિક, આધ્યાત્મિક અને અનેક સેવાકીય પ્રોજેકટો હાથ ધરનાર પોરબંદર નવાપાડા ઘેડીયા કોળી સેવાસમાજ ચેરિટેબલ સંચાલિત છાયા પ્લોટ ખાતે સ્વામિનારાયણ ગુરૂકુળ સામે આવેલ નવનિર્મિત ન્યૂ ઘેડીયા કોળી સમાજની વાડીખાતે નૂતન વર્ષે અને દીપાવલી પર્વની ઉજવણીના ભાગ રૂપે તાલુકા સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન મળ્યું હતું.

પોરબંદર ના નવાપાડા છાંયા ઘેડીયા કોળી સેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ દેવાયતભાઈ ઠેબાભાઈ વાઢિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા તાલુકા કોળી સમાજના મિલન સમારોહમાં પોરબંદર જિલ્લા કોળી સમાજ ગરબી મંડળીના પ્રમુખ અને વાડીના ઉપપ્રમુખ લાખાભાઈ મોકરીયા,પોરબંદર જિલ્લા કોળી સમાજ કર્મચારી મંડળના પ્રમુખ રામભાઈ બગીયા, છાંયા પ્લોટ યુવા કોળીસમાજના પ્રમુખ અરજનભાઈ આંત્રોલીયા,શિવાજી સેનાના પ્રમુખ ભગવાનજીભાઈ ચાવડા,પોરબંદર જિલ્લાકોળીસેનાના પ્રમુખ,સમાજ અગ્રણી સુનિલભાઈ વાજા, નિવૃત પી.એસ.આઈ. રામભાઈ વાજા,જ્યુબેલી ઘેડીયા કોળી સમાજના ટ્રષ્ટી મહેશભાઈભૂવા,તાલુકા સમસ્ત કોળી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રષ્ટી નારણભાઈ બામણીયા, ૐ સાંઈ ટેકા પરબ ના પ્રમુખ રામસી ભાઈ બામણીયા, બોખીરા કોળી સમાજના પ્રમુખ રામભાઈ વાઢિયા, કુંભારવાડા કોળી સમાજના અગ્રણી મોહન ભાઈ સોલંકી,ભીખુભાઈ પરમાર , સમાજ અગ્રણી વિજયભાઈ સાગરકા, વિરમભાઈ મોકરીયા, રાજુભાઈ રાઠોડ, સહિતની ઉપસ્થિતિમાં આ મિલન સમારોહનું પોરબંદર ભીમનાથ અન્નક્ષેત્રના સેવાકર્મી તુલસીભાઈ મકવાણાના હસ્તે મંગલદીપ પ્રગટાવીને કરવામાં આવેલ હતું બાદ તેઓએ જણાવ્યું હતું કે, પોતે સુખી થાય, બીજાને સુખી કરે એ ભારતીય સંસ્કૃતિ છે,બાળકોનું સંસ્કાર ઘડતરનું કામ મહિલા કરે છે આથી એક ભણેલી સ્ત્રી શિક્ષિત અને દીક્ષિત થાય તે જરૂરી લેખાવી માનવસેવા ધર્મ બધા ધર્મો કરતા શ્રેષ્ઠ ગણાવ્યો હતો.

આ પ્રસંગે પોરબંદર જિલ્લા કોળી સમાજરત્ન ડો.ઈશ્વરભાઈ ભરડા એ જણાવ્યુ હતું કે,જો કોળીસમાજ વ્યસનમુક્ત બનશે તો તેના વિકાસને કોઈ રોકી શકશે નહિ, શિક્ષણનું પ્રમાણ ખૂબ વધ્યું છે, હવે વ્યસન મુક્તિના પ્રયાસો કરવા અનિવાર્ય છે.

આ પ્રસંગે પોરબંદર જિલ્લા કોળી સમાજ કર્મચારી મંડળના પ્રમુખ રામભાઈ બગીયાએ જણાવ્યું હતું કેસાધન સંપન્ન પરિવારો આપણા સમાજની ગરીબ દીકરીના શિક્ષણ માટે આગળ આવે તે સમાજ ઉત્કર્ષ માટે શ્રેષ્ઠ કદમ ગણાશે,

પોરબંદર રાજીવ લીલાવતી બામણીયા ચેરીટેબલ ટ્રષ્ટ ફાઉન્ડેશનના પ્રમુખ નારણભાઈ બામણીયાએ વ્યશનના દૂષણને લીધે સામાજિક, માનસિક, આર્થિક, શારીરિક પાયમાલી છે આથી આજની યુવાપેઢી વ્યસનોથી દૂર રહે તે જરૂરી છે.

સમાજ અગ્રણી મોહનભાઈ સોલન્કીએ જણાવ્યું હતું કે,શાસ્ત્રોના કથન પ્રમાણે કળિયુગની સૌથી મોટી શક્તિ સંગઠન છે સંગઠન જેટલું મજબૂત હશે સમસ્યા એટલી ઓછી હશે સૌએ સાથે મળી સમાજ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહયોગ આપવો જોઈએ

.ૐ સાંઈ ટેકા પરબના પ્રમુખ રામસીભાઈ બામણીયાએ કોળી સમાજમાં કુરિવાજો દૂર કરી શિક્ષણનો વ્યાપ વધારવા આહવાન કર્યું હતું.

સમાજ શ્રેષ્ટિ સુનિલભાઈ વાજા એ સમાજના નબળા વર્ગના બાળકો માટે દરેક વિસ્તારમાં શિક્ષણ નિઃશુલ્ક વર્ગો ચાલુ કરાશે આમાં નિવૃત શિક્ષકોને સહયોગી બનવા અનુરોધ કર્યો હતો.

આ તકે મહિલામંડળ દ્વારા પોરબંદર તાલુકા કક્ષાની રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું, મહિલા અગ્રણી મંજુલાબેન ચાવડા,શિલ્પાબેન ડોડીયા, ગીતાબેન ગોશિયા, ઉષાબેન વાઢિયા, ભાવનાબેન ચાવડા,દક્ષાબેન કરગટિયાની ઉપસ્થિમાં યોજાયેલ તાલુકા કક્ષાની રંગોળી સ્પર્ધામાંપ્રથમ ક્રમે વિજેતા દક્ષાબેન કરગટિયા , દ્વિતીય નંબર જાહન્વીબેન માલમ અને તૃતીય સ્થાન ગીતાબેન ગોશિયા વિજેતા થયા હતા.વિજતા થયેલને પોરબંદરની સેવાભાવિ સંસ્થા રાજીવ લીલાવતી બામણીયા ચેરીટેબલ ટ્રષ્ટ ફાઉન્ડેશન દ્વારા દાતાનારણભાઈ બામણીયા દ્વારા રોકડ ઈનામો સહીત ભાગ લેનારને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ મિલન સમારંભમાં તાલુકા કોળી સમાજના અગ્રણીઓ નાથાભાઈ બગીયા, વિજયભાઈ બોરચીયા, કાનાભાઈ વાઢિયા, કરસનભાઈ કરગટિયા,આશિષભાઈ કામરીયા, દિલીપભાઈબામણીયા લખમણભાઈ બામણીયા શેલેષભાઈ ડોડીયા, કેશુભાઈ કરગટિયા, ગીગાભાઈ કરગટિયા, તાલુકા સમસ્તકોળીસમાજના આગેવાનોતેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા પોરબંદર છાંયા પ્લોટ કોળીસમાજ યુવાપ્રમુખ અરજનભાઈઆંત્રોલીયાના માર્ગદર્શન હેઠળ શ્રીઘેડીયા કોળી સમાજના યુવાભાઈબહેનોએ સારી જહેમત ઉઠાવી હતી.

# સરકારી ભાવસિંહજી હોસ્પિટલની આઇ.સી.યુ. એમ્બ્યુલન્સની થઇ RTI

## ભ્રષ્ટાચાર થયો હોવાનો અનુસૂચિત જાતિ સમાજના પ્રમુખે કર્યો આક્ષેપ

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

સરકારી ભાવસિંહજી હોસ્પિટલની આઈ.સી.યુ. એમ્બ્યુલન્સની આર.ટી.આઈ. કરવામાં આવી છે.

પોરબંદર સમસ્ત અનુસુચિત જાતિ સમાજના પ્રમુખ સુમનભાઈ બેચરભાઈ ચાવડાએ માહિતી અધિકારના કાયદાનો ઉપયોગ કરીને એવી વિગતો માંગી છે કે

સન ૨૦૨૪માં હોસ્પિટલમાં આઈ.સી.યુ. એમ્બ્યુલન્સનો જે કોન્ટ્રાકટ ફાળવેલ છે તે કોન્ટ્રાકટ લેનારની વિગત તથા એમ્બ્યુલન્સ રજીસ્ટ્રેશનની વિગત તથા ટેન્ડર બહાર પાડેલ તેની જાહેર પ્રેસનોટની વિગત તથા કોન્ટ્રાકટ ચાલુ થયો ત્યારથી આજ દીન સુધી ફાળવેલ રકમની વિગત તથા કોન્ટ્રાકટ મેળવવા માટેની યોગ્યતાની વિગત આપવી તે ઉપરાંત આ માહિતીમાં સરકારના પૈસાનો ઉપયોગ થયો હોય આ માહિતી જાહેર માહિતી હોય આ માહિતીની વિગત આપવા તેમજ આ કોન્ટ્રાકટમાં સુપ્રીટેન્ડન્ટ દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોય તેવી આશંકા દર્શાવીને સુમનભાઈ ચાવડાએ વિગત આપવા માંગ કરી છે.

Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, Near Navdurga Auto, Center Point, M. G. Road, Porbandar and Published from Aajkal Karyalaya, Ground Floor, 3- Harmony Complex, Near Old Fountain Circle, Porbandar, Gujarat. ★ Editor: Kana Bantva ★ Responsible for Selection and Publication of News under PRB Act.

# પોરબંદરની માધવાણી કોલેજના પ્રિન્સિપાલની ચેમ્બર સહિત પાંચ મિલ્કતોને પાલિકાએ માર્યુ સીલ

## લાંબા સમયથી વેરો ભરવામાં અખાડા કરનારા આસામીઓ સામે પાલિકાએ કરી લાલ આંખ

**આજકાલ પ્રતિનિધિ**
**પોરબંદર**

પોરબંદર નગરપાલિકાએ સમયસર વેરો ભરવામાં અખાડા કરનાર આસામીઓથી માંડીને સંસ્થાઓ સામે પણ હવે કડક હાથે કામગીરી શરૂ કરી છે ત્યારે શહેરની વર્ષો જુની શૈક્ષણિક સંસ્થા કે.એચ. માધવાણી કોલેજ દ્વારા ૬૮ લાખ રૂપિયાનો વેરો ભરવામાં આવ્યો નહી હોવાથી પ્રિન્સિપાલની ચેમ્બર સીલ કરી દેવામાં આવી છે જ્યારે અન્ય ચાર કોમર્શીયલ મિલ્કતોને પણ નગરપાલિકાએ સીલ કરી છે.

**માધવાણી કોલેજમાં પ્રિન્સિપાલની ચેમ્બર સીલ**

પોરબંદરમાં નવયુગ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત વર્ષો જુની કે.એચ. માધવાણી કોલેજનો ૬૮ લાખ રૂપિયાનો વેરો ભરવાનો બાકી હતો તેથી પોરબંદર નગરપાલિકાના તંત્રએ વારંવાર નોટીસ આપવા છતાં વેરો ભરપાઈ કરવામાં ગંભીરતા દાખવવામાં આવી ન હતી તેથી અંતે નગરપાલિકાએ આ મિલ્કતને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી જેમાં વિદ્યાર્થીઓનું હિત ધ્યાને લઈને સમગ્ર કોલેજને સીલ મારવાના બદલે પોરબંદર નગરપાલિકાના તંત્રએ માત્ર પ્રિન્સિપાલની ચેમ્બરને સીલ માર્યુ હતુ.

**ચાર કોમર્શીયલ મિલ્કત સીલ**

પોરબંદરમાં લાંબા સમયથી વેરો બાકી હોય તેવી મિલ્કત સીલ કરવાની કામગીરી પાલિકા દ્વારા શરૂ કરાઈ છે અને ચીફ ઓફિસર મનન ચતુર્વેદીના માર્ગદર્શન હેઠળ વેરા વસુલાત ઝુંબેશ કડક બનાવવામાં આવી છે. આઠ કરોડથી વધુ બાકી નીકળતી વેરાની વસુલાત કરવા અત્યાર સુધીમાં પાલિકાએ ૩૦થી વધુ મિલ્કત સીલ કરાઈ છે ત્યારે વધુ ચાર કોમર્શીયલ મિલ્કતને સીલ મારવામાં આવ્યુ હતુ. ટેક્સ ઈન્સપેક્ટર વિપુલભાઈ ભટ્ટે જણાવ્યુ હતુ કે આજે હોટલ સિલ્વર પેલેસ, એક દુકાન, એક વખાર અને એક બંધ આઈસ ફેક્ટરી સીલ કરાઈ છે. આ તમામ મિલકતનો કુલ બાકી વેરો રૂા. ૧૦ લાખ અને ૨૦ હજાર છે. એ સિવાય એક કોમર્શીયલ મિલ્કત ધારકે બાકી નીકળતા રૂા. ૫૨,૦૦૦ સ્થળ પર ભરી આપતા તેની મિલ્કત સીલ કરાઈ ન હતી. અનેક મિલકત એવી છે કે જેને સીલ કર્યા ને ઘણો સમય વીતી ગયો છે તેમ છતાં વેરો ભરવામાં આવ્યો નથી. આથી પાલિકા દ્વારા આવી લાંબા સમયથી સીલ હોય તેવી મિલ્કતો ટાંચમાં લઈ હરરાજી કરવામાં આવશે તેવુ પણ તેઓએ જણાવ્યુ હતુ.



પોરબંદર નગરપાલિકાના તંત્રએ કડક કાર્યવાહી કરીને વધુ પાંચ મિલ્કતો સીલ કરી છે (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# માધવાણી કોલેજના પ્રિન્સીપાલની સીલ મારેલી ઓફીસને લીધે વિદ્યાર્થીઓને મુશ્કેલી થાય નહી તે જોવા થઇ માંગ

## વેરો નહી ભરવામાં આવતા નગરપાલિકાએ કરેલી કડક કાર્યવાહીથી છાત્રોનું ભાવિ ડામાડોળ થતા એ.બી.વી.પી.એ કરી રજુઆત



પોરબંદર એ.બી.વી.પી.એ માધવાણી કોલેજની ઓફીસને સીલ મારવા પ્રશ્ને ચીફ ઓફિસરને રજુઆત કરવામાં આવી તેની તસ્વીર(તસ્વીરઃજીજ્ઞેશ પોપટ)

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદર એ.બી.વી.પી.એ માધવાણી કોલેજની ઓફીસને સીલ મારવા પ્રશ્ને ચીફ ઓફિસરને રજુઆત કરવામાં આવી હતી.

પોરબંદરની માધવાણી કોલેજ ટ્રસ્ટ દ્વારા વેરાની ભરપાઈ નહી કરવામાં આવતા પાલિકાએ પ્રિન્સીપાલની ઓફીસને સીલ માર્યું છે,નવું સત્ર શરૂ થાય છે ત્યારે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહી તે માટે પાલિકાના ચીફ ઓફિસરને મળીને એ.બી.વી.પી.ના સભ્યોએ રજુઆત કરી કે,વેકેશન હમણાં ખુલી જશે,વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થવાની છે,ત્યારે આવા પગલાઓ વિદ્યાર્થીઓ માટે શું હિતકારક છે તેવા સવાલ સાથે રજુઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રમાં જ્યારે પણ કઈ અગવડતા આવી છે ત્યારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ હંમેશા એમના સાથે રહ્યું છે અને જ્યારે માધવાણી કોલેજની પ્રિન્સીપાલની ઓફીસને સીલ કરવામાં આવી ત્યારે પણ અધિકારીઓ અને આચાર્યને જે પ્રક્રિયા છે વહેલીતકે પુર્ણ કરે તેમજ કોઈ કારણોસર વિદ્યાર્થીઓનું શિક્ષણ ના બગડે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી રજુવાત કરવામાં આવી છે,રજુઆતના પગલે જવાબદાર અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓનું શિક્ષણ બંધ રહશે નહી અને પરીક્ષામાં પણ ક્યાંય અડચણ થશે નહિ તેવી ખાત્રી આપવામાં આવી છે.

# સાન્દીપનિ શ્રી હરિમંદિરે તુલસી વિવાહનો ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ યોજાયો

## સત્યનારાયણ મંદિર ખાતેથી વાજતે ગાજતે જોડાઇ જાનઃ વિશાળ સંખ્યામાં નગરજનો સહિત બહારથી આવેલા ભકતજનો જોડાયા



પોરબંદરના સાન્દીપનિ ખાતે તુલસીવિવાહનુ આયોજન કરવામાં આવતા વિશાળ સંખ્યામાં ભકતજનો જોડાયા હતા તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

**આજકાલ પ્રતિનિધિ**
**પોરબંદર**

પોરબંદરમાં સાન્દીપનિ શ્રી હરિમંદિર ખાતે તુલસી વિવાહનો ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિશાળ સંખ્યામાં સ્થાનિક અને બહારના ભકતજનો જોડાયા હતા.સત્યનારાયણ મંદિર ખાતેથી વાજતે ગાજતે જાન જોડવામાં આવી હતી જેમાં હજારો ભકતો જોડાયા હતા.

પોરબંદરમાં પ.પુ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા સ્થાપિત સાન્દીપનિ શ્રીહરિ મંદિર ખાતે તુલસી વિવાહના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.સાંજે સંધ્યા આરતી બાદ પોરબંદર શહેરના નાગરિકો ભગવાન શાલિગ્રામની જાન લઈને શ્રીહરિ મંદિરમાં આવ્યા હતા. પોરબંદરના સાન્દીપનિ આશ્રમ ના હરિમંદિરે તુલસી વિવાહનું ભવ્ય આયોજન ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં કરવામાં આવ્યું હતુ. જેમાં પોરબંદરના નગરજનો જાનૈયા બની લાભ લેવા માટે ઉમટયા હતા. જી. ટી. પી. એલ. ના ડાયરેકટર અને રાજપૂત સમાજ ના પ્રમુખ રાજભા જેઠવાના માર્ગદર્શનમાં ભગવાનની આ જાનનુ આયોજન થયું હતુ જેમાં સાંજે સત્ય નારાયણ મંદિરથી વાજતે ગાજતે જાનનું પ્રસ્થાન થયુ હતુ.

જાનનું મંદિરના પ્રાંગણમાં ભવ્ય સ્વાગત થયુ હતુ અને આતશબાજી પણ કરવામાં આવી હતી. શ્રીહરિ મંદિરમાં ભગવાન શાલિગ્રામના તુલસીજી સાથે વિધિવિધાન વિવાહ ઉત્સવ સંપન્ન થયો હતો. આ પાવન પ્રસંગે સર્વે હરિભક્તોને ઉપસ્થિત રહ્યા હતા.

# જુની પેન્શન યોજનાની અમલવારી થતા પોરબંદરના શિક્ષકોમાં ખુશી

## જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘે નેતાઓનો માન્યો આભાર

**આજકાલ પ્રતિનિધી**
**પોરબંદર**



જુની પેન્શન યોજનાની અમલવારીનો થતા પોરબંદરના શિક્ષકોમાં ખુશી જોવા મળી છે અને ધારાસભ્ય અર્જુનભાઇ મોઢવાડીયા સહિત પૂર્વ કેબિનેટમંત્રી બાબુભાઇ બોખીરીયાનો આભાર માન્યો હતો તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

જુની પેન્શન યોજનાની અમલવારીનો થતા પોરબંદરના શિક્ષકોમાં ખુશી જોવા મળી છે અને ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટમંત્રીનો આભાર માન્યો હતો. પોરબંદર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ૧-૪-૨૦૦૫ પહેલા ના કર્મચારીઓ માટે જુની પેન્શન યોજનાનો અમલ કરવામાં આવતા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા નિયત થયેલ કાર્યક્રમના ભાગરૂપે ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા,પુર્વ મંત્રી બાબુભાઈ બોખીરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પરબતભાઈ પરમાર અને જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ ઓડેદરાને પુષ્પગુચ્છ આપી અને મોં મીઠું કરાવી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જિલ્લાના કર્મચારીઓ ઉપસ્થિત રહી ખુશી વ્યકત કરવામાં આવી હતી.

# નવયુગ વિદ્યાલય પાછળ યોજાયુ સફાઇ અભિયાન



પોરબંદરના નવયુગ વિદ્યાલય પાછળ ઇદગાહ પાસેની ગલીમાં ગંદકી વધી હતી તે અંગેની ફરિયાદ નગરપાલિકાને મળતા સેનીટિશન કમીટીના ચેરમેન લાખાભાઇ ખુંટી, છાયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભોજાભાઇ ખુંટી અને હેલ્થઓફિસર જગદીશભાઇ ઢાંકી વગેરે ત્યાં પહોચી ગયા હતા અને સફાઇ સૈનિકોને હાજર રાખી યુધ્ધના ધોરણે મહાસફાઇ અભિયાન હાથ ધરાવ્યુ હતુ ત્યારની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# વનાણામાં બ્રહ્મસમાજનો સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો

## પોરબંદર શહેર સમસ્ત બ્રહ્મસમાજ તેમજ શહેર મહિલા મંડળ અને જયસીયારામ ટ્રસ્ટ દેવુભગત આશ્રમ-વનાણા દ્વારા થયું આયોજન



**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

વનાણા દેવુભગતના આશ્રમ ખાતે સત્યનારાયણ કથા તેમજ સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો.

પોરબંદર શહેર સમસ્ત બ્રહ્મસમાજ તેમજ શહેર મહિલા મંડળ અને જયસીયારામ ટ્રસ્ટ દેવુભગત આશ્રમ વનાણા દ્વારા સત્યનારાયણ કથા તેમજ સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિશાળ સંખ્યામાં ભુદેવ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ એકબીજાની નુતનવર્ષની શુભેચ્છા પાઠવી હતી,સૌએ સાથે મહાપ્રસાદી લીધી હતી,આ આયોજનમાં બ્રહ્મસમાજના આગેવાનો ટ્રસ્ટી અશ્વિનભાઈ ઠાકર, પુર્વ ટ્રસ્ટી અશ્વિનભાઈ દવે, પુર્વ શહેર પ્રમુખ ઉદય ભાભા, જિલ્લા મહામંત્રી ધર્મેન્દ્રભાઈ જોશી, દિનેશભાઈ કોઠારી,નિલેશભાઈ વ્યાસ,આશીતભાઈ રાવલ, નિરવભાઈ દવે,દેવવ્રતભાઈ જોશી, અજયભાઈ મોઢા, ભાવિનભાઈ જોશી, કિશોરભાઈ પંડ્યા, વિનુભાઈ પોરિયા, સુરેશભાઈ શિલું, સંજય મહેતા હાજર રહેલા તથા કથાનું રસપાન કરાવનાર શાસ્ત્રી રમેશભાઈ રાજ્યગુરુ,ભાજપ મહિલા મોરચાના જિલ્લા પ્રમુખ મિતાબેન થાનકી, મહિલા અગ્રણીઓ જાગૃતિબેન કનૈયા તેમજ બહોળી સંખ્યામાં બહેનો હાજર રહ્યા હતા, આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ કમલેશભાઈ થાનકી તેમજ જયસીયારામ દેવુભાગત ટ્રસ્ટ વનાણાના પ્રમુખ સુભાષભાઈ દવેએ કરેલ અને સર્વે આગેવાનોનું ફુલહારથી સત્કાર સન્માન કર્યું હતુ અને આ કાર્યક્રમનું સંચાલન તેમજ પધારેલ લોકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.


## નોટીસ

ધી સીકયુરીટાઈઝેશનલ એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ ની કલમ-૧૩(૪) મુજબની

સીમ્બોલીક પજેશન લીધાની જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર બ્રાંચ મેનેજર શ્રી પોરબંદર કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લીમીટિડ, ઠે. કસ્તુરબા ગાંધી રોડ, જુનુ નગરપાલિકા બિલ્ડીંગ સામે, પોરબંદર તે આ જાહેર નોટીસથી તમામને જાણ કરવાની કે,

મૂળ પોરબંદરના રહીશ અને હાલ રાજકોટના રહીશ (૧) અજય હીરજીભાઈ ઠકરાર (૨) પાયલ અજય ઠકરાર ઠે. બંને C/O. પ્રકાશભાઈ કારીયા'ગોકુલ', આફ્રિકા કોલોની, શેરી નં.૪, જૈન અપસરા પાસે, ૧૫૦ ફૂટ રીંગરોડ, રાજકોટ, મો. ૯૭૧૨૯ ૪૩૭૫૬ ને તેઓની માલિકીની મીલકત કે જે પોરબંદર તાલુકાના ગામ- ખાપટની હદમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૪૦૫, ૪૦૬, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧, ૪૧૨, કુલ જમીન ૩૬૪૨૮-૦૦ ચો.મી. પૈકી ગ્રીનવેલી નામે ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી (૧) પ્લોટ નં. ૧૮૨ પૈકી તથા પ્લોટ નં. ૧૮૩ પૈકી વિભાગ -બી., કુલ ચો.મી. ૪૧-૨૫(૨) પ્લોટ નં. ૧૮૩ પૈકી તથા પ્લોટ નં. ૧૮૪ પૈકી વિભાગ -સી. કુલ ચો.મી. ૪૧-૨૫ (૩) પ્લોટ નં. ૧૮૮ પૈકી ચો.મી. ૫૫-૦૦ મળી કુલ ચો.મી. ૧૩૭-૫૦ વાળી મિલકત અમારી બેંકમાં મોર્ગેજ મૂકી લોન લીધેલી હોય અને તે સંબંધે સબરજીસ્ટ્રાર કચેરી પોરબંદરમાં નોંધણી નં. ૮૦૦૨ થી તા. ૧૨/૧૨/૨૦૧૯ ના રોજ મોર્ગેજ દસ્તાવેજ કરી ઓરીજીનલ ફાઇલ બેંકના તારણમાં મુકેલી હોય અને ત્યારબાદ નિયત સમયમાં લોનની રકમ ભરપાઇ ન કરતા તેઓને વ્યક્તિગત તથા આ જાહેર નોટીસથી ધી સીકયુરીટાઈઝેશનલ એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ની કલમ-૧૩(૨)ની જોગવાઈ મુજબ આ મિલકતનો પ્રત્યક્ષ કબ્જો લેવા તથા આ મિલકતની હરાજી કરી બેંકનું લેણુ વસુલાત લેવાની કાર્યવાહી કરવાની હોય અને તેથી આ મિલકત સંબંધે કોઈએ પણ લોન લેનાર સાથે કોઈ પ્રકારનો વેચાણ વ્યવહાર તથા અન્ય વ્યવહાર કરવો નહી. તેની આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.

તા. ૧૨/૧૧/૨૦૨૪
અમારા મારફતઃ-
ભરત બી. લાખાણી, એડવોકેટ
ઠે. સિધ્ધિ વિનાયક-૨, પહેલા માળે,
કુવારા પાસે , ઘેડીયા સ્કૂલ સામે, પોરબંદર

બ્રાન્ચ મેનેજરશ્રી
પોરબંદર કોમર્શીયલ
કો. ઓપરેટીવ બેન્ક લીમીટિડ
પોરબંદર

## નોટીસ

ધી સીકયુરીટાઈઝેશનલ એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ ની કલમ-૧૩(૪) મુજબની

સીમ્બોલીક પજેશન લીધાની જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર બ્રાંચ મેનેજર શ્રી પોરબંદર કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લીમીટિડ, ઠે. કસ્તુરબા ગાંધી રોડ, જુનુ નગરપાલિકા બિલ્ડીંગ સામે, પોરબંદર તે આ જાહેર નોટીસથી તમામને જાણ કરવાની કે,

મૂળ પોરબંદરના રહીશ અને હાલ રાજકોટના રહીશ (૧) હર્ષા અજય ઠકરાર (૨) અજયકુમાર હીરજીભાઈ ઠકરાર ઠે. બંનેઃ પ્રકાશભાઈ કારીયા, C/O. પ્રકાશભાઈ કારીયા 'ગોકુલ', આફ્રિકા કોલોની, શેરી નં.૪, જૈન અપસરા પાસે, ૧૫૦ ફૂટ રીંગરોડ, રાજકોટ, મો. ૯૭૧૨૯ ૪૩૭૫૬ ને તેઓની માલિકીની મીલકત કે જે પોરબંદર તાલુકાના ગામ-ખાપટની હદમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૪૦૫, ૪૦૬, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧, ૪૧૨, કુલ જમીન ૩૬૪૨૮-૦૦ ચો.મી. પૈકી ગ્રીનવેલી નામે ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી (૧) પ્લોટ નં. ૨૦૭ પૈકી વિભાગ-એ, ચો.મી. ૪૧-૨૫, (૨) પ્લોટ નં. ૨૦૭ પૈકી તથા પ્લોટ નં. ૨૦૮ પૈકી વિભાગ-બી, કુલ ચો.મી. ૪૧-૨૫, (૩) પ્લોટ નં. ૨૦૮ પૈકી તથા પ્લોટ નં. ૨૦૯ પૈકી વિભાગ-સી. કુલી ચો.મી. ૪૧-૨૫, (૪) પ્લોટ નં. ૨૦૯ પૈકી વિભાગ-ડી.ચો.મી. ૪૧-૨૫ (૫) પ્લોટ નં. ૨૧૦ પૈકી વિભાગ-ઈ.ચો.મી. ૪૧-૨૫(૬) પ્લોટ નં. ૨૧૦ પૈકી તથા પ્લોટ નં. ૨૧૧ પૈકી વિભાગ-એફ. કુલ ચો.મી. ૪૧-૨૫ (૭) પ્લોટ નં. ૨૧૧ પૈકી તથા પ્લોટ નં. ૨૧૨ પૈકી વિભાગ- જી. કુલ ચો.મી. ૪૧-૨૫, (૮) પ્લોટ નં. ૨૧૨પૈકી વિભાગ -એચ. ચો.મી. ૪૧-૨૫ કુલ ચો.મી. ૩૩૦-૦૦ વાળી મિલકત અમારી બેંકમાં મોર્ગેજમાં લોન લીધેલી હોય અને તે સંબંધે સબરજીસ્ટ્રાર કચેરી પોરબંદરમાં નોંધણી નં. ૮૦૦૪ થી તા. ૧૨-૧૨-૨૦૧૯ના રોજ મોર્ગેજ દસ્તાવેજ કરી ઓરીજનલ ફાઇલ બેંકના તારણમાં મુકેલી હોય અને ત્યારબાદ નિયત સમયમાં લોનની રકમ ભરપાઇ ન કરતા તેઓને વ્યક્તિગત તથા આ જાહેર નોટીસથી ધી સીકયુરીટાઈઝેશનલ એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ની કલમ-૧૩(૨) ની જોગવાઈ મુજબ આ મિલકતનો પ્રત્યક્ષ કબ્જો લેવા તથા આ મિલકતની હરાજી કરી બેંકનું લેણું વસુલાત કરવાની કાર્યવાહી કરવાની હોય અને તેથી આ મિલકત સંબંધે કોઈએ પણ લોન લેનાર સાથે કોઈ પ્રકારનો વેચાણ વ્યવહાર તથા અન્ય વ્યવહાર કરવો નહી. તેની આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.

તા. ૧૨/૧૧/૨૦૨૪
અમારા મારફતઃ-
ભરત બી. લાખાણી, એડવોકેટ
ઠે. સિધ્ધિ વિનાયક-૨, પહેલા માળે,
કુવારા પાસે , ઘેડીયા સ્કૂલ સામે, પોરબંદર

બ્રાન્ચ મેનેજરશ્રી
પોરબંદર કોમર્શીયલ
કો. ઓપરેટીવ બેન્ક લીમીટિડ
પોરબંદર

## નોટીસ

ધી સીકયુરીટાઈઝેશનલ એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ ની કલમ-૧૩(૪) મુજબની

**સીમ્બોલીક પજેશન લીધાની જાહેર નોટીસ**

અમો નીચે સહી કરનાર બ્રાંચ મેનેજર શ્રી પોરબંદર કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લીમીટિડ, ઠે. કસ્તુરબા ગાંધી રોડ, જુનુ નગરપાલિકા બિલ્ડીંગ સામે, પોરબંદર તે આ જાહેર નોટીસથી તમામને જાણ કરવાની કે,

મુળ પોરબંદરના રહીશ અને હાલ રાજકોટના રહીશ (૧) પાયલ અજય ઠકરાર(૨) અજયકુમાર હીરજીભાઈ ઠકરાર ઠે. બંને C/O. પ્રકાશભાઈ કારીયા 'ગોકુલ', આફ્રિકા કોલોની, શેરી નં.૪, જૈન અપસરા પાસે, ૧૫૦ ફૂટ રીંગરોડ, રાજકોટ, મો. ૯૭૧૨૯ ૪૩૭૫૬ નં તેઓની માલીકીની મિલકત કે જે પોરબંદર તાલુકાના ગામ-ખાપટની હદમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૪૦૫,૪૦૬, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧, ૪૧૨, કુલ જમીન ૩૬૪૨૮-૦૦ ચો.મી. પૈકી ગ્રીનવેલી નામે ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી (૧) પ્લોટ નં.૨૨૪ પૈકી વિભાગ-એ. ચો.મી. ૪૧-૨૫ (૨) પ્લોટ નં.૨૨૪ પૈકી તથા પ્લોટ નં. ૨૨૫ પૈકી વિભાગ -બી. કુલ ચો.મી. ૪૧-૨૫ (૩) પ્લોટ નં.૨૨૫ પૈકી તથા પ્લોટ નં. ૨૨૬ પૈકી વિભાગ-સી. કુલ ચો.મી. ૪૧-૨૫ (૪) પ્લોટ નં. ૨૨૬ પૈકી વિભાગ -ડી. ચો.મી. ૪૧-૨૫ (૫) પ્લોટ નં. ૨૨૭ પૈકી વિભાગ -ઈ. ચો.મી. ૪૧-૨૫ (૬) પ્લોટ નં. ૨૨૭ પૈકી તથા પ્લોટ નં. ૨૨૮ પૈકી વિભાગ-એફ. કુલ ચો.મી. ૪૧-૨૫ (૭) પ્લોટ નં. ૨૨૮ પૈકી તથા પ્લોટ નં. ૨૨૯ પૈકી વિભાગ-જી. કુલ.ચોમી. ૪૧-૨૫ (૮) પ્લોટ નં. ૨૨૯ પૈકી વિભાગ-એચ. ચો.મી. ૪૧-૨૫ કુલ ચો.મી. ૩૩૦-૦૦ વાળી મિલકત અમારી બેંકમાં મોર્ગેજ મુકી લોન લીધેલી હોય અને તે સંબંધે સબરજીસ્ટ્રાર કચેરી પોરબંદરમાં નોંધણી નં. ૮૦૦૩ થી તા. ૧૨-૧૨-૨૦૧૯ ના રોજ મોર્ગેજ દસ્તાવેજ કરી ઓરીજીનલ ફાઇલ બેંકના તારણમાં મુકેલી હોય અને ત્યારબાદ નિયત સમયમાં લોનની રકમ ભરપાઇ ન કરતા તેઓને વ્યક્તિગત અથવા આ જાહેર નોટીસથી ધી સીક્યુરીટાઈઝેશનલ એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ની કલમ -૧૩(૨)ની જોગવાઈ મુજબ આ મિલકતનો પ્રત્યક્ષ કબ્જો લેવા તથા આ મિલકતની હરાજી કરી બેંકનું લેણુ વસુલાત લેવાની કાર્યવાહી કરવાની હોય અને તેથી આ મિલકત સંબંધે કોઈએ પણ લોન લેનાર સાથે કોઈ પ્રકારનો વેચાણ વ્યવહાર તથા અન્ય વ્યવહાર કરવો નહી. તેની આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે.

તા. ૧૨/૧૧/૨૦૨૪
અમારા મારફતઃ-
ભરત બી. લાખાણી, એડવોકેટ
ઠે. સિધ્ધિ વિનાયક-૨, પહેલા માળે,
કુવારા પાસે , ઘેડીયા સ્કૂલ સામે, પોરબંદર

બ્રાન્ચ મેનેજરશ્રી
પોરબંદર કોમર્શીયલ
કો. ઓપરેટીવ બેન્ક લીમીટિડ
પોરબંદર

ગુજરાત સરકાર,
નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઇ-પ્રોકયુરમેન્ટ નોટીસ નં. ૦૮ ઓફ સને- ૨૦૨૪-૨૫

(૧) કામનું નામઃ ઓપરેશન & મેન્ટનન્સ વિથ પ્રોવીઝન ઓફ કેનાલ સીક્યુરીટી સર્વીસીસ ફોર રબી ઈરીગેશન સીઝન-૨૦૨૪-૨૫ ફોર ધ કેનાલ નેટવર્ક અમીપુર ઈરીગેશન સ્કીમ.
અંદાજીત રકમ રૂા.- ૧૬,૪૪,૨૦૭.૬૦

(૨) કામનું નામઃ ડીસ્મેન્ટલીંગ & રી-કન્સ્ટ્રકશન ઓફ સીડી વર્ક ઓન ખાંડાધાર કેનાલ રેડીયલ કેનાલ એટ બિટવીન ચે. ૬૯૦ ટુ ૭૨૦ મી. નિયર વિલેજ વડાળા ઈન પોરબંદર તાલુકા એન્ડ ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂા.- ૧૬,૩૩,૧૦૬.૨૪

(૩) કામનું નામઃ ડીસ્મેન્ટલીંગ & રી-કન્સ્ટ્રકશન ઓફ સીડી વર્ક ઓન ભાવપરા રેડીયલ કેનાલ એટ ચે. ૧૫૬૦ ટુ ૧૫૯૦ મી. નિયર વિલેજ ભાવપરા ઈન પોરબંદર તાલુકા એન્ડ ડીસ્ટ્રીક્ટ
અંદાજીત રકમ રૂા.- ૫,૯૨,૫૧૬.૭૭

(૪) કામનું નામઃ રીપેરીંગ એન્ડ મેઈન્ટેન્સ ઓફ રેઈનકટસ ઓન આર.બી.એમ.સી. એન્ડ એમ ટુ આર કેનાલ ઓફ કાલિન્દ્રી ઈરીગેશન સ્કીમ ઓફ કુતિયાણા તાલુકા એન્ડ પોરબંદર ડીસ્ટીક્ટ.
અંદાજીત રકમ રૂા.- ૫,૮૭,૫૫૬.૦૦

(૫) કામનું નામઃ કેરી આઉટ સર્વે & પ્રિપેરેશન ઓફ ડીટેઇલ પ્લાન, પ્રપોઝલ ફોર લેન્ડ એક્વીઝીશન એન્ડ ડીમાર્કર્શન ઓફ પી.આર.ઓ.ડબલ્યુ./આર.ઓ. ડબલ્યુ. એઝ પર લેન્ડ એક્વીઝીશન પ્લાન, ફોરેસ્ટ ક્લીયરન્સ, જીયોલોજીકલ મેપીંગ, સ્ટ્રકચર ડીઝાઈન, એસ્ટીમેંટ, ડ્રોઈંગ, ડીટીપી, ટેન્ડર પેપર, ઈટીસી. ફોર વેરીયસ વર્ક રીક્વાયર્ડ અન્ડર જ્યુરીડીકશન ઓફ સેલીનીટી કન્ટ્રોલ ડીવીઝન પોરબંદર (યુનિટ રીઈટ-૨૦૨૪) (બીજો પ્રયાસ )
અંદાજીત રકમ રૂા.- -------

ટેન્ડર ઓનલાઇન સ્વીકારવાની તારીખ અને સમય
તા- ૧૩/૧૧/૨૦૨૪ થી તા.૨૭/૧૧/૨૦૨૪ સમય ૧૮.૦૦ કલાક સુધી.

ફીઝીકલ ડોક્યુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તારીખ- ૦૪/૧૨/૨૦૨૪.

ઓનલાઇન પ્રાઇઝ બીડ ખોલવાની તારીખ અને સમય
તા. ૨૮/૧૧/૨૦૨૪ ના રોજ ૧૧.૦૦ કલાકે

સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું
નામ અને સરનામુ/ ફોન નંબર .

કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨/૨, સાંદીપની રોડ, પોરબંદર-૩૬૦૫૭૭, ફોન નં. (૦૨૮૬) ૨૨૨૦૫૦૩

આ કામની વધુ વિગતો www.statetenders.gujarat.gov.in અને www.tender.nprocure.com પર જોઇ શકાશે.

નોંધઃ- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/પોરા/જાહેરખબર/૨૦૩.

# પોરબંદરમાં રોજગારવાંચ્છુ ૫૯ યુવક-યુવતીઓમાંથી ૪૧ ને મળી નોકરી

## જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા નવયુગ હાઈસ્કુલ ખાતે યોજાયો ભરતી મેળો



પોરબંદરની નવયુગ હાઈસ્કુલ ખાતે ભરતી મેળો યોજાયો હતો તેની તસ્વીર(તસ્વીરઃજીજ્ઞેશ પોપટ)

આજકાલ પ્રતિનિધિ-પોરબંદર

પોરબંદરની નવયુગ હાઈસ્કુલ ખાતે ભરતી મેળો યોજાયો હતો.

પોરબંદર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા નવયુગ હાઈસ્કુલ ખાતે નોકરીદાતાઓ તથા રોજગારવાચ્છું વચ્ચે સેતુરૂપ બનવાના આશ્રયથી ઓદ્યોગિક ભરતી મેળો યોજાયો હતો.આ ભરતીમેળામાં પોરબંદર જિલ્લાના ૧૦૦૦ થી વધુ ઉમેદવારોને ઈ-મેલ અને સોશિયલ મિડિયાના જુદા-જુદા માધ્યમથી ઈન્ટરવ્યું પ્રક્રિયા માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી કુલ ૫૯ ઉમેદવારો હાજર રહેલ હતા.આ ભરતીમેળામાં સ્થાનિક નોકરીદાતા અતુલ મોટર્સ, શુકલા એન્ટરપ્રાઈઝ, એલ.આઈ.સી ઓફ ઈંડિયા, એરટેલ સ્ટોર, વાસ્તુ સિલ્પ સોલાર તથા ફેશન-૮ એન્ટરપ્રાઈઝ(એલ.આર.એલ)ના નોકરીદાતા પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યાં હતા.તેઓના એકમ/સંસ્થા ખાતે ખાલી જગ્યા માટેની જોબ પ્રોફાઈલ વિશે ઉમેદવારોને વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ નોકરીદાતાઓ દ્વારા ઉમેદવારો માટે ઈન્ટરવ્યું પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.જેમાં હાજર રહેલ ૫૯ ઉમેદવારોના શૈક્ષણિક લાયકાત,વય મર્યાદા, અનુભવ તથા આવડતના આધારે ૪૧ રોજગાર વાંચ્છુંઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી, અને તેમને ફરી બીજા રાઉન્ડ માટે બોલાવવામાં આવશે.તેમજ રોજગાર કચેરીનાં કાઉન્સેલરો દ્વારા પી.એમ ઈન્ટેનશીપ સ્કીમ અંગે માહિતગાર તેમજ રજીસ્ટ્રેશન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને કારકિર્દી માર્ગદર્શન તથા મોડેલ કેરિયર સેન્ટર અને એન.સી.એસ પોર્ટલનું પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યું હતુ. આ ભરતીમેળામાં બહોળી સંખ્યામાં ઉમેદવારોએ લાભ લીધો હતો.

# પોરબંદરના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે રવિવારે યોજાશે ભવ્ય અન્નકુટોત્સવ

## મંદિરમાં ૨૩માં પાટોત્સવ નિમિત્તે વડોદરાના પૂજ્ય વિવેકનિષ્ઠ સ્વામીના આશીર્વચનનો મળશે વિશેષ લાભઃ હરિભકતોને દર્શન માટે પધારવા પાઠવાયુ નિમંત્રણ

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરના ખીજડીપ્લોટમાં આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે રવિવાર તા. ૧૭-૧૧ના ભવ્ય અન્નકૂટોત્સવ યોજાશે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સાધુ કલ્યાણમૂર્તિદાસ, સાધુ સેવાનંદદાસ તથા બી.એ.પી.એસ.શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા જણાવાયુ છે કે વિશ્વ વંદનીય સંત વિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે વર્ષ ૨૦૦૧માં પોરબંદરની ધર્મપ્રેમી જનતા માટે સુંદર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ભેટ આપી છે. જ્યાં ભક્તિ, સત્સંગ અને સદાચારના પાઠો નિત્ય ગુંજી રહ્યા છે. એવા આ મંદિરમાં પ્રતિવર્ષ નૂતન વર્ષના પ્રારંભમાં દેવદિવાળીના દિવસે ભવ્ય અન્નકૂટ ઉત્સવનું આયોજન થાય છે. આ વર્ષે પણ અન્નકૂટ દર્શનનું આયોજન થયુ છે જેમાં તા. ૧૭-૧૧-૨૦૨૪, રવિવારે બપોરે ૧૨ કલાકે અન્નકૂટ આરતી થશે, અન્નકૂટ દર્શન બપોરે ૧૨ થી સાંજે ૭ વાગ્યા સુધી યોજાશે તથા સત્સંગસભા સાંજે ૫ થી ૭ ખીજડીપ્લોટ ખાતે આવેલા બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ ખાતે યોજાશે. જેમાં વડોદરાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય વિવેકનિષ્ઠ સ્વામીનો વિશેષ લાભ હરિભકતોને મળશે.



પોરબંદરના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સાધુ કલ્યાણમૂર્તિદાસ, સાધુ સેવાનંદદાસ તથા બી.એ.પી.એસ.શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા સર્વે હરિભકતોને આ કાર્યક્રમોનો લાભ લેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

# પોરબંદરના ધારાસભ્યએ સંગઠન પર્વ અંગે આપ્યું મહત્વનું માર્ગદર્શન



ભારતીય જનતા પાર્ટી સંગઠન પર્વ-૨૦૨૪ અંતર્ગત પોરબંદરમાં 'અટલ ભવન' જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ચુંટણી અધિકારી ભરતભાઈ મેર અને જિલ્લા સંરચના અધિકારી હિરેનભાઈ હિરપરાની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત પોરબંદર જિલ્લા ભાજપની કાર્યશાળામાં પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ સંગઠન પર્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ.તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# મહિલા પોલીસ સ્ટેશન દ્વારા યાત્રાળુ મહિલાઓને અપાઈ જાણકારી



પોરબંદર મહિલા પોલીસ સ્ટેશન દ્વારા સુદામા મંદિરે આવેલા યાત્રાળુ બહેનોને તેમના પર્સ, મોબાઈલ, પૈસા સાચવવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ અને મહિલા હેલ્પલાઈન ૧૮૧ વિષે પણ માહિતગાર કર્યા હતા.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# ચોપાટી પર આવારાતત્ત્વોનો આંતક



પોરબંદરની ચોપાટી પર દેશ-વિદેશના પ્રવાસીઓ ફરવા માટે આવે છે.ત્યારે પોરબંદરની ચોપાટી પર છેલ્લા ઘણા દિવસો આવારાતત્વોનો આંતક વધ્યો છે,જ્યાં ત્યાં કચરો ફેકી તોડફોડ કરી નુકસાન પહોચાડી રહ્યા હોવાથી આવા તત્ત્વો સામે પોલીસે કડક હાથે કામ લેવું જરૂરી બન્યું છે તેમજ પોલીસે પેટ્રોલિંગ પણ વધારવું જોઈએ તેવી માંગણી થઈ છે.તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# ચણાનું વાવેતર કરતી વખતે શું કરવું?

## પોરબંદર જીલ્લા ખેતીવાડી અધિકારીએ કર્યા મહત્વના સુચનો

આજકાલ પ્રતિનિધી

પોરબંદર

પોરબંદર જીલ્લા ખેતીવાડી અધિકારીએ ચણાનું વાવેતર કરતી વખતે શું કરવું તે અંગે મહત્વના સુચનો કર્યા છે.

પોરબંદર જિલ્લાના ખેડુતોને ચણાના પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન માટે વાવણી પહેલા/ વાવણી સમયે લેવાના પગલા અંગેની માર્ગદર્શિકા જુનાગઢ તેમજ આણંદ કૃષિ યુનિવર્સીટીના નિષ્ણાંતો દ્વારા અપાયેલ સુચનોને આધારે જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા પગલાંઓ જાહેર કરવામાં આવ્યા છે.

જે અનુસાર પાક ફેરબદલી કરવી તેમજ સારા કોહવાયેલા છાણિયા ખાતરનો ઉપયોગ કરવો. ઠંડીની શરૂઆત થાય પછી જ વાવેતર કરવું.ચણાની સુધારેલી જાતો જેવી ગુજરાત ચણા-૫ પિયત વિસ્તારમાં અને બિનપિયત માટે ગુજરાત ચણા-૬ તથા ગુજરાત ચણા-૩ નું વાવેતર કરવું.મુળનો કોહવારો રોગના નિયંત્રણ માટે પાક વાવતા પહેલા દિવેલીનો ખોળ હેકટરે ૧૦૦૦ કિલો પ્રમાણે જમીનમાં આપવો.સુકારા રોગના નિયંત્રણ માટે ટ્રાઈકોડમાં વીરીડી ૨.૫ કિ.ગ્રા. ને ૨૫૦ કિ.ગ્રા. એરંડીનો ખોળ અથવા છાણિયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવુ. ચણાના પાકમાં સુકારો અને મુળખાઈ રોગના નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી અથવા ટ્રાઈકોડર્મા હરજીએનમ (૨સ ૧૦ ઓ સી.એફ.યુ/ગ્રામ) સંવર્ધિત છાણિયા ખાતરને (૧૦ કિલો જૈવિક નિયંત્રક પ્રતિ ૧ ટન છાણિયા ખાતર) ૧ ટન/ હેકટર પ્રમાણે વાવણી વખતે ચાસમાં આપવુ.સ્ટંટ વાયરસના નિયંત્રણ માટે બે હાર વચ્ચે ૩૦ સે.મી. નું અંતર રાખવાથી રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે.ચણામાં રોગ નિયંત્રણ માટે બીજને થાયરમ ૨ ગ્રામ + કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ/ કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવી અથવા જૈવિક નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા વીરીડી ૪ ગ્રામ અને કાર્બોક્ષીન ૧ ગ્રામ પ્રતિ ૧ કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવી અથવા ટાલ્ક આધારિત ટ્રાઈકોડર્મા વીરીડી અથવા ટ્રાઈકોડર્મા હરજીએનમ-૧% વે.પા.ની ૫૦ ગ્રામ બનાવટને ૨૫૦ મિ.લિ. પાણીમાં પ્રતિ કિલો બીજ પ્રમાણે ભેળવી ૧૦ કલાક બોળી છાંયડામા સુકવી વાવણી માટે ઉપયોગમાં લેવા.ચણાના પાકમાં લીલી ઈયળના નિયંત્રણ માટે ધાણા, રાઈ જેવા આંતર પાક તરીકે વાવેતર કરવું.ખેતરની ફરતે તેમજ પાકની વચ્ચે પિંજર પાક તરીકે ગલગોટાનું વાવેતર કરવું.ખેતરના શેઢા-પાળાના નિંદણનો નાશ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા પેકેટ ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને અનુસરવા જણાવવામાં આવે છે.આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક વિસ્તરણ અધિકારી,ખેતી અધિકારી,તાલુકા અમલીકરણ અધિકારી,મદદનીશ ખેતી નિયામક,જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(વિસ્તરણ),નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવો, તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# કુતિયાણાના ધારાસભ્યએ વારોતરીયા પરિવારના રણખાંભી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં આપી ખાસ હાજરી



સમસ્ત વારોતરીયા પરિવાર દ્વારા આયોજીત સુરાપુરા શ્રી કારૂડાડા વારોતરીયા, રણખાંભી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં કુતિયાણાના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.તેની તસ્વીર(તસ્વીરઃજીજ્ઞેશ પોપટ)

# પોરબંદરના અખંડ રામધુન મંદિરે તુલસી વિવાહની થઈ ભવ્ય ઉજવણી



પોરબંદરમાં પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત અખંડ રામધુન મંદિરમાં દેવદિવાળીના પાવન પર્વ પર તુલસી વિવાહ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો, મેનેજિંગ ટ્રસ્ટી કેયુરભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ પ્રેમ પરિવારના ભીખુભાઈ પોપટ,નિમેષભાઈ કોટેચા,દિલીપભાઈ માંડવીયા,માધાભાઈ તેમજ જશુબેન,લક્ષ્મીબેન,લીનાબેન, નીમુબેન વગેરે સભ્યોની જહેમત અને સાથ સહકારથી શાલીગ્રામ અને તુલસીજીના સુંદર તુલસી વિવાહના દિવ્ય દર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને ઉત્સાહપુર્વક ઉજવણી કરવામાં આવી હતી,જેનો અસંખ્ય ભાવિકોએ લાભ લઈ ધન્યતાની લાગણી અનુભવી હતી.તસ્વીર(તસ્વીરઃજીજ્ઞેશ પોપટ)

# પોરબંદરમાં હેપ્પીનેસ માટેનો પ્રોગ્રામ યોજાશે

## આર્ટ ઓફ લિવિંગ દ્વારા થયું આયોજન

આજકાલ પ્રતિનિધી

પોરબંદર

પોરબંદરમાં હેપ્પીનેસ પ્રોગ્રામ યોજાશે.

પોરબંદરમાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા હેપ્પીનેસ પ્રોગ્રામનું તા.૧૪.૧૧.૨૦૨૪ થી તા.૧૬.૧૧.૨૦૨૪ સવારે ૬:૩૦ થી ૯:૦૦ અને તા.૧૭.૧૧.૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૭:૦૦ થી ૧૨:૦૦ પોરબંદરમાં જુની કોર્ટની પાછળ ગોપનાથ મંદિર હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ કોર્ષમાં હળવા યોગાસનો, ધ્યાન, પ્રાણાયામ, સુદર્શનક્રિયા (વિશ્વ પ્રસિદ્ધ શ્વાસની વિશિષ્ટ પ્રક્રિયા), જીવન ઉપયોગી જ્ઞાનની ચાવીઓની તાલીમ આપવામાં આવશે. આ કોષની તાલીમથી નકારાત્મક ભાવો જેવા કે ડર,ભય, ચિંતાથી મુક્તિ, તનાવ ક્રોધ દુર થવો, અનિંદ્રા વિચાર વાયુથી રાહત મળશે.

વધુ માહિતી માટે મો. નં.૮૨૬૪૯૯૯૧૨૪, ૯૦૨૩૩૧૪૨૭૭, ૯૮૭૯૦૩૩૦૭૭, ૯૪૨૭૧૦૪૭૪૦ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે.

# માઉન્ટ એવરેસ્ટની સફર અને પગપાળા વર્લ્ડ ટુર કરનારા બન્યા પોરબંદરના મહેમાન



પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયાએ માઉન્ટ એવરેસ્ટની સફર અને પગપાળા વર્લ્ડ ટુર કરનારા અવેધ બિહારીલાલ, જિતેન્દ્ર પ્રતાપ, મહેન્દ્ર પ્રતાપ અને ગોવિંદાનંદ પોરબંદરના મહેમાન બનતા તેમની સાથે મુલાકાત કરી, તેમના અનુભવો જાણી શુભેચ્છા પાઠવી હતી.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# શહીદચોકમાં યુવાનને છરીનો ઘા ઝીંકી દેવાયો

## વિના કારણે ગાળો બોલનાર શખ્શને સમજાવવા જતા બન્યો બનાવ

આજકાલ પ્રતિનિધિ-પોરબંદર

પોરબંદરના શહીદચોકમાં યુવાનને છરીનો ઘા ઝીંકી દેવાતા પોલીસ ફરિયાદ દાખલ થઈ છે.પોરબંદરના નવા પાડા શહીદચોકમાં રહેતા ધનસુખ કાનજીભાઈ વાંદરીયા નામના યુવાને એવી પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તે તેના મિત્રો ઉમેશ અને અશોક સાથે નવાપાડા પોલીસ ચોકીના ઓટલા ઉપર બેઠા હતા ત્યારે ધનજી નામનો ઈસમ છરી લઈને નીકળ્યો હતો અને ગાળો બોલતો હતો.રસ્તા પરથી જે લોકો નીકળે તેને ગાળો આપતા આ શખ્શને ધનસુખભાઈ વાંદરીયા સમજાવવા જતા ધનજીએ તેને છરીનો ઘા ઝીંકી દીધો હતો અને 'પોલીસ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ'ની ધમકી પણ આપી હતી. ઘવાયેલ ધનસુખને તેના ભાણેજ ભાવેશે મોટરસાયકલમાં બેસાડીને સારવાર માટે ભાવસિંહજી હોસ્પિટલે પહોંચાડયો છે અને ત્યાંથી તેણે ગુન્હો દાખલ કરાવ્યો છે.

# મહત્તમ તાપમાનના મામલે દેશમાં રાજકોટ નંબર વન

## દક્ષિણના રાજ્યોમાં વરસાદ ચાલુઃ જમ્મુ કાશ્મીરમાં કાલથી વરસાદની આગાહીઃ અરબી સમુદ્રની સિસ્ટમના કારણે કોકણ, ગોવા અને મહારાષ્ટ્રમાં શુક્રવારે વરસાદની ચેતવણી

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

છેલ્લા બે દિવસ સૌરાષ્ટ્ર સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયા પછી આજે તે સિલસિલો અટક્યો છે.

મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાનમાં ખાસ ફેરફાર થયો નથી. તો અમુક શહેરોમાં સામાન્યથી એકાદ ડિગ્રી જેટલો વધારો થયો છે. આવતીકાલે હિમાલયન રીજીયનને અસર કરે એવું એક પ્રભાવશાળી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થઈ રહ્યું હોવાથી જમ્મુ કશ્મીર અને હિમાલયન રીજીયનમાં બરફ વરસાદ તથા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિસ્ટમ પછી જો પવનની દિશા ગુજરાત તરફની હશે તો ઠંડીના પ્રમાણમાં વધારો થશે.

હિમાલયન રિજિયનમાં આવતીકાલે ઉભા થનારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ની અસર અત્યારથી જ દેખાવા મંડી છે.

દિલ્હી, જમ્મુ પંજાબ હરિયાણા સહિતના રાજ્યોમાં આજે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. આવતીકાલથી તારીખ ૧૫ સુધી જમ્મુ કાશ્મીર અને હિમાલયન રિજિયનમાં તોફાની પવન અને મેઘ ગર્જના સાથે વરસાદ અને હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે.

આજે ભુજમાં ૨૧.૬ નલિયામાં ૧૯.૨ અમરેલીમાં ૧૭.૬ ભાવનગરમાં ૨૧ દ્વારકામાં ૨૪ ચોખામાં ૨૬ પોરબંદરમાં ૧૯ રાજકોટમાં ૧૯.૨ અને વેરાવળમાં ૨૩.૩ ડિગ્રી મહત્તમ તાપમાન રહ્યું હતું.

આ ઉપરાંત અમદાવાદમાં ૧૯.૫ ડીસામાં ૧૯.૩ ગાંધીનગરમાં ૧૯.૬ વડોદરામાં ૧૯ ડિગ્રી લઘુતમ તાપમાન આજે નોંધાયું છે અનેક શહેરોમાં ૨૦ ડિગ્રી નીચે લઘુતમ તાપમાન રહ્યું છે. પરંતુ મહત્તમ તાપમાનના મામલે ખાસ ઘટાડો થતો ન હોવાથી આખો દિવસ ગરમી રહે છે. ગઈકાલે પણ સમગ્ર દેશમાં સૌથી ઊંચું તાપમાન રાજકોટમાં ૩૭ ડીગ્રી નોંધાયું હતું.

બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશરની અસરના કારણે કર્ણાટક આંધ્ર પ્રદેશ તામિલનાડુ કેરલ સહિતના દક્ષિણના રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આજે સવારે અરબી સમુદ્રમાં સાયકલોનિક સર્કયુલેશન જોવા મળ્યું છે.

આ સિસ્ટમના કારણે કેરળને વધુ અસર પડશે પરંતુ તેની અસરના ભાગરૂપે તારીખ ૧૫ ના રોજ કોકણ ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં વરસાદની શક્યતા ઊભી થઈ છે.

# એલએસી પર પેટ્રોલિંગનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ ભારત-ચીન કરાર બાદ શરૂ થયું હતું પેટ્રોલિંગ

## તણાવ ઘટાડવાની દિશામાં એક સકારાત્મક પગલું: અઠવાડિયામાં એક વખત સંકલિત પેટ્રોલિંગ કરવા પર સંમતિ થઈ હતી: બંને પક્ષો નિયમિત અંતરાલે ગ્રાઉન્ડ લેવલ પર ચર્ચા કરવાનું ચાલુ રાખશે

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

વાસ્તવિક નિયંત્રણ રેખા સાથે ડેમચોક અને ડેપસાંગ વિસ્તારોમાં ભારત અને ચીન વચ્ચે કરાર થયા બાદ સંયુક્ત પેટ્રોલિંગનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયો છે. કરાર મુજબ, અઠવાડિયામાં એક વખત સંકલિત પેટ્રોલિંગ કરવા પર સંમતિ થઈ હતી અને આ વિસ્તારોમાંથી સૈનાને પાછી બોલાવી લેવામાં આવી છે.



તાજેતરના કરાર મુજબ, દરેક પક્ષ અઠવાડિયામાં એકવાર બંને વિસ્તારોમાં પેટ્રોલિંગ કરશે. ભારતીય અને ચીની સૈનિકો દરેક વિસ્તારમાં સાપ્તાહિક પેટ્રોલિંગ કરશે. જે બંને દેશો વચ્ચે ડી-એસ્કેલેશન પ્રયાસો અને વિશ્વાસ-નિર્માણના પગલાંને સમર્થન આપે તેવી અપેક્ષા છે. રાજકીય, રાજદ્વારી અને સૈન્ય સ્તરે વાટાઘાટોના ઘણા રાઉન્ડ પછી સૈનિકોને પાછા બોલાવવા અને સંકલિત પેટ્રોલિંગ માટે સમજૂતી થઈ છે. પરિસ્થિતિની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે બંને પક્ષો નિયમિત અંતરાલ પર ગ્રાઉન્ડ લેવલ પર ચર્ચા કરવાનું ચાલુ રાખશે.

સંમત થયા મુજબ પાછા હટવાની પ્રક્રિયાની પુષ્ટિ કરવા માટે બંને પક્ષો દ્વારા ચકાસણી પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે, જે વિસ્તારમાં તણાવ ઘટાડવાની દિશામાં એક સકારાત્મક પગલું છે. પૂર્વી લદ્દાખમાં ભારત અને ચીન વચ્ચે ચાર વર્ષના મડાગાંઠ પછી આ વિકાસ થયો છે, જે જૂન ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં હિંસક અથડામણથી શરૂ થયો હતો, જેના કારણે લશ્કરી તણાવ વધ્યો હતો. ભારતે ૨૧ ઓક્ટોબરે જાહેરાત કરી હતી કે તે એલએસી પર પેટ્રોલિંગ કરવા અંગે ચીન સાથે સમજૂતી પર પહોંચી ગયું છે, જે જૂન ૨૦૨૦ માં ગાલવાન ખાતે બંને દેશો વચ્ચે ફાટી નીકળેલા ચાર વર્ષથી વધુના સૈન્ય અવરોધનો અંત આવ્યો હતો. તે સૈનિકો વચ્ચે ઘાતક અથડામણ પછી શરૂ થયો હતો.

# એમેઝોનના કર્મચારીઓનો અંગત ડેટા હેક ઈમેલ, ફોન નંબર, સરનામું બધું જ લીક

## વિશ્વની અગ્રણી ઈ-કોમર્સ કંપનીને પણ સહેવા પડ્યા ડામ, એમેઝોન વેબ સર્વિસને કે તેની મુખ્ય સિસ્ટમને કોઈ અસર ન થઈ હોવાનો દાવો

**આજકાલ પ્રતિનિધિ**
**વોશીંગ્ટન**

એમેઝોનના કેટલાક કર્મચારીઓનો ડેટા ખોટા હાથમાં ચાલ્યો ગયો છે. આ હુમલો થર્ડ પાર્ટી વેન્ડર પર થયો છે. આ હુમલો મુવ ઈટ ટ્રાન્સફર સાથે સંબંધિત છે, જેણે ગયા વર્ષે પણ ઘણી સંસ્થાઓને તેનો શિકાર બનાવી હતી. વિશ્વની અગ્રણી ઈ-કોમર્સ કંપની એમેઝોનએ એક મોટો ખુલાસો કર્યો છે.અને કહ્યું છે કે તેના કેટલાક કર્મચારીઓનો ડેટા ખોટા હાથમાં ગયો છે.

અહેવાલો અનુસાર, આ હુમલો થર્ડ પાર્ટી વેન્ડર પર થયો હતો. આ હુમલાને કારણે કર્મચારીઓની કોન્ટ્રાક્ટની માહિતી જેમ કે તેમના ઈમેલ, ફોન નંબર, બિલ્ડિંગ લોકેશન વગેરે લીક થઈ ગઈ હતી. જોકે, કંપનીએ કહ્યું છે કે આ હુમલામાં એમેઝોન વેબ સર્વિસને કે તેની મુખ્ય સિસ્ટમને કોઈ અસર થઈ નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ હુમલો મુવ ઈટ ટ્રાન્સફર સાથે સંબંધિત છે, જેણે ગયા વર્ષે પણ વિશ્વની ઘણી સંસ્થાઓને પોતાની શિકાર બનાવી હતી.

વાસ્તવમાં, આ એક પ્રકારની ઘુસણખોરી છે, જેણે વિશ્વભરની કંપનીઓમાં ઘૂસી ને મહત્વપૂર્ણ ડેટા મેળવ્યો. આ પ્રકારની નબળાઈ ફાઈલ ટ્રાન્સફર દ્વારા કંપનીઓના સર્વર પર પ્રસારિત થાય છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નેમ ઉએલ ઉએસએસ નામના કથિત હેકિંગ ગ્રુપે ચોરીનો ડેટા લીક કર્યો હતો. અહી જણાવી દઈએ કે એમેઝોન આવી ડેટા ટ્રાન્સફરનો ભોગ બનનાર પ્રથમ કંપની નથી. આ પહેલા એચપી અને એચએસબીસી જેવી કંપનીઓ પણ તેનો શિકાર બની ચુકી છે.

આ મામલે એમેઝોનના પ્રવક્તા એડમ મોન્ટગોમેરીએ કહ્યું છે કે આ હુમલાને કારણે એમેઝોનની મુખ્ય સિસ્ટમ્સ જેમ કે એમેઝોન અને એમેઝોન વેબ સર્વિસ સિસ્ટમ પર કોઈ અસર થઈ નથી. કંપનીના જણાવ્યા અનુસાર, માત્ર કંપનીના કર્મચારીઓનો ડેટા - જેમ કે ઓફિસ ઈમેલ, ડેસ્ક ફોન નંબર અને બિલ્ડિંગ એડ્રેસ - લીક કરવામાં આવ્યો છે. જોકે, કંપનીએ હજુ સુધી તેના કેટલા કર્મચારીઓનો ડેટા લીક થયો છે તેનો ખુલાસો કર્યો નથી.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનવામાં શિયા-સુન્ની રમખાણોમાં ૪૬ મોત

## ૧૪ વર્ષથી ચાલી રહેલા સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૨૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે

**આજકાલ પ્રતિનિધિ**
**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે આવેલા સુંદર ખીણો ભરેલા પ્રદેશ ખૈબર પખ્તુનવામાં છેલ્લા કેટલાએ મહિનાઓથી શિયા-સુન્ની સંઘર્ષ ચાલી રહ્યો છે. તેમાં છેલ્લા કેટલાક સપ્તાહોથી તો તે ચરમસીમાએ પહોંચ્યો છે. હજી સુધીમાં ત્યાં ૪૬નાં મૃત્યુ નોંધાયા છે. પરંતુ મૃત્યુ પામેલાઓની સંખ્યા હજી સ્પષ્ટતઃ જાણી શકાઈ નથી. આથી સ્થાનિક તંત્રે મુસાફરી ઉપર જ પ્રતિબંધ મુકતાં મુખ્ય માર્ગો બંધ કર્યા છે. આમ છતાં શિયા-સુન્ની એક બીજા ઉપર હુમલા કરી રહ્યા છે.



૧૨ ઓકટોબરે થયેલા એક સંઘર્ષમાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. સ્થાનિક શાંતિ સમિતિના સભ્ય અને જન-જાતીય વડીલોની જિરગા (સમિતિ)ના સભ્ય મહમૂદ અલી જાને કહ્યું હતું કે, છેલ્લા કેટલા મહિનાઓથી અહીં લોકો કાફલામાં જ મુસાફરી કરી શકે છે. ગત સપ્તાહે હજ્જારો લોકો કુર્રમ જિલ્લાના મુખ્ય મથક પરાચિનરમાં એક શાંતિ માર્ચ કાઢી હતી. તેમણે આ વિસ્તારમાં રહેતા ૮ લાખ લોકોની સુરક્ષા માટે સરકાર સમક્ષ માગણી કરી હતી. આ નિવાસીઓમાં ૪૫ ટકાથી વધુ શિયા-પંથીઓ છે.વાસ્તવમાં ૨૦૦૭ થી ૨૦૧૧ દરમિયાન આ સંઘર્ષમાં ૨૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. તેટલું જ નહીં પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં અફઘાનિસ્તાનના ખોસી પકિનય અને નંગરહાર પ્રાંતોના આ પર્વતીય પ્રદેશમાં તહેરિક-એ-તાલિબાન- એ- પાકિસ્તાન (ટીટીપી) અને ઈસ્લામિક - સ્ટેટ ઓફ ઈરાક એન્ડ લેવેન્ટ (આઈએસઆઈએલ) જેવા સશસ્ત્ર સમુહો સક્રિય રહ્યાં છે. તેઓ શિયા પંથીઓને નિશાન બનાવે છે.

ગત જુલાઈમાં ત્યાં હિંસા ભડકી ઊઠી હતી તે પછી ૨ ઓગસ્ટે, આંતરજાતીય સંઘર્ષ વિરામ પર બંને પક્ષોએ હસ્તાક્ષર પણ કર્યા હતા છતાં સપ્ટેમ્બરમાં ફરી હિંસા ભડકી ઉઠી તેમાં ૨૫ લોકોના મોત થયા.

# વારાણસીમાં દેવદિવાળીએ તમામ ૮૪ ઘાટ દીવાઓથી ઝગમગી ઉઠશે

## આધ્યાત્મિકતા અને દેશભક્તિને સમર્પિત તહેવારની ઉજવણીની તૈયારીઓ પૂર્ણતાને આરે, ૮ લાખથી વધુ ભક્તો ઉમટે તેવી શક્યતા

**આજકાલ પ્રતિનિધિ-કાશી**

વારાણસીની વિશ્વ પ્રસિદ્ધ દેવ દિવાળી ૧૫ નવેમ્બરે ઉજવવામાં આવશે, આ વખતની દેવ દિવાળી ખાસ હશે અને વારાણસીના તમામ ૮૪ ઘાટ દીવાથી ઝગમગશે આ દેવ દિવાળી પર ધર્મ અને આધ્યાત્મિકતાની સાથે દેશભક્તિની ઝલક પણ જોવા મળશે આ અંગેની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોચી ચુકી છે.આ વખતે મોસન સાનુકુળ હોવાથી દેશભરમાંથી ૮ લાખથી વધુ ભક્તો અહી ઉમટે તેવી શક્યતાને ધ્યાને લઈ તૈયારીઓ કરવામાં આવી છે. એવી માન્યતા છે કે જ્યારે દેવતાઓ ત્રિપુરાસુરના જુલમમાંથી મુક્ત થયા હતા, ત્યારે તેઓ ભગવાન શિવની નગરી કાશીમાં આવ્યા હતા અને પ્રકાશનો તહેવાર ઉજવ્યો હતો અને ત્યારથી કાશીમાં દેવ દીપાવલી ઉજવવામાં આવે છે. આ વખતે કાશીની દેવ દિવાળી ૧૫ નવેમ્બરે મનાવવામાં આવશે. દશાસ્વમેધ ઘાટની વિશ્વ પ્રસિદ્ધ ગંગા આરતીના આયોજક સુશાંત મિશ્રાએ વાતચીતમાં મહત્વપૂર્ણ માહિતી આપી છે.સુશાંત મિશ્રાએ જણાવ્યું હતું કે લાઈટના આ ભવ્ય ઉત્સવને જોવા માટે લોકો દૂર દૂરથી આવે છે અને તેની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. ઘાટો પર દીવા પ્રગટાવવામાં આવશે. કારગીલ વિજય દિવસના ૨૫ વર્ષ પૂરા થવાના અવસર પર આ વખતે દેવ દિવાળીને શૌર્યની રજત જયંતિ તરીકે ઉજવવામાં આવશે. આ ઉપરાંત સુરક્ષાના દૃષ્ટિકોણથી નિર્ધારિત ઘાટ પર સીસીટીવી કેમેરાની સંખ્યા વધારીને ૨૦ કરવામાં આવી છે અને આ દિવસે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે.

### કારગીલ વિજય દિવસની રજત જયંતીને સમર્પિત હશે ઉજવણી



**સુશાંત મિશ્રાએ દેવ દિવાળી ઈવેન્ટ વિશે જણાવ્યું કે ૧૫ નવેમ્બરે ૨૧ બ્રાહ્મણો વૈદિક વિધિ મુજબ દેવી ભગવતીની પૂજા કરશે. આ પછી, મા ભગવતીની ભવ્ય મહા આરતી રામજનમ યોગી દ્વારા શંખ નાદ, દુર્ગા ચરણ અને ૪૨ છોકરીઓ જે રિદ્ધિ સિદ્ધિના રૂપમાં બ્રાહ્મણો સાથે હશે અથવા વિશ્વનાથજીના ડમરુ દળના ૧૦ સ્વયંસેવકો દ્વારા શરૂ થશે. આ વર્ષે કારગીલ વિજય દિવસના ૨૫ વર્ષ પૂરા થવાના અવસરે ૧૫મી નવેમ્બરે દેવ દિવાળીનો પ્રસંગ પણ બહાદુરીની રજત જયંતિ તરીકે ઉજવવામાં આવશે. આ દરમિયાન વારાણસીના તમામ ૮૪ ઘાટોને દીવાઓથી શણગારવામાં આવશે.**

### હોટેલ અને બોટનું બમ્પર બુકિંગ થયું

**દેવ દિવાળીના અવસર પર કાશીમાં હોટલ અને બોટનું બમ્પર બુકિંગ મહિનાઓ અગાઉથી થઈ રહ્યું છે. કાશીની દેવ દિવાળી નિહાળવા આસપાસના જિલ્લાઓ તેમજ અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો કાશીના ઘાટ પર પહોંચે છે અને હોડીમાં બેસીને આવે છે. દેવ દિવાળીના અવસર પર લાખો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ કાશી પહોંચે છે. આ વખતે પણ એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે દેવ દિવાળીના અવસર પર કાશીમાં પ્રવાસીઓની સંખ્યા ૮ લાખને વટાવી શકે છે.**

# હવે ઈન્ડિગો આપશે બિઝનેસ ક્લાસની સુવિધા

## દિલ્હી-મુંબઈ રૂટ પરના પ્લેનમાં ૧૨ સીટ ઓફર કરાશે, એર ઈન્ડિયા અને વિસ્તારાના મર્જર બાદ આ 'બિઝનેસ ક્લાસ રન' એવિએશન સેકટરમાં સ્પર્ધા વધશે

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ઈન્ડિગો એરલાઈન્સ આવતીકાલ ૧૪ નવેમ્બરથી દિલ્હી-મુંબઈ રૂટ પર બિઝનેસ ક્લાસ સર્વિસ શરૂ કરવા જઈ રહ્યું છે . ઈન્ડિગોની આ સર્વિસ શરૂઆતમાં ૧૨ સીટ સાથે હશે. એર ઈન્ડિયા અને વિસ્તારાના મર્જર બાદ ઈન્ડિગોના આ પગલાથી એવિએશન સેકટરમાં સ્પર્ધા વધશે. ઈન્ડિગો તેના બિઝનેસ ક્લાસના મુસાફરોને આરામદાયક બેઠકો અને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડશે.



વિસ્તારા એરલાઈન્સના એર ઈન્ડિયા સાથે મર્જર બાદ દેશના એવિએશન સેક્ટરમાં નવી રેસ શરૂ થવા જઈ રહી છે. આ 'બિઝનેસ ક્લાસ રન' છે. ૧૪ નવેમ્બરથી શરૂ કરીને, દેશની સૌથી મોટી બજેટ એરલાઇન ઈન્ડિગો તેની દિલ્હી-મુંબઈ રૂટની ફ્લાઈટ્સ પર ૧૨ બિઝનેસ ક્લાસ સીટ ઓફર કરી રહી છે. અત્યાર સુધી, દેશમાં સૌથી મોટો બિઝનેસ ક્લાસ બિઝનેસ એર ઈન્ડિયા સાથે હતો અને મર્જર પહેલાં વિસ્તારા. જેમાં ઈન્ડિગો હવે ડંકો વગાડવા મેદાનમાં ઉતરી છે.

ઈન્ડિગોના એમડી રાહુલ ભાટિયા અને સીઈઓ પીટર એલ્બર્સે ૫ ઓગસ્ટે એરલાઈનની ૧૮મી વર્ષગાંઠ પર આની જાહેરાત કરી હતી. હવે આ જાહેરાતનો અમલ કરવાનો સમય આવી ગયો છે. જે ૧૪મી નવેમ્બરથી શરૂ થઈ રહી છે. આ સાથે, દેશમાં બિઝનેસ ક્લાસના મુસાફરોને તેમની સંબંધિત ફ્લાઈટ્સ તરફ આકર્ષવા માટે એક નવું યુદ્ધ શરૂ થશે. ઈન્ડિગોએ એ પણ જાહેરાત કરી હતી કે તેમના બિઝનેસ ક્લાસમાં મુસાફરોને વિશ્વ કક્ષાની આરામદાયક બેઠકો અને સુવિધાઓ મળશે. જેમાં વધારાનો સામાન લઈ જવાની સાથે ભાડું પણ વધારે નહીં હોય. ઈન્ડિગોએ દિલ્હી-મુંબઈ રૂટ પર ૧૮૦૧૮ રૂપિયાથી બિઝનેસ ક્લાસની મુસાફરી શરૂ કરી છે. જ્યારે આ રૂટ પર અન્ય એરલાઈન્સના બિઝનેસ ક્લાસનું ભાડું આના કરતા ઘણું વધારે છે.

હાલમાં, ઈન્ડિગો તેના ૨૨૦-સીટ -૩૨૧ નીઓ એરક્રાફ્ટમાં ૧૨ બિઝનેસ ક્લાસ સીટો સાથે શરૂઆત કરી રહી છે. બાકીની ૨૦૮ બેઠકો ઈકોનોમી ક્લાસની હશે. પરંતુ આવનારા સમયમાં ઈન્ડિગો દેશના તમામ બિઝનેસ એર રૂટ પર તેના એરક્રાફ્ટમાં બિઝનેસ ક્લાસ સર્વિસ આપવાનું શરૂ કરવાની યોજના ધરાવે છે. અત્યાર સુધી ઈન્ડિગો માત્ર ઈકોનોમી ક્લાસ માટે જાણીતી હતી. આ પ્રથમ વખત હશે જ્યારે ઈન્ડિગોએ બિઝનેસ ક્લાસમાં પણ પોતાનો હાથ અજમાવ્યો હોય.

**આવતા વર્ષે મુસાફરોને વધુ એક મોટી ભેટ મળશે**

દિલ્હી-મુંબઈ રૂટ પર પણ ઈન્ડિગો આવતા વર્ષે જાન્યુઆરી સુધીમાં તેના તમામ એરક્રાફ્ટમાં બિઝનેસ ક્લાસ સર્વિસ પૂરી પાડવાનું શરૂ કરશે. આ પછી, માર્ચ ૨૦૨૫ ના અંત સુધીમાં બેંગલુરુ અને ચેન્નાઈના હવાઈ માર્ગો પર આ સેવા શરૂ કરવાની યોજના છે. ઈન્ડિગો મે ૨૦૨૬ સુધી તેના કાફલાના તમામ એરક્રાફ્ટમાં બિઝનેસ ક્લાસ સર્વિસ આપવાનું આયોજન કરી રહી છે. સૂત્રોનું કહેવું છે કે એર ઈન્ડિયા સાથે વિસ્તારાના મર્જર બાદ ઈન્ડિગો માટે પણ એક મોટો પડકાર હશે. કારણ કે, એર ઈન્ડિયા પહેલા કરતા વધુ એરક્રાફ્ટ સાથે મુસાફરોને બિઝનેસ ક્લાસની સેવા પૂરી પાડી શકશે.

# ઉ.કોરિયા - રશિયાએ સંરક્ષણ કરારો કરતા પશ્ચિમના દેશોમાં ચિંતાનું મોજું

## કોમ્પ્રીહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' તરીકે ઓળખનારી આ સંધિ મુજબ એક દેશ પર આક્રમણ થાય તો બીજા દેશે તરત મદદે જવું

**આજકાલ પ્રતિનિધિ**
**મોસ્કો**

ઉ.કોરિયાએ રશિયા સાથે રશિયા સાથે વિધિવત્ સંરક્ષણ કરારો કર્યા છે. આ માહિતી આપતાં દ.કોરિયા, અમેરિકા અને યુક્રેનનાં જાસૂસી તંત્રો જણાવે છે કે, ઉત્તર કોરિયાએ યુક્રેન સામે લડવા માટે ૧૨૦૦૦ સૈનિકો (એક બ્રિગેડ) રવાના કર્યા છે. ઉપરાંત આર્ટીલરી મિસાઈલ્સ અને પરંપરાગત શસ્ત્રોમાં ૧૩ હજાર કેન્ટેનર્સ રશિયા રવાના કર્યા છે.

ઉક્ત ત્રણે દેશોના જાસૂસી સુત્રોએ જણાવ્યું હતું કે વાસ્તવમાં પ્રેસિડેન્ટ પુતિન અને પ્રેસિડેન્ટ કીમ જોંગ-ઉન વચ્ચે આ કરારો જૂન મહિનામાં થયા હતા. તેની માહિતી રહી રહીને મળી છે. સુત્રો જણાવે છે કે, શીત-યુદ્ધ પછીની આ સૌથી મોટી સંરક્ષણ સંધિ છે. 'કોમ્પ્રીહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ' તરીકે ઓળખનારી આ સંધિ ઉપર ગઈકાલે આખરી સહિ સિક્કા થઈ ગયા હતા. તે પ્રમાણે એક દેશ ઉપર આક્રમણ થાય તો બીજા દેશે તુર્ત જ તેની સહાયે પહોંચી જવું જોઈએ. આ સંધિ ઉ.કોરિયાની રબ્બર સ્ટેમ્પ સંસદ સુપ્રીમ પીપલ્સ એસેમ્બલીએ પસાર કરી દીધી છે. તેમ દક્ષિણ કોરિયાની 'યુનિફિકેશન મિનિસ્ટ્રી'એ જણાવ્યું છે. આ સાથે તેવું પણ જાણવા મળ્યું છે કે યુક્રેન યુદ્ધમાં ઉત્તર કોરિયા પણ ટૂંક સમયમાં જોડાશે. અમેરિકા, દ.કોરિયા અને યુક્રેનનાં જાસૂસી તંત્રોને જાણવા મળ્યું છે કે ઉત્તર કોરિયાના સૈનિકો, રશિયાના સૈનિકોનો જ ગણવેશ પહેરી કુર્કસ વિસ્તારમાં થઈ રહેલાં આક્રમણમાં જોડાયા છે. પશ્ચિમ અને તેના સાથી દેશો વિચારે છે કે ઉત્તર કોરિયાને આ સહાયના બદલામાં રશિયા શું આપી શકે તે વિચારવા જેવું છે. સૌથી વધુ ચિંતાજનક બાબત તે છે કે રશિયા ઉત્તર કોરિયા અત્યારે જ આગળ વધી રહેલા ન્યુક્લિયર અને મિસાઈલ્સ કાર્યક્રમને વધુ પ્રબળ અને વધુ ઝડપી બનાવવામાં સંપૂર્ણ સહાય કરશે. તેવી જ રીતે રશિયા તેના અન્ય બિરિયાના તેલ અને ગેસ ઉ.કોરિયાને આપી શકશે. અમેરિકા અને તેના સભ્ય દેશો હવે તે ચિંતામાં પડી ગયા છે કે ચીન, ઉત્તર કોરિયા, રશિયા અને ઈરાન એક ધરી રચી દેશે તો દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે જર્મની, ઈટાલી અને જાપાનની જેમ ધરી રચાઈ જશે. વિશ્વ બે ભાગમાં વહેંચાઈ જશે ફરી શીતયુદ્ધ સમયની સ્થિતિ ઉપસ્થિત થશે.



# શેરબજારમાં માતમ પણ બીએસઈ તો જંગી નફાથી માલામાલ જ થઈ

## બીએસઈ લિમિટેડનો ચોખ્ખો નફો ત્રણ ગણો વધીને રૂા. ૩૪૬ કરોડ થયો

**આજકાલ પ્રતિનિધિ**
**મુંબઈ**

શેરબજારોમાં સમયાંતરે રાહતની ઝલક જોવા મળી રહી હોવા છતાં પણ તેઓને ભારે નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. બીએસઈનો ૩૦ કંપનીઓનો ઈન્ડેક્સ સેન્સેક્સ ગઈકાલે પણ ૮૦૦ પોઈન્ટથી વધુ ઘટીને બંધ રહ્યો હતો. પરંતુ ગઈકાલે મોડી સાંજે બીએસઈ લિમિટેડે તેના જંગી નફાની જાહેરાત કરી હતી. મહત્વનું છે કે, દેશના શેરબજારોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી શોકનું વાતાવરણ છે. ઘણા લોકોનો આખો પોર્ટફોલિયો લાલ થઈ ગયો છે. પરંતુ આ સમયગાળા દરમિયાન પણ એશિયાના સૌથી જૂના શેરબજાર 'બોમ્બે સ્ટોક એક્સચેન્જ' ચલાવતી કંપની બીએસઈ લિમિટેડનો નફો જબરદસ્ત રહ્યો છે.

અગ્રણી સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમિટેડનો ચોખ્ખો નફો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ત્રણ ગણો વધીને રૂ. ૩૪૬ કરોડ થયો છે. ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં કંપનીને માત્ર રૂ. ૧૧૮ કરોડનો નફો થયો હતો. બીએસઈ લિમિટેડે એ પણ માહિતી આપી હતી કે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેની કુલ આવક પણ બમણી થઈ ગઈ છે. આ રૂ. ૮૧૯ કરોડ હતો જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૩૬૭ કરોડ હતો.

બીએસઈ લિમિટેડના સીઈઓ સુંદરરામન રામામૂર્તિ કહે છે કે, કંપનીએ એપ્રિલ-સપ્ટેમ્બર અર્ધ વર્ષમાં કુલ રૂ. ૧,૪૯૩ કરોડની આવક કરી છે. આ સમયગાળા દરમિયાન તેનો નફો ૬૧૦ કરોડ રૂપિયા રહ્યો છે. આ તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ અર્ધવાર્ષિક પરિણામ છે.

બીએસઈ લિમિટેડે એમ પણ જણાવ્યું હતું કે, વર્તમાન નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેના પ્લેટફોર્મ પર ઈક્વિટી કેશ કેટેગરીમાં દરરોજ સરેરાશ રૂ. ૯,૭૬૮ કરોડનો વેપાર થતો હતો. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૫,૯૨૨ કરોડ કરતાં આ ઘણી સારી સ્થિતિ છે. જ્યારે ઈક્વિટી ડેરિવેટિવ્ઝ કેટેગરીમાં તેનો દૈનિક પ્રીમિયમ સરેરાશ બિઝનેસ રૂ. ૮,૨૦૩ કરોડ રહ્યો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં આ આંકડો રૂ. ૭૬૮ કરોડ હતો. બીએસઈની સ્થાપના ૧૮૭૫માં થઈ હતી. તે એશિયાનું સૌથી જૂનું સ્ટોક એક્સચેન્જ છે અને આજે માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું સ્ટોક એક્સચેન્જ છે.

# ૧૧ રાજયોની ૩૩ વિધાનસભા બેઠકો પર આજે પેટાચૂંટણી

## બિહાર, બંગાળ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આસામ સહિતના રાજયોમાં પેટાચૂંટણી: વાયનાડમાં પ્રિયંકા અને નવ્યા હરિદાસ વચ્ચે જંગ

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

બિહાર, બંગાળ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આસામ સહિત દેશના ૧૧ રાજ્યોની ૩૩ વિધાનસભા બેઠકો પર આજે મતદાન થઈ રહ્યું છે. કેરળમાં વાયનાડ લોકસભા સીટ અને ચેલાક્કારા વિધાનસભા સીટ પર પણ પેટાચૂંટણી યોજાઈ રહી છે. બંને બેઠકો માટે આજે મતદાન થઈ રહ્યું છે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેઓ ભાજપના ઉમેદવાર નવ્યા હરિદાસ સામે ચૂંટણી લડી રહ્યા છે. મતદાનની શરૂઆત પહેલા તેમણે કહ્યું કે વાયનાડના લોકોને એવા વ્યક્તિની જરૂર છે. જે તેમની સાથે પાયાના સ્તરે કામ કરી શકે અને જે સંસદમાં તેમના મુદ્દા ઉઠાવી શકે અને ઉકેલ શોધી શકે. આ વખતે કોંગ્રેસ કિટ, પૈસા, દારૂ બધુ આપીને મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહી છે.પ્રિયંકા ગાંધી વાડ્રાએ વાયનાડમાં મતદાન મથકની મુલાકાત લીધી. હાલમાં કેરળના વાયનાડ લોકસભા ક્ષેત્રમાં મતદાન ચાલી રહ્યું છે. લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)એ આ સીટ પરથી સત્યન મોકેરીને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે નવ્યા હરિદાસને મેદાનમાં ઉતાર્યા છે.





વાયનાડમાં વોટિંગ દરમિયાન પ્રિયંકા ગાંધીએ કહ્યું કે તેઓ આજે વાયનાડના લોકોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવાની અપીલ કરે છે. કોંગ્રેસના ઉમેદવાર પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે મને આશા છે કે વાયનાડના લોકો મને તેમના પ્રેમ અને સ્નેહનું વળતર આપવા અને તેમના માટે કામ કરવાની અને તેમના પ્રતિનિધિ બનવાની તક આપશે. મને આશા છે કે દરેક તેમના લોકતાંત્રિક અધિકારનો ઉપયોગ કરશે અને મતદાન કરશે.

આજે સવારે પ્રિયંકા ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી કે મારા વ્હાલા ભાઈઓ અને બહેનો, કૃપા કરીને આજે મતદાન કરો, આ તમારો દિવસ છે, આ તમારા માટે તમારી પસંદગી કરવાનો અને આપણા બંધારણ દ્વારા તમને આપવામાં આવેલી સૌથી મોટી શક્તિનો ઉપયોગ કરવાનો દિવસ છે. ચાલો આપણે બધા મળીને સારા ભવિષ્યનું નિર્માણ કરીએ!

કેરળના વાયનાડ લોકસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર નવ્યા હરિદાસે કહ્યું કે વાયનાડના લોકોને એવા વ્યક્તિની જરૂર છે જે તેમની સાથે પાયાના સ્તરે કામ કરી શકે અને જે સંસદમાં તેમના મુદ્દા ઉઠાવી શકે અને ઉકેલ શોધી શકે. કોંગ્રેસ આ વખતે પૈસા, દારૂ, કિટ બધું આપીને મતદારોને પ્રભાવિત પ્રયાસ કરવાનો પ્રયાસ કરી રહી છે. કારણ કે કોંગ્રેસને ચૂંટણી હારી જવાનો ડર છે.

દેશ-પરદેશની **આજકાલ**

**તંત્રી સ્થાનેથી**

# કાશ, કશ્યપ પ્રમોદ પટેલ સીઆઈએના વડા બની શકે

એક ગુજરાતી પટેલનું નામ અમેરિકામાં જોરદાર ચર્અચામાં છે. કાશ, કશ્મેયપ પરેલ નામના આ વ્રિયક્કાતિને અહમના સુધી બહુ ઓછા લોકો અમેરિકાની બહાર ઓળખાતા હતા પણ અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ટ્રમ્પ તેને સીઆઈએ'ના વડા બનાવવાના હોવાની અટકળો વહેતી થતા તેઓ ચર્ચામાં આવ્યા છે. ઘણાં નામો એવાં છે જેના પર અટકળો લગાવાઈ રહી છે કે તેમને ટ્રમ્પ પ્રશાસનમાં મોટી જવાબદારી મળી શકે છે.આ નામોમાં ઘણા ભારતીય મૂળના લોકો પણ છે. વિવેક રામાસ્વામી ઉપરાંત એક મોટું નામ કશ્યપ પ્રમોદ પટેલ એટલે કે કાશ પટેલનું પણ છે. ૪૪ વર્ષના કાશ પટેલને ડોનાલ્ડ ટ્રમ્પના 'વફાદાર' માનવામાં આવે છે. મીડિયા રિપોર્ટ્સમાં ચર્ચા છે કે ટ્રમ્પ પ્રશાસનમાં કાશ પટેલને અમેરિકાની ગુપ્તચર એજન્સી સીઆઈએના પ્રમુખ બનાવવામાં આવી શકે છે. સીઆઈએ એટલે કે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી. જે વૈશ્વિક મુદ્દાઓ અને અલગ-અલગ દેશો મામલે ગુપ્ત માહિતી એકત્ર કરે છે જેને રાષ્ટ્રપતિ, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ અને અન્ય સંસ્થાઓને આપવામાં આવે છે. આ ગુપ્ત માહિતી અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા નિર્ણયો લેવામાં મદદ કરે છે. તેમાં આતંકવાદ સામે લડવાનું, પરમાણુ તથા ગેરપારંપારિક હથિયારોને રોકવાનું, વિદેશી જાસૂસોથી દેશનું રક્ષણ કરવું અને અન્ય દેશોની જાસૂસી કરવી જેવાં કામોનો સમાવેશ થાય છે. અમેરિકાના વર્જિનિયામાં સીઆઈએનું વડુંમથક છે. આ એજન્સીના નિદેશક અમેરિકાના રાષ્ટ્રપતિ પસંદ કરે છે. જેના માટે સેનેટની મંજૂરી જરૂરી હોય છે. સીઆઈએના નિદેશક રાષ્ટ્રીય ગુપ્તચર નિદેશકને રિપોર્ટ કરે છે. અમેરિકાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ કાશ પટેલ અમેરિકાના કાર્યવાહક સંરક્ષણ મંત્રી ક્રિસ્ટોફર મિલરના ચીફ ઑફ સ્ટાફ તરીકે કામ કરી ચૂક્યા છે. તે પહેલાં પટેલ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલમાં રાષ્ટ્રપતિના ડેપ્યુટી આસિસ્ટન્ટ અને આતંકવાદ નિરોધક વિભાગના વરિષ્ઠ નિદેશક રહી ચૂક્યા છે. સંરક્ષણ વિભાગના જણાવ્યા પ્રમાણે ટ્રમ્પ કાર્યકાળ દરમિયાન પટેલે ઘણા અભિયાનોમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમના રહેતા આઈએસઆઈએસના પ્રમુખ અલ-બગદાદી, અલ-કાયદાના કાસિમ અલ રિમીને મારવા ઉપરાંત અમેરિકાના બંધકોની સુરક્ષિત વાપસી થઈ હતી. તેઓ નેશનલ ઈન્ટેલિજન્સના કાર્યવાહક નિદેશકના પ્રિન્સિપલ ડેપ્યુટી પણ રહી ચૂક્યા છે. આ ભૂમિકામાં તેઓ ૧૭ ગુપ્તચર એજન્સીઓના સંચાલનની દેખરેખ રાખતા હતા અને તેઓ રાષ્ટ્રપતિને બ્રીફિંગ આપતા હતા. નેશનલ સિક્યોરિટી કાઉન્સિલમાં સામેલ થવા પહેલાં પટેલે ગુપ્તચર મામલા પર સ્થાયી પસંદગી સમિતિ માટે વરિષ્ઠ વકીલ તરીકે પણ કામ કર્યું હતું. અહીં તેમણે ૨૦૧૬માં અમેરિકાના રાષ્ટ્રપતિપદની ચૂંટણીને પ્રભાવિત કરવા માટે કથિત રીતે રશિયન અભિયાનોની તપાસનું નેતૃત્વ પણ કર્યું હતું. કાશ પટેલ ઈન્ટેલિજન્સ કમ્યુનિટી અને યુએસ સ્પેશિયલ ઑપરેશન ફોર્સ માટે સંવેદનશીલ કાર્યક્રમોની દેખરેખ પણ કરી ચૂક્યા છે. તેમણે દુનિયાભરમાં ઈન્ટેલિજન્સ અને કાઉન્ટર ટેરરિઝમને અબજો ડોલર ફંડ આપનારા કાયદા બનાવવામાં પણ મદદ કરી હતી. ગુપ્તચર મામલામાં સ્થાયી પસંદગી સમિતિ માટે કામ કરવા પહેલાં પટેલે અમેરિકાના ન્યાય વિભાગમાં આતંકવાદ અભિયોજક તરીકે પણ કામ કર્યુ હતું. તેમણે પોતાની કેરિયર એક વકીલ તરીકે શરૂ કરી હતી જ્યાં તેમણે હત્યા, ડ્રગ્સથી લઈને પેચીદા નાણાકીય અપરાધોના મામલાઓ કોર્ટમાં લડ્યા હતા. કાશ પટેલનો જન્મ એક ગુજરાતી પરિવારમાં થયો હતો. તેમના પિતા એક અમેરિકન ઍવિયેશન કંપનીમાં કામ કરતા હતા. કાશ પટેલ ત્રિશૂલ નામની કંપની ચલાવે છે. વર્ષ ૨૦૨૩માં આ કંપનીએ ટ્રમ્પની વેબસાઈટ ટ્રૂથ સોશિયલમાંથી કન્સલ્ટિંગ ફીના રૂપે લગભગ એક કરોડ રૂપિયા લીધા હતા. ત્રિશૂલે ટ્રમ્પ સમર્થક એવા 'સેવ અમેરિકા' એકમને પણ સલાહ આપવાનું કામ કર્યું છે.

# આપણાં સગપણીઓ અને વેવિશાળીયાઓ!



બધાં તહેવારો પૂરાં થયાં એટલે હવે લગ્નસરા. જે લોકોના ઘરમાં લગ્નપ્રસંગ આવતો હોય એ લોકોને તો એક જ લગ્ન પૂરતું સિમિત હોય પણ, એક પ્રજાતિ આપણે એવી જોવાં મળે છે કે જેના ઘરમાં કે કુટુંબમાં લગ્ન ન હોય તો પણ આખી 'મેરેજ સિઝન' માં એ લોકો તો 'બિઝી' જ હોય ! અને એ એટલે સગપણ કરાવવાં વાળા વચેટીયા. આખેઆખા 'પ્રોફેશનલ મેરેજ બ્યુરો' ચાલતા હોય એના કરતાં આપણાં આ 'ટ્રેડિશનલ' જાતે બની ગયેલા 'હીમ/હર સેલ્ફ મેરેજ બ્યુરો' એ વધારે તૈયાર અને હોશિયાર હોય છે. મેરેજ બ્યુરો કંપની વાળા તો એનો બધો ડાટા

## હસતાં-રમતાં

**ચેતન જેઠવા**

કોમ્પ્યુટરમાં કે ઓનલાઈન રાખતાં હોય છે જ્યારે આપણાં આ જસમતભાઈ કે વિમળાબેનને તો બધું મોઢે હોય. એના મગજમાં બે ખાના જૂદાં અલાયદા હોય જ કે જેમાં એકમાં ઉમરલાયક છોકરીઓની અને બીજામાં ઉમરલાયક છોકરાઓની માહિતી વિગતવાર ગોઠવાયેલી પડી હોય. સારામાં સારી ગૃહિણીના કબાટમાં જેટલું વ્યવસ્થિત રીતે બધું ગોઠવાયેલ પડ્યું હોય એના કરતાં વધારે આ લોકોના મગજમાં બધું ગોઠવાયેલ પડ્યું હોય. સારામાં સારા ક્લાર્કને બધો ડાટા રાખવાં માટે અનેક 'સ્ટેશનરી' ની જરૂર પડે પણ,આપણાં આ વેવિશાળીયાઓને કોઈ જ વસ્તુની જરૂર પડતી નથી છતાં એનુ કામ એકદમ વ્યવસ્થિત રીતે પોબારૂ પડતું હોય છે. એવાં હોય છે આપણાં આ સગપણીયાઓ.

આ લોકોની સૌથી મોટી ખૂબી એ હોય છે કે એ લોકોએ આ બાબતનુ કોઈ જ જ્ઞાન કે શિક્ષણ ક્યાંયથી લીધું હોતું નથી છતાં એ લોકો આની તમામ બાબતો અને પેટાબાબતોમાં ભયંકરહદે માસ્ટર હોય છે. એટલે આ લોકોને આપણે આપબળે કે સ્વબળે આગળ આવેલ લોકોમાં ગણી જ શકીએ. ભણ્યા નહી પણ ગણ્યા હોય એ કહેવત આ લોકો પર પૂરેપૂરી લાગુ પડે. જીવનમાં બધે ફરી ફરીને, મતલબ કે અનેક લગ્નપ્રસંગોમાં જઈ જઈને એ લોકો એકલવ્ય બન્યા હોય છે. જેના કોઈ ગુરૂ નથી હોતાં. આ બાબતની તમામ વિધ્યા પર એ લોકો પોતાની 'પેટન્ટ' લઈ શકે. આ બાબતની જેટલી પણ રીતો, ચાલાકીઓ, વાત કરવાની શૈલિ, સામે વાળાને 'કન્વિન્સ' કરાવવાની પધ્ધતિઓ આ બધું જ એ લોકો જાતે શીખ્યા હોય છે. સૌથી અગત્યની વાત તો એ કે હજુ સુધી કોઈ છોકરા કે છોકરીના વેવિશાળનુ એના ઘર કે કુટુમ્બનાઓએ પણ ન વિચાર્યુ હોય એની પહેલાં તો આ લોકોની નજરમાં આવી જાય છે. નરેશભાઈની દિકરીને હવે ખાલી બે વર્ષ અથવા તો ચંદુભાઈના છોકરાનુ હવે તો ચાલું કરી દેવું જોઈએ આવી વાતો એ લોકોના 'બેડા' માં તો ચાલુ થઈ જ ગઈ હોય ! ઘણાં લોકો એમના ઉમરલાયક દિકરા-દિકરી માટે શોધવાનુ એમને કહેતાં જ હોય છે પણ એના કરતાં ય આગળ વધીને દરેક લગ્નપ્રસંગમાં આ લોકો એવાં એકાદ બે નવાં કુટુમ્બ શોધી લેતાં હોય છે કે જેને સામેથી સલાહ આપી આવતાં હોય છે કે હવે વાર ન લગાડાય અથવા તો સામેથી પૂછી લેતાં હોય કે હવે શું વાર છે ?

જો કે આપણે ધારતા હોઈએ એટલું આ લોકોનુ કામ સહેલુ હોતું પણ નથી. ક્યારેક ક્યારેક તો આવાં વેવિશાળીયાઓ વગર પોતાની રીતે સંબંધ કર્યો હોય એવાં દંપતિને લગ્નના દસ વર્ષ પછી ખબર પડે એના 'ઈ' અથવા એની 'ઈ' ની ઉમર 'બાયો ડેટા' માં બતાવી હતી એટલી છે નહી. એના કરતાં વધારે છે. પણ પછી એવો સમય આવી ગયો હોય કે ઘરે બે બાળકો સ્કુલ જવાં માંડ્યા હોય એટલે ખોટું લગાડવાનો કોઈ મતલબ હોતો નથી. સમાજમાં એવી પરિસ્થિતી ચાલી રહી છે એ વખતે આ લોકો સાચી ઉમર શોધી લાવે છે એ એ લોકોની સૌથી મોટી આવડત છે. કેવાં કેવાં 'તાળા મેળવે' આપણાં કાનભાઈની વચલી દિકરીના લગ્ન હતાં ત્યારે આ તમારો જણ સાતમામાં ભણતો હતો. એટલે એ વખતે એ બાર વર્ષનો હોય. હવે કાનભાઈની વચલી દિકરીના લગ્ન થયે આ ઉનાળામાં અગીયાર વર્ષ થશે એટલે તમારો જણ ત્રેવીસનો હોય ! બરાબર ને ? અગીયાર વર્ષ પહેલાંની વાત પણ યાદ હોય આવી યાદશક્તિ ધરાવનાર આ પ્રજાતિ માટે યાદદાશ્ત તો પહેલી 'રિક્વાયરમેન્ટ' છે. જેટલાંની વાત પોતાના દ્વારા ચાલતી હોય એ તમામની ઉમર, શોખ, ભણતર, એને કેટલાં છોકરા કે છોકરી જોવાં આવી ગયાં, દરેક વખતે એ દરેકને શું વાંધો પડ્યો હતો, કોઈની વાત ચાલતી હોય ને વેવિશાળ થયું ન હોય તો કોણે ના પાડી હતી, શું કારણ આપીને ના પાડી હતી, જે આપવામાં આવેલ હતું એ કારણ બરાબર હતુ કે નહી, કોણ કેટલુ ખોટું બોલે છે, કોણ કેટલું છૂપાવે છે, કોને શું વ્યસન છે, કોણ કયા ધોરણમાં કેટલી વાર નાપાસ થયાં હતાં - આવું બધું તો એ લોકોને હોઠ ઉપર જ હોય. અને જ્યારે જેની જરૂર પડે એ વાત એના યોગ્ય ખાનામાંથી યોગ્ય સમયે બહાર આવે. અને આ ઉપરાંત એક 'એપ્રિશીયેબલ' બાબત આ લોકોની હોય તો એ એ કે કોનુ ચોકઠુ કોની હારે ગોઠવાય તો યોગ્ય રહે એ 'લોજીક' ઘેલા સોમનાથવાળા નરશીભાઈની દિકરીનુ સગપણ ત્રાકુડાવાળા હરીભાઈના દિકરા સાથે કોઈ દિવસ મેળ ન પડે. ઓલો છોકરો છ ફુટ ત્રણ ઈંચ ઉંચો ને છોકરી ચાર ફુટ બે ઈંચ છે એવી જોડી કોઈ દિવસ હાલે ? ઓલો છોકરો જ ના પાડી દેશે. કચ્છ ભૂજથી દયારામભાઈની દિકરીનુ માગુ મે જ એમને મોકલ્યુ હતું તો એમાં છોકરી પાંચ ફુટ પાંચ ઈંચ હતી તો ય એને ના પાડી દીધેલી. એના માટે બરાબર છે પાલનપુર વાળા રવજીભાઈની ત્રીજા નંબરની દિકરી. એ છ ફુટ ઉંચી છે ને મોટી વાત તો એ છે કે એ મોડેલિંગ કરે છે.

હરીભાઈનો દિકરો ય 'ફેશનેબલ' છે એટલે એમાં એ ના નહી જ પાડે ! આવાં આવાં લોજીક પણ એ લોકો લગાડતા હોય છે. જેમાંથી મોટા ભાગના સાચાં ય પડતાં હોય છે. બોલો કેટલું 'રિસર્ચ' અને 'હોમવર્ક' હોતું હશે આ લોકોનુ !

## રાણાવાવવાડી વિસ્તારના વૃધ્ધનું અવસાન થતા અપાયુ ચક્ષુદાન

### સી.એસ. સામરીયા રેડક્રોસ ઈન્ટરનેશનલ ચક્ષુબેન્કના પોરબંદરના યુનિટ 'સર્જન' દ્વારા સ્વીકારાયા ચક્ષુ



**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

રાણાવાવવાડી વિસ્તારના વૃધ્ધનું નિધન થતા ચક્ષુદાન અપાયુ હતુ.

તા. ૧૨-૧૧-૨૦૨૪ના રાણાવાવ વાડીમાં રહેતા ભરતભાઈ અને ભીખુભાઈ દેવશીભાઈ ચાવડાના પિતાશ્રી દેવશીભાઈ સુરાભાઈ ચાવડા, ઉ.વ. ૮૬નો સ્વર્ગવાસ થતા મોઢા કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી અને પોરબંદર ભાજપ જિલ્લાના મહામંત્રી અશોકભાઈ મોઢા, રાણાવાવના રામભાઈ ભીખુભાઈ કારાવદરા, નયનભાઈ નંદાણીયાએ તરત જ ડો. નીતિન પોપટને બોલાવી સ્વ. દેવશીભાઈ સુરાભાઈ ચાવડાના અમૂલ્ય નેત્રોનું દાન આપેલ છે. પોતાના સ્વજનનો સ્વર્ગવાસ થયા પછી પણ બીજા બે અંધવ્યક્તિઓને કે જેને આપણે ઓળખતા નથી, દ્રષ્ટિ આપવા માટે પોતાના સ્વર્ગવાસી સ્વજનની આંખોનું દાન આપવુ એ ખરેખર પુણ્યનું કાર્ય છે. આવા દુઃખના સમયે આવુ પુણ્યનું કાર્ય કરનાર આવા પરિવારો અને આ કાર્ય માટે પ્રેરણા આપવા માટે અશોકભાઈ મોઢા અને રામભાઈ ભીખુભાઈ કારાવદરાને સી.એસ. સામરીયા રેડક્રોસ ઈન્ટરનેશનલ ચક્ષુ બેન્કના પોરબંદર યુનિટ 'સર્જન' વતી ડો. નીતિન પોપટ વંદન કરે છે.

પોરબંદર જિલ્લામાં નેત્રદાન, સ્કીનદાન,દેહદાન કરવા માટે ડો. નીતિન પોપટના મો. ૯૪૨૬૨ ૪૧૦૦૧ અને મો. ૯૩૨૮૦ ૬૬૮૬૮ ઉપર ૨૪ કલાક -૩૬૫ દિવસ સંપર્ક કરવા જણાવાયુ છે.

## અવસાન નોંધ

(૧) પોરબંદરના ભગવાનજીભાઈ નાગજીભાઈ રાયચુરા ઉ.વ. ૮૫ તેઓ સ્વ. નાથાભાઈ, સ્વ. લક્ષ્મીદાસ, જમનભાઈ, સ્વ. ગોવિંદભાઈ, સ્વ.લીલાબેન નરસિંહદાસ પાઉં, સ્વ. શાંતાબેન બાલુભાઈ ભીમજીયાણીના ભાઈ તથા જયેશભાઈ, પરેશભાઈ, ચિરાગભાઈ, ધર્મિષ્ઠાબેન વિમલભાઈ પાબારી, શીતલબેન નિસર્ગભાઈ કોટેચાના પિતાશ્રીનું તા. ૧૨-૧૧ના અવસાન થતા પ્રાર્થનાસભા તા. ૧૪-૧૧ના બપોરે ૪:૧૫ થી ૪:૪૫ દરમિયાન લોહાણા મહાજનવાડીના પ્રાર્થનાસભા હોલ ખાતે ભાઈ-બહેનોની સંયુકત રાખેલ છે.

(૨)પોરબંદરના શ્રી નથુ તુલસી ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ કિશોરચંદ્ર ભટ્ટ ઉ.વ. ૭૯ તેઓ સ્વ. નવલશંકર જીવરામ ભટ્ટના પુત્ર, હંસાબેનના પતિ, વિજયભાઈ તથા દીપ્તીબેનના પિતાશ્રી, હીનાબેન ભટ્ટ અને સુરિલભાઈ વૈષ્ણવના સસરા, અમી અને મંત્રવિદના દાદા, ચિન્મયના નાના તથા સ્વ. ડો. જયંતભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. ડો. વસંતભાઈ તથા જગદીશભાઈના મોટાભાઈ અને સ્વ. ભાઈશંકર મૂળશંકર રાવળના જમાઈનુ તા. ૧૧-૧૧ના અવસાન થતા બેસણુ તા. ૧૪-૧૧ને ગુરુવારે છાયા ખડા વિસ્તારમાં આવેલ પરિશ્રમ સોસાયટીના ઓમકારેશ્વર મહાદેવ મંદિરે સાંજે ૪:૩૦ થી ૫:૩૦ રાખેલ છે.

### ઓનલાઈન પોર્ટલ ઈ-સીજીઆરએફ સેવાનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ

# વીજ ગ્રાહકે ફરિયાદ માટે રૂબરૂ જવું નહીં પડે ઓનલાઈન કમ્પલેઈન માટે પોર્ટલ શરૂ થયું

**આજકાલ પ્રતિનિધિ**

**ગાંધીનગર**

રાજ્ય સરકારની વીજ વિતરણ કંપનીઓના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ઓનલાઈન ફરિયાદ કરવા માટેની પ્રક્રિયાને વધુ સુવિધાયુક્ત બનાવવા માટે સિંગલ ઓનલાઈન પોર્ટલ ઈ-સીજીઆરએફ નો શુભઆરંભ મુખ્યમંત્રી ભૂપેંદ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો.

વીજ વિતરણ કંપનીઓ દ્વારા ક્ષેત્રીય કચેરી તથા વડી કચેરી ખાતે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ વિનિમયો ૨૦૧૯ની જોગવાઈ અંતર્ગત ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ ની સ્થાપના કરેલ છે. ગ્રાહક વીજ વિતરણ કંપની દ્વારા ફરિયાદ સંબંધમાં લીધેલ પગલા અથવા તકરારના કીસ્સામાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમનો સંપર્ક કરી શકે છે. અત્યાર સુધી, વીજ ગ્રાહકો માં પત્ર, ઈ-મેલ આઈડી થકી કે રુબરુ આવીને ફરિયાદ કરી શકતા હતા. પરંતુ હવે આ સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ ગ્રાહકોને સતત અને ગુણવત્તાસભર વીજ પુરવઠો ઉપરાંત સારી સેવાઓ આપવા માટે કટિબધ્ધ છે. ઈઝ ઓફ લિવિંગ યોજનાના ભાગરૂપે ગ્રાહકોને વધુ સારી સુવિધાઓ મળી રહે તે માટે, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં સીજીઆરએફ ઓનલાઈન ફરિયાદ કરવા માટે રાજ્ય સરકારની ચારેય વીજ વિતરણ કંપનીઓનું સિંગલ ઓનલાઈન પોર્ટલ બનાવવામાં આવેલ છે. આ પોર્ટલ થકી ગ્રાહકને ઈ-ફાઈલિંગ, એપ્લીકેશન ટ્રેકિંગ, ઓનલાઈન ઓર્ડર જેવી સુવિધા મળશે. આ પોર્ટલ દ્વારા ગ્રાહકો નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડ્સમેન, વિનિમયો ૨૦૧૯ અંતર્ગત સમાવિષ્ટ કરેલ સેવા અંગે ઓનલાઈન ફરિયાદ કરી શકશે. ઓનલાઈન પોર્ટલ થકી કોઈપણ સમયે, કોઈ પણ સ્થળેથી ફરિયાદ નોંધાવી શકશે અને ઓટો જનરેટેડ ફરિયાદ નંબર અને પોતાની ફરિયાદના ટ્રેકિંગ થકી પારદર્શિતામાં વધારો થશે.

**ફરિયાદ નોધણી માટે ટોલ ફ્રી નંબર**

| | |
|---|---|
| ડીજીવીસીએલ: | ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩/૧૯૧૨૩ |
| એમજીવીસીએલ: | ૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦/૧૯૧૨૪ |
| પીજીવીસીએલ: | ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩/૧૯૧૨૨ |
| યુજીવીસીએલ: | ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫/૧૯૧૨૧. |

રાજ્યના ગ્રાહકો વીજળીને લગતી ફરિયાદો વીજ કંપની દ્વારા સ્થાપિત ફરિયાદ નિવારણ સેવા જેવી કે ૨૪ ૭ ટોલ ફ્રી કોલ સેન્ટર, મોબઈલ એપ્લીકેશન, ઓનલાઈન પોર્ટલ, વોટ્સએપ નંબર, લોકલ ફોલ્ટ સેન્ટર, વેબ ચેટ જેવા માધ્યમ થકી નોંધાવી શકે છે અને ગ્રાહકોની સમસ્યાઓનું નિવારણ કરવા વીજ વિતરણ કંપનીઓની પેટા વિભાગીય કચેરી પર ફોલ્ટ રેકટીફીકેશન ટીમ સતત કાર્યરત હોય છે.

# વિધાનસભાની વાવ બેઠકની પેટા ચૂંટણીમાં સવારથી જ મતદાન માટે લાગી લાંબી લાઈનો

## ભાજપ-કોંગ્રેસ અને આઠ અપક્ષોનું ભાવિ ઈવીએમમાં સીલ: તા.૨૩ના મત ગણતરી

**આજકાલ પ્રતિનિધિ**

**ગાંધીનગર**

બનાસકાંઠા જિલ્લ ાના વાવ વિધાનસભા મત ક્ષેત્રમાં આજે પેટા ચૂંટણી માટે મતદાન યોજાઈ રહ્યું છે સવારની ફૂલ ગુલાબી ઠંડીમાં મતદારોએ મતદાન મથક પર લાંબી લાઈનો લગાવી છે આજે સાંજે છ વાગ્યા સુધી ચાલનાર મતદાન બાદ ૧૦ ઉમેદવારોનું ભાવી મત પેટીમાં સીલ થશે.

વાવ વિધાનસભા પેટા ચૂંટણી માટે આજે મતદાન યોજાઈ રહયુ છે. જેમાં વિધાનસભા મતદાર વિભાગ માટે ભરાયેલા કુલ ૨૧ ઉમેદવારો પૈકી ચકાસણી અને ફોર્મ પાછા ખેંચવાની પ્રક્રિયા બાદ કુલ ૧૦ ઉમેદવારો વચ્ચે યોજનાર ચૂંટણીમાં ૩.૧૦ લાખ મતદારો પોતાના મતાઅધિકારનો ઉપયોગ કરી શકશે.

વાવ વિધાનસભા મતવિસ્તારના વિવિધ ૧૯૨ મતદાન મથક કેન્દ્ર પર આવેલા કુલ ૩૦૧ પોલિંગ સ્ટેશન પર સવારમાં ૭ વાગ્યાથી લઈને સાંજે છ વાગ્યા સુધી મતદાન યોજાશે.

જેમાં ૩૨૧ બેલેટ યુનિટ ૩૨૧ કંટ્રોલ યુનિટ અને ૩૨૧ વિવીપેટનો ઉપયોગ કરવામાં આવશે. મતદાન મથકો ખાતે કુલ ૧,૪૧૨ જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે. વાવ વિધાનસભાની ચૂંટણીમાં ૧,૬૧,૨૯૬ પુરુષ તેમજ ૧,૪૯,૪૭૮ સ્ત્રી અને એક થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૭૭૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. જ્યારે આગામી ૨૩ નવેમ્બરના રોજ મત ગણતરી બાદ પરિણામની જાહેરાત થશે. વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં વાવ ભાભર અને સુઈગામ તાલુકાના કુલ ૧૭૯ ગામોમાં ૩૨૧ બુથો પર મતદાન થશે. જેમાં ૩,૧૦,૬૮૧ મતદારો મત આપી શકશે.

આમ છતાં મતદારોના મન અકળ રહ્યા છે આજે સાંજ સુધીમાં મતદાન સંપન્ન થયા પછી આગામી તારીખ ૨૩મી મતગણતરી હાથ ધરવામાં આવશે ત્યારબાદ ચિત્ર બહાર આવશે ત્યાં સુધી તો હાર જીતના દાવા રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવશે.

**અપક્ષ ઉમેદવાર અને કોંગ્રેસ ભાજપ માટે કેટલા ભારે!**

**બનાસકાંઠા લોકસભાની ચૂંટણીમાં સમાજ વિરુદ્ધ બાકીના સમાજ થઈ ગયા હતા. ચૌધરી સમાજના માવજી પટેલ ભાજપ વિરોધી વલણ અપનાવી રહ્યા હોવાથી ઠાકોર સમાજ ભાજપની પડખે જાય તો તે ભાજપને ફાયદો થઈ શકે છે. ભાજપને મળતા ચૌધરી મતો પૈકી મારવાડી ચૌધરી સમાજના ૩૦ હજાર મતો તેમના સમાજના માવજી પટેલને ફાળે જઈ શકે.**

**જ્ઞાતિવાર મતોની સંખ્યા**

ઠાકોર: ૮૩ હજાર, ચૌધરી: ૫૦ હજાર, દલિત: ૪૩ હજાર, રબારી: ૨૫ અજાર, બ્રાહ્મણ: ૧૮ રાજપૂત: ૧૮ હજાર, પ્રજાપતિ: ૧૨ હજાર, મુસ્લિમ: ૮ હજાર, અન્ય: ૧૩ હજાર

## ટ્રમ્પના ડોજ પ્રોજેક્ટનું

(પહેલા પાનાનું ચાલુ)

અમેરિકા માટે આ એક મૂલ્યવાન ભેટ હશે. મને ખાતરી છે કે તે બંને આમાં સંપૂર્ણ રીતે સફળ થશે.ટ્રમ્પે કહ્યું કે મસ્ક અને રામાસ્વામી નોકરશાહીમાં બદલાવ કરશે જેનાથી તમામ અમેરિકન નાગરિકોનું જીવન વધુ સારું બનશે. બિનજરૂરી ખર્ચ અને ૬.૫ ટ્રિલિયન ડોલરની સરકારી નાણાની છેતરપિંડી બંધ થશે. મેનહટન પ્રોજેક્ટ વાસ્તવમાં અમેરિકન સરકારનો પ્રોજેક્ટ હતો, જેના હેઠળ અમેરિકાએ પરમાણુ બોમ્બ તૈયાર કર્યો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, આ બે અમેરિકનો મારા વહીવટીતંત્ર માટે સરકારી અમલદારશાહીને દૂર કરવા, વધુ પડતા નિયમો ઘટાડવા, નકામા ખર્ચમાં કાપ મૂકવા અને ફેડરલ એજન્સીઓનું પુનર્ગઠન કરવાનો માર્ગ મોકળો કરશે, જે અમેરિકા બચાવો આંદોલન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ઈલોન મસ્કએ તેમની નિમણૂક પર કહ્યું, આનાથી સમગ્ર સિસ્ટમ અને ઘણા લોકોને આંચકો લાગશે જેઓ સરકારી બરબાદીમાં સામેલ છે.ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ ચૂંટણી પ્રચાર દરમિયાન જ સ્પષ્ટ કર્યું હતું કે જો તેઓ રાષ્ટ્રપતિ બનશે તો દેશમાં મોટા પાયે પરિવર્તન આવશે. આ ફેરફારો માટે, તેમણે આ વિશેષ ટીમમાં ઈલોન મસ્ક અને વિવેક રામાસ્વામીનો સમાવેશ કર્યો છે, જેમની પાસે તેમના એજન્ડામાં ઘણા કાર્યો છે, જેને અમલમાં મૂકવાના છે.ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે વર્તમાન સરકારમાં બ્યુરોક્રેશીનું વર્ચસ્વ છે. પરંતુ જો તેઓ રાષ્ટ્રપતિ બનશે તો મોટાપાયે ફેરફારો થશે. આવી સ્થિતિમાં, ડોજ પ્રથમ અમેરિકન રાજકીય વ્યવસ્થામાં બ્યુરોક્રેશીની અંધાધૂંધ પ્રથાને સમાપ્ત કરવા માટે કામ કરશે. મસ્ક અને રામાસ્વામી તેને ખતમ કરવાનો પ્રયાસ કરશે.

રાષ્ટ્રપતિની ચૂંટણીના પ્રચાર દરમિયાન ટ્રમ્પ માટે પ્રચાર કરતી વખતે, ઈલોન મસ્કે કહ્યું હતું કે તે અમેરિકાના ૨ ટ્રિલિયન ડોલર ફેડરલ બજેટમાં કાપ મુકવામાં ટ્રમ્પને મદદ કરશે. આવી સ્થિતિમાં આ વિભાગ સરકારના બિનજરૂરી ખર્ચાઓને દૂર કરવાની દિશામાં કામ કરશે. ડોજની કાર્યસૂચિ પરનું બીજું કાર્ય એ તમામ ફેડરલ એજન્સીઓનું પુનર્ગઠન છે. મતલબ કે તમામ એજન્સીઓની કામગીરી અને અન્ય બાબતોનું મૂલ્યાંકન કર્યા બાદ તેમાં જરૂરી ફેરફાર કરવામાં આવશે. જૂના અને બિનજરૂરી કામ પૂરા થશે અને જરૂરિયાત મુજબ નવી વસ્તુઓ શરૂ થશે. આ સાથે અમેરિકન સરકારના કામકાજમાં વર્ષો કે દાયકાઓથી ચાલતા નિયમોમાં પણ ફેરફાર કરવો પડશે.

## હેપી બર્થ-ડે

### પોરબંદરના સામાજિક અગ્રણી ફારૂકભાઈ બઘાડનો આજે જન્મ દિવસ



પોરબંદરના સામાજિક અગ્રણી ફારૂકભાઈ બઘાડ નો આજે જન્મ દિવસ છે. તેઓ રોટરી ક્લબ ઓફ પોરબંદર સાથે છેલ્લા ૩૨ વર્ષથી જોડાયેલા છે. ૨૦૦૩ની સાલમાં રોટરી ક્લબ પોરબંદરના પ્રમુખ તરીકે સારી કામગીરી કરી ચુક્યા છે તેમજ ૨૦૧૦માં રોટરી કલબના આસી. ગવર્નર પણ બન્યા હતા. તેમજ રોટરી ક્લબમાં જુદા - જુદા પદ ઉપર શ્રેષ્ઠ સેવા આપી ચુક્યા છે. તેઓ જીલ્લા ભાજપ લઘુમતી સેલમાં ૧૦ વર્ષ સુધી પ્રમુખ રહી ચુક્યા છે. તે ઉપરાંત મુસ્લિમ યુવા સંગઠનના પ્રમુખ તરીકે પણ અનેક સામાજીક, સેવાકીય પ્રવૃતિઓ કરી છે. પોલીયો પ્રોજેકટના ચેરમેન તરીકે ફરજ બજાવીને પોલીયો ના ટીપા અંગે પણ વિશિષ્ટ જાગૃતિ ફેલાવીને સમાજ સેવાનો એવોર્ડ પણ મેળવ્યો છે. આ ઉપરાંત પણ અન્ય સંસ્થાઓ સાથે જોડાઈને તેઓએ સરકારશ્રીની યોજના અંગે જાગૃતિની સાથોસાથ આયુષ્યમાન કાર્ડ તથા ઈ-શ્રમ કાર્ડનો કેમ્પ યોજીને તેઓએ અનેક કાર્ડ જાતે કાઢી આપ્યા છે. તેમને 'આજકાલ' પરિવાર તરફથી જન્મ દિવસની શુભેચ્છાઓ.

## ક્રોસ વર્ડ



**આડી ચાવી**

૧. ઈસુ ખ્રિસ્તનું જન્મસ્થળ (૫)
૩. ચાર પાયાવાળું આસન (૩)
૫. દ્વાર, દરવાજો (૩)
૭. આમ-તેમ રખડવું તે (૫)
૯. ચોપડાની એક બાજુ (૨)
૧૦. પતિનો નાનો ભાઈ (૨)
૧૧. દૂધ જમાવવા છાશનું મેળવણ (૫)
૧૩. ઈંદ્રનો દૈવી હાથી (૪)
૧૪. હાથ ખેંચીને ખર્ચ કરવો (૫)
૧૭. ....જુગારી બમણું રમે (૨)
૧૮. તમામ અંગ-ઉપાંગ સહિત (૪)
૨૦. કોહવાટ (૨)
૨૧. હવન, હોમ (૨)
૨૨. ખિસ્સામાં કંઈ ન હોય તેવો નિર્ધન (૬)
૨૫. આંજણ, કાજળ (૨)
૨૬. માંહેની બાજુ (૩)

**ઉભી ચાવી**

૧. કામકાજ વિનાનું (૩)
૨. આપવા લેવાનો સંબંધ (૬)
૩. બારણાનું ચોકઠું (૪)
૪. જોવાલાયક તમાશો (૨)
૬. પ્રમાણ જેટલુ, માપસર (૫)
૮. પાછું, વળી (૩)
૯. જમાઈને આની ઉપમા અપાય (૨)
૧૧. ડાહ્યલું થઈ મત આપવા મંડી પડનારું (૬)
૧૨. અહીં 'કરાર' આડાઅવડા છે (૩)
૧૩. ઈતિહાસને લગતું (૫)
૧૫. બટાટા, ચણા વગેરેની પ્રવાહી વાની (૩)
૧૬. વખતસર (૫)
૧૯. ખટારો, લોરી (૨)
૨૩. ટ્રેનમાં એંજિન પાછળ જોડાય (૨)
૨૪. ઉઘાડું નહિ એવું (૨)
૨૫. ચરબી (૨)

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પા | ર્થિ | વ | | ભ | ત્રી | જો | | | સ |
| ર | | સા | બ | દું | | બ | ડ | ભા | ગી |
| સ | લા | હ | | | વા | ન | ર | | ર |
| પી | | ત | પ | | | વં | | | |
| પ | તું | | મ | લ | પ | તું | | ગ | જ |
| ળો | | સ | રા | | રે | | | ભ | |
| | સ | પા | ટ | | વા | ટ | સ | રું | |
| પૂ | પ | ડું | | | સ | હું | | | |
| ગ | ર | | ભા | વ | | કો | લા | હ | લ |
| | મું | બ | ઈ | | ટે | | ભ | ર | ત |

**પ્રાર્થનાસભા/સાદડી**



દિલગીરી સાથ જણાવવાનું કે ગોંડલ નિવાસી ગં.સ્વ. ચંપાબેન તુલસીદાસ ખોદાણી ઉ.વ. 85 તે સ્વ. તુલસીદાસ હરગોવિંદભાઈ ખોદાણી ના ધર્મપત્ની તા. 12/11/2024 ના રોજ દુઃખદ અવસાન થયેલ છે પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

પ્રાર્થના સભા : તા. 14/11/2024 ને ગુરુવારે સાંજે 4 થી 5.30 શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, 22/9 ભોજરાજપરા, ગોંડલ.

સ્વ. હરેશભાઈ તુલસીદાસ ખોદાણી
ઘનશ્યામભાઈ તુલસીદાસ ખોદાણી - નિલેશભાઈ તુલસીદાસ ખોદાણી
અનિતાબેન નિતીનકુમાર સીરોદરીયા - ચંદ્રિકાબેન અશોકભાઈ દતાણી
વિવેક - રાજ - અક્ષય - જીલ - સાક્ષી - વિધિ ના દાદી
તથા ખોદાણી પરિવારના જય સિયારામ

# સિંગાપુરમાં ગુરૂતત્ત્વ મંચ દ્વારા ચૈતન્ય મહોત્સવનું ભવ્ય અને દિવ્ય આયોજન સંપન્ન

## પ.પુ.શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના પ્રાગટ્ય દિવસની સાધકો દ્વારા થઈ ભાવપુર્ણ ઉજવણી:પંદરથી વધુ દેશના સાધકોએ સામુહિક ધ્યાન અને પ્રવચનનો લીધો લાભ

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

સિંગાપુરમાં ગુરૂતત્ત્વ મંચ દ્વારા ચૈતન્ય મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ.

હિમાલયના યોગી સદગુરૂ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના પ્રાગટય દિવસને સાધકો દર વર્ષે ચૈતન્ય મહોત્સવરૂપે ઊજવે છે.પ.પુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી ચૈતન્યનો અર્થ એ સમજાવે છે કે,ચૈતન્ય એટલે પ્રાણશકિત. જે પ્રાણશકિત નિસર્ગના સાંનિધ્યમાં ગયા બાદ આપણને મહેસૂસ થાય છે અને ચૈતન્ય પામીને આપણને સારું લાગે છે.ચૈતન્ય મહોત્સવ પણ એ ચૈતન્યની યાદને પુનર્જીવિત કરવાનો અવસર છે.

દર વર્ષે ભારતમાં સમર્પણ આશ્રમમાં ચૈતન્ય મહોત્સવની ઉજવણી થતી હોય છે, જ્યારે આ ભારત દેશની બહાર પ્રથમ વખત સિંગાપોરમાં પુ. સ્વામીજીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ મહોત્સવમાં દેશવિદેશના અનેક સાધકોએ ભાગ લીધો હતો.વૈશ્વિક કક્ષાએ થયેલ આ ઉજવણીમાં ૧૫ થી વધુ દેશના સાધકો ઉપસ્થિત રહ્યા હતા.દર વર્ષ કરતા કંઈક વિશેષ રીતે આ ઉજવણી કરવામાં આવી હતી. ત્રિદિવસીય ઉજવણી અંતર્ગત પ્રથમ દિને પી.જી.પી. હોલ ખાતે સાધકોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યુ હતુ.ત્યારબાદ પુ. સ્વામીજીના પ્રવચન અને ધ્યાનનો સહુએ લાભ લીધો હતો.પુ. સ્વામીજીએ જણાવ્યું હતું કે,ધ્યાનમાં નિયમિતતા આવશ્યક છે. રોજબરોજના જીવનમાં ધ્યાનને તમારી નિયમિત પ્રવૃત્તિનો હિસ્સો બનાવો. ગુરૂ સાંનિધ્ય અમુલ્ય છે, જ્યારે પણ ગુરૂ સાંનિધ્ય મળે તેનો લાભ લેવો જોઈએ. ગુરૂની સાથે હજારો આત્માની સામુહિકતા જોડાયેલી હોય છે.ધ્યાન ઉપરાંત પુ. સ્વામીજીએ સાધકોના વિવિધ પ્રશ્નોનું સમાધાન કર્યું હતુ.

પછીના બે દિવસના કાર્યક્રમનું આયોજન સિંગાપોરના સુપ્રસિદ્ધ મરીના બે સેન્ડ ખાતે કરવામાં આવ્યું હતું.પુ. સ્વામીજીનો જન્મદિવસે સાધકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.પુ. સ્વામીજી સાથે પ્રવચન, ધ્યાન અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ,તેમણે ધર્મ અને અધ્યાત્મ વિશે સમજાવતાં જણાવ્યું હતું કે,ધર્મ અને અધ્યાત્મ બંને અલગ છે.ધાર્મિક વ્યક્તિ આધ્યાત્મિક બની શકે છે,પરંતુ આધ્યાત્મિક વ્યક્તિ ધાર્મિક બની શકતી નથી. આધ્યાત્મિકતા સમુદ્ર છે જ્યારે ધર્મ એ નદી છે. જેને આપણે ધર્મ સમજીએ છીએ તે ખરેખર ઉપાસના પદ્ધતિ છે. આ વખતની ઉજવણીમાં સમયની સાથે ચાલીને ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.પૂ. સ્વામીજીના હસ્તે દીપપ્રાગટ્ય સાથે સ્ક્રીન પર ઓમ



સિંગાપુરમાં ગુરૂતત્વ મંચ દ્વારા ચૈતન્ય મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

આકારમાં અનેક દીવડાઓ સાથે અલગ-અલગ ભાષાઓમાં ઓમ પણ દશ્યમાન થયા હતા. ત્યારબાદના સેશનમાં પુ. સ્વામીજી ટૂંકું પ્રવચન, પ્રશ્નોત્તરી અને ત્યારબાદ સાધકો સાથે ભોજન અને કેક કટિંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે વિવિધ દેશના સાધકોએ પુ. સ્વામીજીને જન્મદિવસની શુભકામના આપી હતી, જેના વિડિયો રેકોર્ડિંગનું સ્ક્રીન પર પ્રસારણ કરવામાં આવ્યું હતું. અંતમાં સાધકોએ ગરબા લઈ પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ત્રીજા દિવસની શરૂઆતમાં ગુરૂપુત્ર અમ્બરીષભાઈનું સેશન હતું, જેમાં અમ્બરીષભાઈએ હોમ સેન્ટરનો નવો વિચાર મુક્યો હતો. ધ્યાનમાં નિયમિતતા કઈ રીતે લાવી શકાય તેના વિશે પણ વાત કરી હતી. ત્યારબાદ પૂ.. ગુરૂમાના પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે લગ્ન કરવા કે પછી માતા-પિતા બનવું એ ઋણાનુબંધ પર આધારિત છે.અમુક ઘટનામાં અંતિમ જન્મ હોવાથી પણ માતા-પિતા સંતાનોના સુખથી વંચિત રહે છે, જેથી નકારાત્મક વિચાર ન કરતા સકારાત્મક વિચાર કરી આધ્યાત્મિક માર્ગ પર ચાલવા માટે જણાવ્યું હતુ.પુ. ગુરૂમાએ પોતાના શાળાના વિવિધ અનુભવો જણાવ્યા હતા. ત્રીજા દિવસના અંતે સિંગાપુરના લોકો માટે જાહેર કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦ થી વધુ લોકોએ પુ. સ્વામીજીના પ્રવચન, ધ્યાન અને પ્રશ્નોતરીનો લાભ લીધો હતો.પુ. સ્વામીજીએ આત્મા, ધર્મ, યોગ, ધ્યાન વગેરે વિષય પર ખુબ જ ઊંડાણપુર્વક જણાવીને નિયમિત ધ્યાન કરવા માટે જણાવ્યું હતું.ચૈતન્યમય અને દિવ્ય વાતાવરણમાં સાધકો માટે આ ત્રિ-દિવસીય કાર્યક્રમ યાદગાર બન્યો હતો.મર્યાદિત સમય અને સાધકોની સંખ્યા હોવા છતાં કાર્યક્રમ ખુબ સફળ રહ્યો હતો. કાર્યક્રમનું ગુરુતત્ત્વ યુ-ટ્યુબ ચેનલમાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતુ, જેનો લાભ સમગ્ર વિશ્વના લોકોએ લીધો હતો. ભારતમાં મહુડી, દાંડી, ગોવા,સૌરાષ્ટ્ર-વાંકાનેર, કચ્છ, નાગપુર, બેંગ્લોર, અજમેર વગેરે સ્થળોએ સ્થિત સમર્પણ આશ્રમો ખાતે મોટી સંખ્યામાં સાધકો જોડાયા હતા અને કાર્યક્રમનો લાભ લીધો હતો.

# સુરેન્દ્રનગરમાં પુસ્તક વિમોચન અને કવિ સંમેલન સહિત સાહિત્યિક કાર્યક્રમો યોજાયા

## ગુજરાતભરના સાહિત્યકારો રહ્યા ઉપસ્થિત

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

સુરેન્દ્રનગરમાં ભવ્યાતિભવ્ય પુસ્તક વિમોચન અને કવિ સંમેલન યોજાયુ હતુ.

સુરેન્દ્રનગરમાં શિવ ઇન્ટરનેશનલ હોટેલમાં ભવ્યથી અતિ ભવ્ય પુસ્તક વિમોચન અને કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ આયોજન સૌરાષ્ટ્રના યુવા લેખક સંજય શિયાદ તરફથી કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમનું સંચાલક કચ્છના સુપ્રસિદ્ધ કવિ ભરત ગોસ્વામી અને કવયિત્રી પુજા ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષમાં સમીર આઢીયા, મૌલિક પંડ્યા અને ભાવેશ જોશીની હાજરી રહી હતી.મુખ્ય મહેમાનોનું શાલ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતુ.પાલનપુરથી આવેલ સંજયભાઈના મિત્ર સિંધી હયાતખાનનું પણ શાલ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતુ.મુખ્ય મહેમાનોએ અમુલ્ય વિષય પર પોતાની વાતો રજુ કરી હતી.

કાવ્યપઠનમાં પારૂલ દેવમુરારી, નિલેશ બગથરિયા,પન્ના પરમાર, જીતેન્દ્ર બામણિયા, નિલેશ પંડ્યા, પુજા ગઢવી, ભરત ગોસ્વામી, સ્નેહા વિંછી, અંજના ગોંડલિયા, નરેન્દ્રસિંહ જાયજાદા, ઠક્કર હેતલબેન, દેવેન્દ્ર ધમલ, જેનિશ શાહ અને યુવરાજસિંહ સોલંકી દ્વારા કાવ્યપઠન કરવામાં આવ્યું હતું.

દરેક કવિ અને મહેમાનોને માન્ય સર્ટિફિકેટ અને પેન-ડાયરી આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સંજય શિયાદના સંપાદનમાં તૈયાર થયેલા બે પુસ્તક સર્જન વાર્તાસંગ્રહ અને સર્જન કાવ્યસંગ્રહ સાથે કવયિત્રી અંજના ગોંડલિયાનું પુસ્તક યાદ કાવ્યસંગ્રહનું વિમોચન રાખવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગર અને ગુજરાતભરમાંથી, દુર-દુરથી સાહિત્ય પ્રેમીઓએ આ કાર્યક્રમમાં ઘણા ઉત્સાહ સાથે હાજરી આપી હતી.સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.





સુરેન્દ્રનગરમાં ભવ્યાતિભવ્ય પુસ્તક વિમોચન અને કવિ સંમેલન યોજાયું તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# જેતપુર ખાતે ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ-રૂકમણી વિવાહ ઉત્સવ ઉજવાયો

## જાનૈયા અને માનૈયાઓએ ડી.જે.ના તાલે રાસ લઈ કરી નગરચર્યા





જેતપુર ખાતે પોરબંદરના શિવકથાકારના વ્યાસાસને યોજાયેલી શ્રીમદ ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ-રૂકમણી વિવાહ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

**આજકાલ પ્રતિનિધી**

**પોરબંદર**

જેતપુર ખાતે પોરબંદરના શિવકથાકારના વ્યાસાસને યોજાયેલી શ્રીમદ ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ-રૂકમણી વિવાહ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. પોરબંદરના શિવકથાકાર માધુરીબેન ગોસ્વામીના વ્યાસાસને લોકકલ્યાણ અર્થે ચાલતી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ભવ્ય શ્રીકૃષ્ણ-રૂકમણી વિવાહ ઉત્સવ ઉજવવા આવ્યો હતો.ત્રિનેત્ર મહાદેવ મંદિરના પટાંગણમાં મહંત શ્રી સરોજગિરી માતાજીના આશીર્વાદથી આયોજીત લોકકલ્યાણ અર્થે ભાગવત કથામાં ભગવાન શ્રીકૃષ્ણ રૂકમણી વિવાહ ધામધુમથી ઉજવવામાં આવ્યા હતા.જાગુબેન વિપુલભાઈ વેકરીયા તથા ચોરાવારૂ સત્સંગ મંડળ તરફથી જાડેરી જાન જોડીને આવ્યા હતા. ડી.જે.ના તાલે રમતા રમતાં જેતપુર નગરચર્યા કરતા જાન આવી હતી.જયારે માનપક્ષે રેખાબેન બાબરીયા તથા ત્રિનેત્ર મહાદેવ મહિલા મંડળ તરફથી જાનનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ.જગતના તાતના વિવાહ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યા હતા,સર્વે ભકતજનો માટે અલ્પાહાર તથા પ્રસાદની વ્યવસ્થા આયોજકો દ્વારા કરવામાં આવી હતી.આ સમગ્ર ભાગવતકથાનું લાઈવ પ્રસારણ શિવકથાકાર માધુરીગીરી ગોસ્વામીની ચેનલ પર કરવામાં આવે છે.

# પોરબંદરમાં સુપર મેગા નેત્રમણી કેમ્પ યોજાશે

## ભારતીય જનતા પાર્ટી તેમજ રાજકોટની શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા થયું આયોજન

**આજકાલ પ્રતિનિધી**

**પોરબંદર**

પોરબંદરમાં સુપર મેગા નેત્રમણી કેમ્પ યોજાશે.

સેવા એ જ સંગઠનના સુત્રને યથાર્થ કરવા ભારતીય જનતા પાર્ટી પોરબંદર તેમજ ગુજરાત રાજયની નંબર વન આંખની હોસ્પિટલ શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટના સંયુકત ઉપક્રમે વિનામુલ્યે સુપર મેગા નેત્રમણી નેત્રયજ્ઞ ઓપરેશનની સુવિધા સાથેના કેમ્પનું તા.૧૪.૧૧.૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ પોરબંદરના જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે સ્વ.રાણીબેન ગજુભાઈ કેશવાલાના સ્મરણાર્થે હસ્તે પ્રવીણભાઈ ખોરાવા અને સુનિલભાઈ ગોહેલના સહયોગથી આયોજન કરવામાં આવ્યુ છે.

આ કેમ્પમાં વિનામુલ્યે શ્રી સદગુરૂ નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાન કરી જરૂરીયાતવાળા દર્દીઓને શ્રી રણછોડદાસબાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા કેમ્પના સ્થળે થી બસમાં લઈ જવાના અને અત્યંત આધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારૂ સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ(નેત્રમણી) સાથે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે.ઓપરેશન થયા બાદ દર્દીને કેમ્પના સ્થળે પોરબંદર પરત મુકવાની વ્યવસ્થા પણ હોસ્પિટલ દ્વારા જ કરી આપવામાં આવશે.દરેક દર્દીએ આધારકાર્ડ ફરજીયાત સાથે લાવવાનું રહેશે.

આ કેમ્પમાં દીપ પ્રાગટ્ય પુર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા તથા પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા તથા પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ ઓડેદરા (પટેલ) ના હસ્તે કરવામાં આવશે.

વધુ માહિતી માટે પોરબંદર જીલ્લા ભાજપના પુર્વ પ્રમુખ કિરીટભાઈ મોઢવાડિયા મો.નં.૯૦૩૩૦૭૮૨૪૯, વોર્ડ નં-૯ ના પાલિકાના સદસ્ય ધવલભાઈ જોશી મો.નં.૯૮૨૫૧૮૩૨૩૨, શહેર ભાજપ મહામંત્રી ભરતભાઈ રાઠોડ મો.નં.૯૭૨૬૭૪૦૦૩૭, બક્ષીપંચ મોરચાના મહામંત્રી મો.નં.૯૦૯૯ ૨૦૩૯૯૯, યુવા ભાજપ અગ્રણી આનંદભાઈ નાંઢા મો.નં.૭૦૪૬ ૪૧૩૩૩૩ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે.

## આવતીકાલનું રાશી ભવિષ્ય

**મેષ (અ.લ.ઈ.)**
ઉશ્કેરાટથી દૂર રહેજો. ઉધારી ધંધાને લઈને પરેશાની રહે. મિત્રો સાથે સુમેળપૂર્વક વર્તવું.

**વૃષભ (બ.વ.ઉ.)**
બીજાઓની ટીકા સાંભળીને ગુસ્સે ન થતાં, બીન જરૂરી વાદ વિવાદથી દૂર રહેજો. પ્રવાસમાં સફળતા.

**મિથુન (ક.છ.ઘ.)**
દીર્ઘકાલીન સબંધોમાં ચડતી પડતીની શકયતાઓ. વિદેશ જવાની ઈચ્છા પ્રબળ થવાની છે.

**કર્ક (ડ.હ.)**
અનજાન વ્યક્તિનો સાથ સહકાર સારો રહેવાનો. નોકરીમાં લાભની આશા ફળવાની. પ્રવાસ ટાળવો.

**સિંહ (મ.ટ.)**
ઉપરી વર્ગથી સાથ સહકાર મળવાનો. મનને શાંતિ મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહેવાનું.

**કન્યા (પ.ઠ.ણ.)**
કર્જ કરવાથી દૂર રહેજો. નકામા કે વધુ પડતા ખર્ચ ઉપર કાપ મુકવો જરૂરી. નોકરીમાં ચીવટ રાખવી.

**તુલા (ર.ત.)**
વધુ પડતા ઉતાવળા ન થતાં કાર્યક્ષેત્ર બાબત સાવધાની રાખવી. કર્મચારી વર્ગ સાથે સુમેળ રાખવો.

**વૃશ્ચિક (ન.ય.)**
સંપતીના પ્રશ્નોને લઈને ટેન્શન રહે. નોકરીમાં કોઈ મનગમતી ઓફર આવે. યાત્રા પ્રવાસમાં સફળતા.

**ધન (ભ.ધ.ઢ.ફ.)**
પ્રયત્નો ફળવાના અટકતા કાર્યોને વેગ મળવાનો. નોકરીમાં પગાર વધારો શકય બને.

**મકર (ખ.જ.)**
કારણ વગરના વિચારોને ટાળજો. વિજાતીય મિત્રતા ગાઢ બને. યાત્રા પ્રવાસમાં અનુકુળતાઓ રહેવાની.

**કુંભ (ગ.સ.શ.ષ.)**
દિવસ દરમિયાન નવા સાહસો માટે કોઈની સલાહ લેજો. લગ્નજીવનમાં મતભેદોથી દૂર રહેવું જરૂરી રહે.

**મીન (દ.ચ.ઝ.થ.)**
નોકરીમાં મનગમતી ઓફર આવે. માતાનો સાથ સહકાર સારો રહે. વ્યવસાય ક્ષેત્રે ફેરફારો શકય બને.

### ગોચરના ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય-તુલા | મંગળ-કર્ક | રાહુ-મીન | કેતુ-કન્યા |
| બુધ-વૃશ્ચિક | ગુરૂ-વૃષભ | હર્ષેલ-વૃષભ | પ્લુટો-મકર |
| શુક્ર-ધન | શનિ-કુંભ | નેપચ્યુન-મીન | ચંદ્ર-મેષ |

### તારીખીયું

તા.૧૪-૧૧-૨૦૨૪ વાર ★ ગુરૂવાર
તિથિ કારતક સુદ-૧૩, સૂર્યોદય ૬-૫૮
સૂર્યાસ્ત ૬-૦૩, જૈન નવકારશી ૭-૪૬

**બાળકોની રાશિઃ મેષ**

# મીયાણીના રમણીય બીચ પર બનશે 'સ્ટેચ્યુ ઓફ મહાત્મા'

## દરિયા કિનારે વિશાળ પ્રતિમા સાથેનું સ્કલ્પચર ગાર્ડન બનાવવા માટે સરકારની સૈધ્ધાંતિક મંજૂરી મળી હોવાનું ટુરીઝમ વિભાગે કર્યુ જાહેરઃ પ્રવાસન ક્ષેત્રે પોરબંદર જિલ્લાનો વિકાસ આસમાનને આંબે તેવા સંજોગો વધુ ઉજળા બન્યા

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદર જિલ્લામાં અનેક પ્રવાસન ધામો આવેલા છે તેથી અહીયા વિશાળ સંખ્યામાં ટુરીસ્ટ આવે છે ત્યારે વધુ સારી રીતે પોરબંદર જિલ્લામાં પ્રવાસનધામોનો વિકાસ થાય અને નવા પ્રવાસન ધામોનું નિર્માણ થાય તે માટે સરકા કટિબધ્ધ હોવાનુ જાણવા મળ્યુ છે જેમાં પોરબંદરથી ૩૫ કિ.મી. દૂર હર્ષદ પાસે આવેલા મીયાણીના બીચ ઉપર ગાંધીજીની વિશાળ કદની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ મહાત્મા'નું નિર્માણ કરવામાં આવશે તેની સાથોસાથ સ્કલ્પચર ગાર્ડન પણ બનાવવામાં આવશે તેવી ટુરીઝમ વિભાગે જાહેરાત કરી છે.

પોરબંદર જિલ્લામાં નવા પ્રવાસન ધામો વિકસાવવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે ત્યારે પોરબંદરના આદિત્યાણામાં રહેતા લીલાભાઈ મોઢવાડીયાએ સરકારને રજુઆત કરીને પોરબંદરમાં ગાંધીજી જન્મ્યા હોવાથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું 'સ્ટેચ્યુ ઓફ મહાત્મા' એટલે કે ગાંધીજીની વિશાળ પ્રતિમા મૂકવા માંગ કરી હતી.

આ રજૂઆત અનુસંધાને ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લીમીટેડ દ્વારા તેમને એવો જવાબ આપવામાં આવ્યો છે કે પોરબંદરથી ૩૫ કિ.મી. દૂર મીયાણી બીચ તરફના સ્ટ્રેચ તરફ મહાત્મા ગાંધીની વિશાળ પ્રતિમા સાથે સ્કલ્પચર ગાર્ડન બનાવવા માટે સરકારની સૈધ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે તેમજ આ પ્રોજેકટ માટે આર્કિટેક્ટ કમ કન્સલ્ટન્ટની નિમણૂંકની પ્રક્રિયા પ્રગતિમાં છે તેમજ આ પ્રોજેકટ માટે પોરબંદરના કલેકટરને ટુરીઝમ વિભાગે તા. ૨૪-૪-૨૪ના પત્ર પાઠવેલ છે અને કલેકટર આ પ્રોજેકટ અંતર્ગત જમીનની ફાળવણી કરશે ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યુ છે. અને કલેકટર દ્વારા પણ જમીન પસંદગી ત્વરિત થાય તે માટે યાદી પાઠવવામાં આવી છે.

આ પ્રકારે પોરબંદરના મીયાણી બીચ પર પ્રવાસીઓને આકર્ષવા માટે વિશાળ કદની ગાંધીજીની પ્રતિમાનું નિર્માણ થવાનુ છે ત્યારે આ સમાચારથી હર્ષદ -મીયાણી પંથકમાં પણ ખુશીની લાગણી જોવા મળી છે.

# પોરબંદરમાં ચેક રીટર્નના કેસમાં આરોપીને મળ્યો શંકાનો લાભ

## ૧૨ લાખના પાંચ ચેક પરત ફરતા નોંધાઈ હતી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ફરિયાદ

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદરમાં ચેક રીટર્નના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો થયો છે.

અત્રે પ્રાપ્ત વિગત મુજબ પોરબંદરમાં રહેતા રમેશ જેશંકરભાઈ જોષી સામે ભાવેશ કનૈયાલાલ અગ્રાવતે બે બે લાખના લેણાના બે કેસો અને એક એક લાખના લેણાના બે કેસો એમ કુલ મળી રૂા.૬,૦૦,૦૦૦ છ લાખની રકમ અંગેના કુલ ૪ ચેક રીટર્ન થયા અંગેની ફરીયાદ પોરબંદરની કોર્ટમાં ફરીયાદી ભાવેશભાઈ કનૈયાલાલ અગ્રાવતે દાખલ કરેલી હતી. તેમજ બળવંતરાય રાઘવજી થાનકીએ રમેશ જેશંકરભાઈ જોષી સામે રૂા. ૬,૦૦,૦૦૦ નો ચેક રીટર્ન થયા અંગેની ફરીયાદ દાખલ કરેલી હતી.

ફરીયાદ દાખલ થતા આરોપી રમેશ જેશંકર જોષીને કોર્ટ દ્વારા સમન્સ કરી કોર્ટમાં હાજર રહેવાનું ફરમાવવામાં આવતા આરોપી કોર્ટમાં તેઓના વકીલ સાથે હાજર થયેલા અને આમ કેસની ટ્રાયલ ચલાવવામાંઆવેલી અને આરોપીએ હાથ ઉછીની રકમ લીધેલાનો ઈન્કાર કરેલો.

ફરીયાદી તરફે લેખિત અને મૌખિક પુરાવાઓ રજૂ કરવામાં આવેલા અને આરોપી રમેશ જેશંકર જોષીએ હાથ ઉછીની રકમ લઈ તે રકમ પરત માંગતા ફરીયાદમાં જણાવેલ વિગતે ચેકો આપેલા અને ચેકો વગર વસુલાતે પરત ફરેલા હોય અને તે રીતે આરોપીએ એન.આઈ.એકટની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કરેલાનું સ્પષ્ટ થતુ હોય આરોપી પાસેથી ચેકથી ડબલ રકમ વસુલ મેળવવા તથા આરોપીને સખ્ત જેલની સજા કરવા દલીલો ફરિયાદપક્ષના વકીલો મારફત કરવામાં આવેલી.

ત્યારબાદ આરોપી તરફે આરોપીના વકીલ દ્વારા આરોપી નિર્દોષ છે, કોઈ રકમ ઉછીની લીધેલી નથી તેમજ ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબની રકમ આપવા માટે અસમર્થ હોય, તેવી દલીલો કરેલ તથા તે મુજબ ફરીયાદીની ઉલટ તપાસ પણ કરેલી અને ત્યારબાદ દલીલો કરેલી અને ઉચ્ચ અદાલતોના વિવિધ ચુકાદાઓ ટાંકી આરોપી જેશંકરભાઈ જોષીએ કોઈ ગુન્હો કરેલ ન હોય, તેઓને છોડી મુકવા કાયદાકીય રજૂઆતો સાથે અરજ કરેલી.

બન્ને પક્ષોને સાભળ્યા બાદ ચોથા અધિક ચિફ જ્યુડી. મેજીસ્ટ્રેટ પોરબંદરે તા. ૮-૧૧-૨૦૨૪ના રોજ આરોપી રમેશ જેશંકર જોષીને ઉપરોકત વિગતેના ચેક રીટર્નના શિક્ષાને પાત્ર પાંચ કેસોમાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ અદાલતમાં જાહેર કેલો હતો. આ કામમાં આરોપી પક્ષે પોરબંદરના વકીલ જે.પી.ગોહેલની ઓફિસ તરફથી એમ.જી. શીંગરખીયા, એન.જી. જોષી, એમ.ડી.જુંગી, વી.જી. પરમાર, રાહુલ એમ. શીંગરખીયા, જિજ્ઞેશ ચાવડા, મયુર સવનીયા, પંકજ બી. પરમાર, રીનાબેન ખુંટી રોકાયેલા હતા.

# પોરબંદરના મહિલા ડી.વાય.એસ.પી.નો મોબાઈલ રિહર્સલ વખતે પડી ગયો

## બીજી ઓક્ટોબરના મુખ્યમંત્રી આવે તે પુર્વેના પહેલી ઓક્ટોબરના બંદોબસ્તના સમય દરમિયાન બનેલા બનાવ અંગે હવે પોલીસમાં થયું જાહેર

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદરના મહિલા ડી.વાય.એસ.પી.નો મોબાઈલ ફોન મુખ્યમંત્રીના આગમન માટેના બીજી ઓકટોબરના રિહર્સલ પુર્વે પહેલી ઓકટોબરના પડી ગયાની જાણ હવે લેખિતમાં પોલીસમાં કરવામાં આવી છે.

પોરબંદરના શહેરી ડી.વાય.એસ.પી. ઋતુરાબાએ કમલાબાગ પોલીસ મથકમાં એવી જાણવા જોગ નોંધ કરાવી છે કે,તા.૧.૧૦.૨૦૨૪ ના બપોરે ૧૨:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન નરસંગટેકરીથી કમલાબાગ સુધીમાં રિહર્સલ અને પોલીસ બંદોબસ્ત વખતે તેમનો સેમસંગ કંપનીનો ફોન કયાંક પડીને ગુમ થઈ ગયો છે. અને તેની નોંધ હવે તેમણે તા.૧૨.૧૧ ના સાંજે સવા આઠ વાગ્યે કમલાબાગ પોલીસમાં કરાવી છે.

ઉલ્લેખનીય છે કે,બીજી ઓક્ટોબરે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પોરબંદરમાં કીર્તિમંદિરે સર્વધર્મ પ્રાર્થનાસભામાં આવ્યા હતા અને તેથી તેના આગળના દિવસે પહેલી ઓક્ટોબરે પોલીસના બંદોબસ્ત અને રિહર્સલનું આયોજન કરવામાં આવ્યુ હતુ,આ દોડાદોડી વખતે ડી.વાય.એસ.પી. ઋતુરાબાનો ફોન ગુમ થયો હતો,પરંતુ હજુ સુધી મળ્યો નહી હોવાથી અંતે તેમણે પોલીસમાં લેખિતમાં જાણ કરી છે.

# રંગબાઈ માતાજીના મંદિરે ચાલતી ભાગવત સપ્તાહમાં 'જેઠાલાલે' કથાનુ કર્યુ રસપાન

## શ્રી સમસ્ત જોષી પરિવાર-ગોસા દ્વારા યોજાઈ રહેલ ધર્મોત્સવમાં આવેલા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ દિલીપ જોષીને નિહાળીને લોકો બન્યા રોમાંચિતઃ અનેક શ્રધ્ધાળુઓએ ઓટોગ્રાફ અને ફોટોગ્રાફ લીધા



પોરબંદરના રંગબાઈ માતાજીના મંદિરે ગોસાના જોષી પરિવાર આયોજિત ભાગવત સપ્તાહમાં તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા ફેમ કલાકાર દિલીપભાઈ જોષીએ હાજરી આપી હતી, કૃષ્ણ જન્મોત્સવની પણ ઉજવણી કરવામાં આવી હતી તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ કલાકાર દિલીપ જોષી ઉર્ફે જેઠાલાલ મૂળ પોરબંદરના ગોસાગામના વતની છે અને પોરબંદરથી તેર કિ.મી. દૂર સોમનાથ હાઈવે પર આવેલ રંગબાઈ માતાજી તેમના કુળદેવી છે. ત્યાં તેઓ દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં યોજાતા હવનમાં અચુક હાજરી આપે છે. તેની સાથોસાથ આ વખતે હાલમાં શ્રી સમસ્ત જોષી પરિવાર ગોસા દ્વારા આ દિવ્યમંદિરે યોજાઈ રહેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં ગઈકાલે દિલીપભાઈ જોષીએ હાજરી આપતા કથાનું રસપાન કરવા આવેલા શ્રધ્ધાળુઓ પણ રોમાંચિત બની ગયા હતા.

મૂળ પોરબંદર પંથકના બર્ડાઈ બ્રહ્મસમાજ પરિવારના અને તારક મહેતા કા ઉલ્ટા ચશ્માથી વિશ્વપ્રસિધ્ધ બનેલા કલાકાર દિલીપભાઈ જોષીથી કોઈપણ અજાણ નથી. આ સીરીયલમાં તેઓ જેઠાલાલનું પાત્ર ભજવી રહ્યા છે અને સીરીયલે અનેક રેકોર્ડ તોડયા છે. ફિલ્મ કરતા ટેલીવિઝન ક્ષેત્રે તેમને વધુ સફળતા મળી છે. ભગવાન સ્વામિનારાયણના ભકત એવા દિલીપભાઈ જોષી ખૂબજ ધાર્મિક છે અને દર વર્ષે રંગબાઈ માતાજીના મંદિરે યોજાતા હવનમાં આવતા હોય છે ત્યારે હાલમાં ગોસાના શ્રી સમસ્ત જોષી પરિવાર દ્વારા ગુરુદેવ શ્રી ત્રિકમાચાર્યબાપુના આશીર્વાદથી તા. ૧૫-૧૧ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ યોજાઈ રહી છે જેમાં વ્યાસપીઠ ઉપરથી પોરબંદરવાળા પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી રાજેન્દ્રભાઈ રમણીકભાઈ જોષી કથામૃતનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવી રહ્યા છે ત્યારે આ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના પાવન પ્રસંગોમાં ગઈકાલે શ્રી વામન ભગવાન અવતાર અને શ્રી રામજન્મ સહિત કાર્યક્રમો યોજાયા ત્યારે દિલીપભાઈ જોષીએ ભાગવતકથાનું રસપાન કર્યુ હતુ. ખૂબજ નમ્ર સ્વભાવ ધરાવનારા આ જાણીતા કલાકારને જોઈને કથાનું રસપાન કરવા આવેલા ભકતો રોમાંચિત બની ગયા હતા. સાદગીપૂર્ણ રીતે તેઓએ સહુની સાથે પ્રસાદી લેવાની સાથોસાથ અનેક લોકોએ તેમની સાથે સેલ્ફી લીધી હતી એટલુ જ નહી પરંતુ તેમના ઓટોગ્રાફ લેવા માટે પણ પડાપડી થઈ હતી. બરડાઈ બ્રહ્મસમાજનું ગૌરવ કહી શકાય તેવા આ કલાકાર વર્ષમાં એકથી બે વખત કુળદેવી રંગબાઈ માતાજીના મંદિરે માથુ નમાવવા અચૂક આવે છે. ધાર્મિક કાર્યક્રમોમાં પણ તેઓ અવારનવાર હાજરી આપતા હોય છે ત્યારે ગઈકાલે તેઓ આવ્યા ત્યારે તેમના આગમનની જાણ થતા પોરબંદરથી પણ તેમના અનેક ચાહકો ખાસ વાહનની વ્યવસ્થા કરીને તેમને મળવા માટે દોડી ગયા હતા.

આમ, રંગબાઈ મંદિર ખાતે આબાલ વૃધ્ધ સહુના માનીતા કલાકાર દિલીપભાઈ જોષી આવ્યા હોવાથી લોકોને પણ મોજ પડી ગઈ હતી. તેઓએ કથાનું ધ્યાનમગ્ન બનીને રસપાન કર્યુ હતુ.

# માલ ગામના યુવાનના હત્યારાને શોધવા પોલીસે રાજ્યભરની પોલીસને કરી જાણ

## બાઈક લઈને ફરાર થઇ ગયો હોવાથી તેના નંબરના આધારે વોચ ગોઠવવાનું જણાવીને ફોટો પણ કર્યો જાહેર

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદરના માલ ગામે એન્જીનીયર યુવકની હત્યાના ચાર દિવસ પછી પણ આરોપી પકડાયો નથી તેથી પોલીસે તેનો ફોટો વાયરલ કરીને રાજ્યભરની પોલીસને જાણ કરી છે તથા ક્યાંય પણ આ શખ્શ નજરે ચડે તો તાત્કાલિક કાર્યવાહી કરવા અપીલ કરવામાં આવી છે.

**તા. ૯-૧૧ના થઈ હતી હત્યા**

મૂળ માલ ગામે તથા હાલ ગાંધીનગરના કુડાસન ખાતે રહેતા એન્જીનીયર આનંદ કુમાર પરબતભાઈ ઓડેદરા નામના ૨૫ વર્ષના યુવાને તેના ભાઈ દીપકની ઘાતકી હત્યા અંગેનો તા. ૯-૧૧ના ગુન્હો નોંધાવ્યો હતો જેમાં જણાવ્યુ હતુ કે ફરીયાદી આનંદકુમારને તાવ આવતો હોવાથી તે અને તેનો ભાઈ દીપક બાઈકમાં કુતિયાણા દવા લેવા માટે નીકળ્યા હતા. દીપક બાઈક ચલાવતો હતો અને આનંદ પાછળ બેઠો હતો. ગામમાં રહેતા હાજા મેણંદ પરમારના ઘર પાસે સ્પીડબ્રેકર હોવાથી દીપકે બાઈક ધીમુ પાડ્યુ હતુ. હાજો ત્યાં બાંકડા ઉપર લાકડાનો ધોકો લઈને બેઠો હતો. ત્યારબાદ હાજાએ દીપક પાસે જઈને બે-ત્રણ ધોકા મારી દીધા હતા અને તેની હત્યા કરી બાઈકમાં નાશી



છૂટયો હતો.

**પોલીસે મેસેજ કર્યો વાયરલ**

ગુજરાત સ્ટેટ પોલીસ વાયરલેસ ગ્રીડ (ટ્રાફિક સેકશન)માં મેસેજ મોકલીને પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્ચાર્જ ઈન્સપેકટર આર.કે.કાંબરીયાએ રાજ્યના તમામ પોલીસ મથક જોગ સંદેશો પાઠવીને જણાવ્યુ છે કે મર્ડરના ગુનાનો આરોપી હાજા મેણંદભાઈ પરમાર રહે. માલગામ, વાળો હજુ સુધી ઉપરોકત ગુનાના કામે નાસતો ફરતો હોય અને અટક કરવાનો બાકી હોય અને ગુનો કર્યા બાદ મજકુર આરોપી પોતાની પાસેના હીરો સ્પ્લેન્ડર નં. જી.જે-૨૫-એ.બી.-૯૫૩૧ લઈને નાશી ગયેલ હોય જેથી ઉપરોકત આરોપી તથા મોટરસાયકલની વોચ તપાસમાં રહેવા તથા મજકુર આરોપી આપના વિસ્તારમાંથી મળ્યે કાયદેસરની કાર્યવાહી કરી કુતિયાણા પોલસ સ્ટેશન . તથા એલ.સી.બી. કચેરી પોરબંદરનો સંપર્ક સાધવા જણાવાયુ છે.

કુતિયાણા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર વી.પી.પરમાર મો. નં. ૯૯૧૩૭ ૩૭૩૭૨, કુતિયાણા પોલીસસ્ટેશનના મો. નં.૬૩૫૯૬ ૨૫૮૯૩,તથા એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર પોરબંદર આર.કે.કાંબરીયાના મો. નં. ૯૫૩૭૨ ૬૮૭૭૭ ઉપર સંપર્ક સાધવા જિલ્લા પોલીસ અધિક્ષકની આજ્ઞા મુજબ અપીલ થઈ છે.

# બગવદર પંથકમાં સગીરાના અપહરણ અને બળાત્કારના કેસમાં આરોપીને પડી ૨૦ વર્ષની સજા

## પોણા બે વર્ષ પહેલા નોંધાઈ હતી ફરિયાદઃ રાત્રીના સમયે પાંચ તોલા સોનુ અને ૧૫ હજારની રોકડ સાથે તરૂણી થઇ હતી ગુમ

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

બગવદર પંથકમાં સગીરાના અપહરણ અને બળાત્કારના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સજા પડી છે.

પોરબંદરના ગ્રામ્ય પંથકમાં સગીરાનું પાંચ તોલા સોના અને ૧૫ હજારની રોકડ સાથે અપહરણ કર્યા બાદ તેના ઉપર દુષ્કર્મ આચરનાર શખ્શને કોર્ટે ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને ૨૮૦૦૦ રૂા.નો દંડ ફટકાર્યો છે.

પોરબંદરના બગવદર પંથકમાં રહેતા રાહુલ રાજુભાઈ મકવાણા નામના શખ્શે ગત તા. ૨૨-૩-૨૩ના રાત્રીના સગીરાનું અપહરણ કર્યુ હતુ. સગીરાની માતા સહિતનો પરિવાર સવારે ઉઠયા બાદ જાણ થતા તેઓએ આજુબાજુમાં તથા સગા સંબંધીઓને ત્યાં તપાસ કરતા સગીરા મળી આવી ન હતી અને ઘરમાં તપાસ કરતા સોનાનો સેટ, કાનમાં પહેરવાના લટકણીયા, સગીરા પહેરતી તે સોનાનો ચેન, બે સોનાની વીટી તથા સોનાની બુટી એમ પાંચ તોલા સોનુ તથા રોકડા રૂા. ૧૫,૦૦૦ પણ ઘરમાં મળ્યા ન હતા આથી સગીરાની માતાએ આ અંગે બગવદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસના અંતે રાહુલ વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી પોલીસે કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કર્યુ હતુ. જે કેસ કોર્ટમાં ચાલી જતા પ્રોસીકયુશન તરફે પબ્લિક પ્રોસીકયુટર સુધીરસિંહ બી. જેઠવા દ્વારા ૨૮ દસ્તાવેજી પુરાવાઓ તથા ૧૦ સાહેદો તપાસવામાં આવ્યા હતા. તથા સરકાર તરફે દલીલ કરવામાં આવી હતી જે અનુસંધાને રાહુલભાઈને કસુરવાન ઠરાવી એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ કે.એ.પઠાણની કોર્ટ દ્વારા ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૨૮,૦૦૦ દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે.

# બોખીરાની આવાસ યોજનામાં રાબેતા મુજબ વધુ એક વખત ધડાકાભેર ખર્યા પોપડા

## પોરબંદર નગરપાલિકાનું તંત્ર જાનહાની થાય તેની રાહ જોતુ હોય તેવો ઘાટ ઘડાયોઃ ભ્રષ્ટ તંત્રની નીતિ-રીતિ સામે વધી રહ્યો છે લોક આક્રોશ

### પાંચ હજારમાં ફલેટ લેનારા અનેકે સ્થળાંતર કર્યુ, પચાસ હજાર રૂપિયા રોકનારા ફસાયા !

**પોરબંદરના બોખીરાથી કુછડી જતા રસ્તે ગરીબો માટે બનાવાયેલ આ ૨૪૪૮ ફલેટમાંથી અત્યંત ગરીબોને માત્ર પાંચ હજાર રૂપિયામાં ફલેટની ફાળવણી કરવામા આવી છે જ્યારે મધ્યમવર્ગના લોકોને પચાસ હજારમાં ફલેટ ફાળવાયા છે ત્યારે મહત્વની બાબત એ છે કે પાંચ હજાર રૂા.નુ રોકાણ કરનારા અનેક ગરીબો અહીંથી સ્થળાંતર કરીને ચાલ્યા ગયા છે પરંતુ પચાસ હજાર જેવી રકમનુ રોકાણ કરનારા મધ્યમવર્ગના અનેક લોકો અહીંયા ફસાઈ ગયા છે કારણકે અર્ધો લાખ જેવી રકમ જતી કરી શકે તેમ નથી માટે તેઓ જીવના જોખમે અહીં જીવન પસાર કરી રહ્યા છે.**

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદરના બોખીરા વિસ્તારમાં ગરીબો માટે બનાવાયેલ આવાસ યોજનામાં વધુ એક વખત છતમાંથી ધડાકાભેર પોપડા ખરતા નાશભાગ થઈ હતી. આ પ્રકારની પરિસ્થિતિ વારંવાર ઉભી થઈ રહી છે છતા પોરબંદર નગરપાલિકાનું તંત્ર સમારકામ કરાવતુ નથી તેથી કોઈનો જીવ જાય તેની તંત્ર રાહ જોતુ હોય તેવો ઘાટ ઘડાઈ રહ્યો છે તેથી પોરબંદર નગરપાલિકાની આ નીતિ સામે લોકઆક્રોશ વધવા પામ્યો છે.પોરબંદર શહેરમાં મિશન સીટી યોજના હેઠળ ગરીબો માટેની આવાસ યોજનાનું નિર્માણ બોખીરા વિસ્તારમાં કરવામાં આવ્યુ છે. આવાસ નિર્માણની શરૂઆતથી જ તેની ગુણવત્તા પર સવાલો ઉઠયા હતા અને આ મામલે કોંગ્રેસ દ્વારા ગંભીર આક્ષેપ પણ કરાયા હતા. ૨૪૪૮ ફલેટમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો વસવાટ કરી રહ્યા છે. તેનું બાંધકામ ખૂબજ નબળુ થયુ હોવાના કારણે અનેક વખત છતના પોપડા ખરવાના બનાવ બન્યા છે ત્યારે આવાસ યોજનામાં ૪૮ નંબરના બ્લોકમાં ફલેટની લોબીની છતના પોપડા ખરતા નાસભાગ મચી હતી. સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી. મોટા ભાગના ફલેટ જર્જરિત હોવાથી લોકો જીવના જોખમે વસવાટ કરી રહ્યા છે. દીવાલોમાં અને છતમાં ઠેર ઠેર તિરાડો જોવા મળે છે અનેક સ્થળોએ પાઈપલાઈન અને પાણીના ટાંકા પણ લીકેજ છે. જેના લીધે થોડા સમય પૂર્વે જ એક પંખો સળગ્યો હતો. વારંવાર અકસ્માત સર્જાવા છતા પાલિકા તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી. આથી સ્થાનિકોએ એવો સવાલ કર્યો છે કે કોઈનુ મોત થશે કે મોટો અકસ્માતથશે ત્યારબાદ જ પાલિકાની ઉંઘ ઉડશે કે કેમ? પાલિકા તંત્રએ આળસ ત્યજી વહેલીતકે સર્વે હાથ ધરી સમારકામ કરવુ જોઈએ તેવી માંગ ઉઠી છે.



પોરબંદરના બોખીરામાં આવેલી આવાસ યોજના ખાતે લોબીમાં પોપડા ખરતા નાશભાગ મચી હતી કોઈને જાનહાની કે ઈજા થયા નથી પરંતુ કોઈનો જીવ જાય તેની નગરપાલિકાનું તંત્ર રાહ જોઈ રહ્યુ છે કે શું? તેવા સવાલો આ તસ્વીર જોતા જણાઈ રહ્યા છે (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

### છ મહિનામાં અઢારમો બનાવ બન્યો

**પોરબંદરના બોખીરામાં આવેલી આવાસયોજનામાં મોટાભાગની છત બિસ્માર થઈ ગઈ છે અને તેનુ કારણ આ છત ઉપર રાખવામાં આવેલા લીકેજ ટેન્ક છે તે ઉપરાંત અત્યંત નબળી ગુણવત્તાવાળી કામગીરીને કારણે પણ આવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે ત્યારે છેલ્લા છ મહિનામાં ફલેટ અને લોબીમાં સ્લેબના પોપડા ખરવાનો આ અઢારમો બનાવ બન્યો છે તેમ છતાં પણ પોરબંદર નગરપાલિકાનું તંત્ર સમારકામ કરાવવા માટે જાગૃત બનતુ નથી તે શરમજનક છે.**

### ધરતીકંપનો હળવો આંચકો પણ પત્તાના મહેલની માફક આવાસ યોજનાને કરી શકે છે ધરાશાયી

**સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક સમયથી ધરતીકંપના આંચકા આવી રહ્યા છે ત્યારે પોરબંદરમાં જો ધરતીકંપનો હળવો એવો આંચકો પણ આવશે તો તે આ સમગ્ર આવાસ યોજનાના ફલેટને પત્તાના મહેલની માફક જમીનદોસ્ત કરી દેશે તેવી પૂરેપૂરી શકયતા જણાઈ રહી છે માટે પોરબંદર નગરપાલિકાના તંત્રએ વહેલીતકે આવાસયોજનાના તમામ ફલેટનું જરૂરિયાત પ્રમાણે સમારકામ કરાવવુ ખૂબ જરૂરી બન્યુ છે.**

# કલ્યાણપુર પંથકમાં ઉતરેલી લુટારૂ ટોળકી સામે જાગૃત બનવા ગ્રામજનોને જણાવાયું

## બરડાપંથકના ગામડાઓમાં મદદ માંગવાના બહાને હુમલો અને લુંટફાટ કરતી ટોળકી સામે જાગૃત બનવા થઈ મહત્ત્વની અપીલ

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

તાજેતરમાં દેવભુમિ દ્વારકા જીલ્લાના કલ્યાણપુર પોલીસ સ્ટેશનના ગામડામાં લુંટનો બનાવ બન્યો છે,તેથી બરડાપંથકના ગામડાઓમાં મદદ માંગવાના બહાને હુમલો અને લુંટફાટ કરતી ટોળકી સામે જાગૃત બનવા અપીલ કરવામાં આવી છે.

પોરબંદર જિલ્લાના ગ્રામ્યપંથકના લોકોને જણાવવાનું કે,કોઈ અજાણી વ્યકિત સ્ત્રી કે પુરૂષ કોઈપણ સમયે તમારા ઘરનો દરવાજો ખખડાવે અથવા બીજી કોઈ રીતે મદદ માંગવાના બહાને તમારું ઘર ખોલાવે છે,પછી તમારા ઉપર હુમલો કરે છે અને તમારા સોનાના દાગીના,રૂપિયા, કિંમતી હીરા માણેકની લુંટફાટ કરે છે માટે આવી અજાણી વ્યકિત માટે ઘરના ખોલવું અને તમારા સોનાના દાગીના,રૂપિયા, કીમતી હીરા માણેક સાચવીને રાખવા શકય હોય તો બેંકના લોકરમાં મુકવા અને આવી અજાણ વ્યકિત તમારા કોઈ ગ્રામજન સાથે સંપર્કમાં આવે કે તમારી સાથે આવી ઘટના બને તો તરત જ પોલીસનો સંપર્ક કરવો આપણા નજીકના જિલ્લા દેવભુમિ દ્વારકાના કલ્યાણપુર પોલીસ સ્ટેશનના ગામડાના વિસ્તારમાં લુંટનો બનાવ બનવા પામેલ છે માટે સતર્ક રહેવા સુચના આપી છે.

*પોરબંદર જિલ્લાના ચડતા દિવસો .... ચડતુ વર્ષ*

# બગવદર-ભારવાડા વચ્ચે વિદેશી કંપની અબજો રૂપિયાનું રોકાણ કરે તેવા સંજોગો ઉજળા બન્યા

## કેન્દ્રીય મંત્રીએ આપ્યા સંકેતઃ જમીન સંપાદન માટેની કાર્યવાહી પણ ટૂંક સમયમાં થશેઃ ખેડૂતોને દબાણ દુર કરવા અપાઈ રહી છે નોટીસ

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદરમાં કોઈ મોટા ઉદ્યોગો નહી હોવાથી વર્ષોથી બેરોજગારી અને મંદીનું પ્રમાણ વધારે જોવા મળે છે પરંતુ ગત લોકસભાની ચૂંટણીમાં સાંસદ તરીકે પોરબંદરવાસીઓએ ડો. મનસુખ માંડવીયાને ચૂંટીને સંસદભવનમાં મોકલ્યા છે ત્યારે તેમણે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા યોજાયેલા સ્નેહમિલનમાં એવુ જણાવ્યુ હતુ કે પોરબંદરના બગવદર અને ભારવાડા વચ્ચે વિદેશી કંપની અબજો રૂપિયાનુ રોકાણ કરવા જઈ રહી છે ત્યારે તે અંગે આંતરિક વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ તે અંગેની જમીન સંપાદનની કાર્યવાહી પણ ટૂંક સમયમા થનાર છે.

કેન્દ્રીય શ્રમમંત્રી ડો. મનસુખ માંડવીયાએ તાજેતરમાં પોરબંદર ખાતે બે દિવસ સુધીનો સમય પસાર કર્યો હતો અને અલગ-અલગ કાર્યક્રમોમાં તેઓએ ભાગ લીધો હતો ત્યારે તેમણે આડકતરી રીતે ઉલ્લેખ કરીને જણાવ્યુ હતુ કે વિદેશની એક કંપની ૩૦ હજાર કરોડ રૂપિયાનુ રોકાણ કરવા ઈચ્છે છે અને કાગળનો માવો બનાવવા માટેની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે રીતે તે આગળ વધવા માંગે છે ત્યારે ડો. મનસુખ માંડવીયાએ તેઓને પોરબંદર જિલ્લામાં મૂડીરોકાણ કરવાથી ફાયદો થશે તેમ જણાવીને પોતાના જ મતવિસ્તારમાં કંપની સ્થાપવા નિમંત્રણ પાઠવ્યુ હતુ.

સાંસદ ડો. મનસુખ માંડવીયાના આ શબ્દો ઉપર આગળની તપાસ હાથ ધરવામાં આવતા પોરબંદરના બગવદર અને ભારવાડા વચ્ચે કેટલાક સમયથી કંપની દ્વારા સર્વે થઈ રહ્યો હોવાનુ જાણવા મળ્યુ છે અને આ વિસ્તારમાં જમીન પર થયેલા દબાણ અંગે પણ નોટીસ આપવામાં આવેલી હોવાનું જાણવા મળ્યુ છે ત્યારે જમીન સંપાદન અંગેની કાર્યવાહી પણ આગળ વધી રહી હોવાનું ચર્ચાઈ રહ્યુ છે તેથી જો બધુ સમુસુતરુ પાર ઉતરે તો પોરબંદર જિલ્લાનો ઔદ્યોગિક ક્ષેત્રે ફરી દાયકો આવે તેવુ નવા વર્ષે જણાઈ રહ્યુ છે. સ્વાભાવિક રીતે જ પોરબંદર જિલ્લો ઔદ્યોગિક રીતે પછાત છે તો બીજી બાજુ સમુદ્ર, રેલ્વે અને હવાઈ માર્ગે તમામ પ્રકારની ફેસેલીટી ઉપલબ્ધ છે તેથી જો પોરબંદરના આ પંથકમાં વિદેશી કંપની મૂડીરોકાણ કરે તો માત્ર પોરબંદરને જ નહી પરંતુ રોકાણકર્તાને પણ જબરો ફાયદો થશે તેવુ જણાઈ રહ્યુ છે ત્યારે મનસુખ માંડવીયાએ તેમના ઉદ્બોધનમાં વિક્રમ સંવંત ૨૦૮૧નુ વર્ષ શુકનવંતુ નીવડશે તેવુ જણાવ્યુ હતુ. ત્યારે પોરબંદર માટે આ વર્ષ શુકનવંતુ નીવડે તેવો આશાવાદ દર્શાવાયો છે.

# દ્વારકા- સોમનાથ હાઈવે પર બોટાદ ગામના વિદ્યાર્થીનો ૨૯,૯૯૯ નો ફોન પડી ગયો

## ત્રણ માઈલ નજીક હાઈવે પર નાસ્તો કરવા માટે ઊભો રહ્યો એ દરમિયાન બન્યો બનાવ

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

દ્વારકા થી સોમનાથ પોતાના પરિવાર સાથે જતો બોટાદનો યુવાન વિદ્યાર્થી પોરબંદરના ત્રણ માઈલ નજીક હાઈવેની હોટલ પાસે નાસ્તો કરવા ઉભો રહ્યો,ત્યારે તેનો ૨૯,૯૯૯ નો ફોન ખિસ્સામાંથી પડી જતા પોલીસને જાણ કરવામાં આવી છે.

બોટાદ ગામે બોટાદ-ગઢડા રોડ પર કિરીટ વાડીમાં રહેતા અને અભ્યાસ કરતા અર્પિત પ્રવીણભાઈ ગાબાણી નામના ૧૯ વર્ષના યુવાને ઉદ્યોગનગર પોલીસ મથકમાં એવું જાહેર કર્યું છે કે,તા.૯/૧૧ ના તેના પરિવાર સાથે દ્વારકા દર્શન કરીને પરત તેના ઘરે જતો હતો,ત્યારે દ્વારકા-સોમનાથ હાઈવે પર પોરબંદરના ત્રણ માઈલ નજીક કેદાર હોટલ પાસે નાસ્તો કરવા ઉભો હતો,એ દરમિયાન તેના ખિસ્સામાંથી ૨૯,૯૯૯ નો ફોન પડી ગયો હતો.તા.૯/૧૧ ના બનેલા બનાવ અંગે ત્રણ દિવસ પછી પોલીસમાં જાણ કરવામાં આવી છે ત્યારે ઉદ્યોગનગર પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# મહોબતપરાના આધેડનું કુદરતી રીતે અથવા હાર્ટએટેકથી નીપજયું મોત

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદર નજીકના કુતિયાણા તાલુકાના મહોબતપરા ગામે રહેતા આધેડનું હાર્ટએટેકથી અથવા કુદરતી રીતે મોત નીપજતા પોલીસમાં નોંધ કરવામાં આવી છે.મહોબતપરાના વાડી વિસ્તારમાં રહેતા રૂપીબેન મેરૂભાઈ પરમાર (મંડેરા) દ્વારા કુતિયાણા પોલીસ મથકમાં એવું જાહેર કરવામાં આવ્યું છે કે,મેરૂભાઈ વજશીભાઈ પરમાર મંડેરા (ઉ.વ.૫૭) તેના મકાને કુદરતી રીતે અથવા હાર્ટએટેક આવવાથી મૃત્યુ પામ્યા છે. આગળની તપાસ કુતિયાણાના પોલીસ સબ ઈન્સ્પેકટર કે.એન. ઠાકરીયા ચલાવે છે.

